અમદાવાદ એક્સપ્રેસ

Ahmedabad Express | Ahmedabad | RNI No.GUJGUJ/2011/40654

27 AUGUST-2026 THURSDAY

વર્ષ-15 । અંક-283 । વિક્રમ સંવત-2082 । શ્રાવણ સુદ-15 । પાના-12 । કિંમત 3/- । અમદાવાદ ▪ અમદાવાદ, વડોદરા, સુરતથી પ્રસિદ્ધ થતું દૈનિક

પેજ-08

બોલિવૂડ એક્ટ્રેસ ઉર્વશી રૌતેલાએ તિરંગા ગાઉન પહેર્યો....

પેજ-09

યુએસ ઓપનમાં જોકોવિચ અને સબાલેન્કાની હાર....

હવામાન

શહેર	મહત્તમ	લઘુત્તમ
અમદાવાદ	33.00	27.00
વડોદરા	33.00	27.00
સુરત	31.00	27.00

પેજ 7

પર્પલ સ્ટાઇલ લેબ્સ લિમિટેડનો પ્રારંભિક જાહેર ભરણું (IPO) સોમવાર....

પેજ 10

અમેરિકા વિઝા રોકથી વિદેશ જવાના ઈચ્છુકોને લાગ્યો મોટો આંચકો....

.....સુવિચાર.....

જે તમને સમજે છે એમને તમારી ચોખવટની જરૂર નથી, જે તમને નથી સમજતા એની પાસે ચોખવટ કરવાનો શું મતલબ?

વિનાશક પૂરને પગલે લગભગ 400 લોકો ગુમ થયાના અહેવાલ, જેમાં ઓછામાં ઓછા 105 ભારતીયોનો સમાવેશ થાય છે

નેપાળમાં ભારે વિનાશક પૂરે મચાવી તબાહી

▪ જોતજોતામાં જ ફ્રેન્ડશીપ બ્રિજ પાણીના પ્રવાહમાં ધોવાયો

(એજન્સી) નેપાળ । તા.26

નેપાળમાં અચાનક આવેલા ભયંકર પૂરે ભારે વિનાશ મચાવ્યો છે. આ ભીષણ પૂરને કારણે, ઓછામાં ઓછા 105 ભારતીય નાગરિકો સહિત આશરે 400 લોકો ગુમ થયાના અહેવાલ છે. ઓછામાં ઓછા 46 લોકોએ જીવ ગુમાવ્યા હોવાના અહેવાલ છે, અને અસંખ્ય વસાહતો અને ઈમારતોને વ્યાપક નુકસાન થયું છે. દરમિયાન, ભારત પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહ્યું છે. ભારતીય વાયુસેનાનું એક વિમાન નેપાળને મદદ કરવા માટે 10 ટન માનવતાવાદી સહાય અને આપત્તિ રાહત (HADR) પુરવઠો અને આવશ્યક દવાઓ સાથે રવાના થયું છે. વધુમાં, NDRF પૂર રાહત ટીમને સ્ટેન્ડબાય પર રાખવામાં આવી છે. સેન્ટ્રલ વોટર કમિશન (CWC) અને મીડિયા રિપોર્ટ્સ અનુસાર, ભારતીય સરહદથી આશરે 160 કિમી દૂર નેપાળમાં ફુરકે ખોલાની નજીક ત્રિશુલી નદીના પાણીના સ્તરમાં અચાનક વધારો થયો હોવાનું નોંધાયું છે. આ ઉછાળો નેપાળ-ચીન સરહદ નજીક ગ્લેશિયલ લેક આઉટબર્સ્ટ ફ્લડ (GLOF) જેવી પ્રવૃત્તિને આભારી છે. પરિણામે, એવી શક્યતા છે કે પૂરનો ઉછાળો ગંડક નદીમાં વહેશે. બિહાર અને ઉત્તર પ્રદેશના સ્થાનિક અધિકારીઓને, ખાસ કરીને ભારત-નેપાળ સરહદ નજીક ગંડક નદીના કિનારાના વિસ્તારોમાં, સતર્ક રહેવા અને પરિસ્થિતિ પર નજીકથી નજર રાખવાની સલાહ આપવામાં આવી છે.

આવેલા આ પૂરમાં 95 લોકોનાં મોત થયાં

આકસ્મિક પૂરનું કારણ શું છે?

નેપાળની ભોટે કોશી નદીમાં પાણીના સ્તરમાં અચાનક વધારો થવાનું ચોક્કસ કારણ હજુ સ્પષ્ટ નથી, પરંતુ જળવિજ્ઞાન અને હવામાન વિભાગે સ્પષ્ટતા કરી છે કે રાસુવામાં વરસાદને કારણે પૂર આવ્યું નથી. જોકે, અધિકારીઓ તપાસ કરી રહ્યા છે કે શું આ પૂર હિમનદી તળાવ ફાટવાથી, ભૂસ્ખલનથી કે સરહદની તિબેટી બાજુએ કોઈ અન્ય ઘટનાને કારણે થયું છે. અહેવાલો અનુસાર, આ વિનાશક પૂરને કારણે રાસુવા સૌથી વધુ અસરગ્રસ્ત જિલ્લો તરીકે ઉભરી આવ્યો છે. તિમુરે અને સ્યાફ્રુબેસી જેવા વિસ્તારોમાં પણ નોંધપાત્ર નુકસાન થયું છે. કસ્ટમ સંકુલમાં રાખેલા વાહનો અને માલ ધોવાઈ ગયા હતા, અને તાજેતરમાં બનાવેલ પુલ નાશ પામ્યો હતો. નદી કિનારે આવેલી અનેક વસાહતોને પણ અસર થઈ છે, જેમાં સ્યાફ્રુબેસી, બેત્રાવતી, મૈલુંગ, સલેતર, શાંતિબજાર, પૈરેબેસી, ખલતી બસ્તી, સોલ, ત્રિશુલી અને બટ્ટરનો સમાવેશ થાય છે.

ભારત નેપાળને માનવતાવાદી સહાય પૂરી પાડશે - PM મોદી

પીએમ મોદીએ X પર પોસ્ટ કર્યું, 'નેપાળના વડા પ્રધાન બાલેન્દ્ર શાહ સાથે વાત કરી અને પૂરને કારણે થયેલા જાનમાલના નુકસાન પર સંવેદના વ્યક્ત કરી. આ મુશ્કેલ સમયમાં, ભારતના લોકો નેપાળમાં તેમના ભાઈઓ અને બહેનો સાથે એકતામાં ઉભા છે. ભારત નેપાળને શક્ય તેટલી માનવતાવાદી સહાય પૂરી પાડવા માટે તૈયાર છે. અમારી ટીમો બચાવ અને રાહત કામગીરીમાં સાથે મળીને કામ કરી રહી છે.'

સરકારે નેપાળમાં ગુમ થયેલા ભારતીયોને શોધવા જ જોઈએ : રાહુલ ગાંધી

રાહુલ ગાંધીએ પોતાની પોસ્ટમાં આગળ લખ્યું, 'હું ભારત સરકારને વિનંતી કરું છું કે નેપાળી અધિકારીઓ સાથે સંકલનમાં રહીને ગુમ થયેલા ભારતીય નાગરિકોને શોધવા અને તેમના સુરક્ષિત પરત ફરવાની ખાતરી કરવા માટે શક્ય તેટલા બધા પ્રયાસો કરે. હું નેપાળના લોકો અને આ દુ:ખદ આફતથી પ્રભાવિત દરેક વ્યક્તિ સાથે એકતામાં ઉભો છું.'

પૂરમાં લગભગ 300 વિદેશી નાગરિકો ગુમ : નેપાળ ટુરિઝમ બોર્ડના જણાવ્યા અનુસાર, અચાનક પૂરને કારણે આશરે 400 લોકો - જેમાં 291 વિદેશી નાગરિકો અને 93 નેપાળી નાગરિકોનો સમાવેશ થાય છે - ગુમ થયાના અહેવાલ છે. વિદેશી નાગરિકોમાં, 105 ભારતીય પ્રવાસીઓ અને 37 NRI છે. ગુમ થયેલા વ્યક્તિઓની યાદીમાં યુએસ, મલેશિયા, યુકે, દક્ષિણ આફ્રિકા, ઓસ્ટ્રેલિયા અને નેધરલેન્ડના પ્રવાસીઓનો પણ સમાવેશ થાય છે, જ્યારે કેટલાક અન્ય લોકોની રાષ્ટ્રીયતાની પુષ્ટિ હજુ બાકી છે. નેપાળ સેના, સશસ્ત્ર પોલીસ દળ અને નેપાળ પોલીસ સાથે, શોધ અને બચાવ કામગીરી માટે તૈનાત કરવામાં આવી છે. અસરગ્રસ્ત વિસ્તારોમાં ફસાયેલા લોકોને શોધવા અને મદદ કરવા માટે ચૌદ હેલિકોપ્ટર, તેમજ ડ્રોન અને સ્નિફર ડોગ્સનો ઉપયોગ કરવામાં આવી રહ્યો છે.

NDRF ટીમો હાઇ એલર્ટ પર, ઈમરજન્સી સેવાઓ માટેના મહત્ત્વના હેલ્પલાઇન નંબર જાહેર કરાયા

બિહારના મુખ્યમંત્રીએ પરિસ્થિતિની સમીક્ષા કરી છે, ખાસ કરીને ગંડક નદીના કિનારા પર; આ મૂલ્યાંકનને પગલે, પશ્ચિમ ચંપારણ અને મુઝફ્ફરપુરમાં NDRFની બે ટીમો તૈનાત કરવામાં આવી છે. હાલમાં બિહારમાં કુલ નવ ટીમો તૈનાત છે. રાજ્ય સરકાર પરિસ્થિતિ પર નજીકથી નજર રાખી રહી છે, અને જો જરૂરી હોય તો વધારાની NDRF ટીમો તૈનાત કરવામાં આવશે. નેપાળ પ્રવાસન બોર્ડ દ્વારા જાહેર કરાયેલા નિવેદન મુજબ, કોઈપણ કટોકટીની સેવા માટે હોટલાઈન નંબર 1144 અને ટુરિસ્ટ પોલીસના નંબર 9851289445 પર ફોન કરીને માહિતી મેળવી શકાય છે.

નેપાળમાં વિનાશ, બિહાર માટે પૂર ચેતવણી... NDRF તૈનાત

(એજન્સી) બિહાર । તા.26

નેપાળના ઉપરના વિસ્તારોમાં અચાનક પૂર અને ગંડક નદીના પ્રવાહમાં અચાનક વધારા અંગે ચિંતા વચ્ચે, નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરીએ બુધવારે ઉચ્ચ સ્તરીય કટોકટી સમીક્ષા બેઠક બોલાવી હતી. અધિકારીઓના રહેણાંક સંકુલમાં 'સંકલ્પ હોલ' ખાતે યોજાયેલી આ બેઠકમાં નાયબ મુખ્યમંત્રીએ અસરગ્રસ્ત જિલ્લાઓના વહીવટીતંત્રને ઉચ્ચ ચેતવણી પર રહેવા અને વિલંબ કર્યા વિના પૂરની તૈયારીના તમામ પગલાંને અંતિમ સ્વરૂપ આપવા સૂચના આપી હતી. એક મોટી ચિંતા એ છે કે નેપાળના ઉપરના વિસ્તારોમાં અચાનક પૂરને કારણે ગંડક નદીમાં અચાનક પૂરના મોજા - લગભગ ત્રણ મીટરની ઊંચાઈ સુધી પહોંચવાની શક્યતા છે.

પરિણામે, વહીવટીતંત્રે ઉત્તર બિહારના નદી કિનારાના વિસ્તારોમાં દેખરેખ વધુ તીવ્ર બનાવી છે. નાયબ મુખ્યમંત્રીએ અધિકારીઓને નેપાળમાં વિકસતી પરિસ્થિતિ અને ત્યાંથી બિહાર તરફ વહેતા પાણીના પ્રવાહ પર સતત નજર રાખવા નિર્દેશ આપ્યો. ખાસ કરીને ગંડક નદી કિનારાના જિલ્લાઓના વહીવટીતંત્રને કોઈપણ ઘટના માટે તૈયાર રહેવા સૂચના આપવામાં આવી છે.પશ્ચિમ ચંપારણ, પૂર્વ ચંપારણ, ગોપાલગંજ, સારણ, મુઝફ્ફરપુર અને વૈશાલીમાં ખાસ તકેદારી રાખવા નિર્દેશ આપવામાં આવ્યા છે. વધુમાં, સીતામઢી અને શિવહર સહિત અન્ય સંવેદનશીલ જિલ્લાઓમાં નદીઓ અને નીચાણવાળા વિસ્તારોનું સતત નિરીક્ષણ રાખવા સૂચના આપવામાં આવી છે.

તટો પર ચોવીસ કલાક નજર : સંભવિત પૂરના ભયને ધ્યાનમાં રાખીને, નાયબ મુખ્યમંત્રીએ બંધો અને બંધોની સલામતીને પ્રાથમિકતા આપી છે. અધિકારીઓને તાત્કાલિક કાર્યવાહી માટે બંધોના સંવેદનશીલ વિસ્તારોને ઓળખવા અને ખાસ રાત્રિ પેટ્રોલિંગ અમલમાં મૂકવા નિર્દેશ આપવામાં આવ્યો છે. જિલ્લા મેજિસ્ટ્રેટને નદીના પાણીના સ્તર, બંધો, પુલ અને પુલ, નીચાણવાળા વિસ્તારો અને અન્ય સંવેદનશીલ સ્થળો પર સતત નજર રાખવા સૂચના આપવામાં આવી છે. ગંડક બેરેજના બધા 36 દરવાજા ખોલવામાં આવ્યા. પાણીના પ્રવાહમાં વધારો થવાની ધારણાએ, વાલ્મીકિનગર ખાતે ગંડક બેરેજના બધા 36 દરવાજા ખોલવામાં આવ્યા છે. બેરેજ પર અધિકારીઓ અને ઈજનેરોની ટીમ તૈનાત કરીને દેખરેખ વધુ તીવ્ર બનાવવામાં આવી છે.

સરકારને ૩ દિવસનું અલ્ટીમેટમ, માંગણીઓ પૂરી નહીં થાય તો ખંભાળિયામાં આંદોલન શરૂ થશે

આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ સંગઠન અને પ્રદેશ કિસાન સેલ પ્રમુખ પ્રવીણ રામે મહત્વપૂર્ણ મુદ્દાને લઈને કરી જાહેરાત

સૌરાષ્ટ્ર-ઉત્તર ગુજરાતમાં દુષ્કાળ જાહેર કરવા ઈસુદાન ગઢવીના નેતૃત્વમાં અનિશ્ચિત કાળના પ્રતીક ધરણાનું એલાન : ગુજરાતના દ્વારકા, જામનગર અને કચ્છ સહિતના વિસ્તારોમાં ૧૦ ઇંચથી ઓછો વરસાદ હોવાથી તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા માંગ : પ્રવીણ રામ AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટીના પ્રદેશ ફ્રન્ટલ સંગઠન અને પ્રદેશ કિસાન સેલના પ્રમુખ પ્રવીણ રામે એક મહત્વપૂર્ણ પ્રેસ કોન્ફરન્સ યોજીને ગુજરાતની જનતા માટે અગત્યની જાહેરાત કરી હતી. તેમણે જણાવ્યું કે દેવભૂમિ દ્વારકા, પોરબંદર, જામનગર, કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના અનેક ભાગોમાં ભારે અછત અને દુષ્કાળ જેવી વિષમ પરિસ્થિતિ સર્જાઈ છે. ભારત સરકાર અને રાજ્ય સરકારના 'દુષ્કાળ મેન્યુઅલ ૨૦૧૬'ના નિયમો અનુસાર, જે વિસ્તારમાં ૧૦ ઈંચ કરતાં ઓછો વરસાદ થયો હોય અથવા સતત ૨૮ દિવસ સુધી વરસાદ ન પડ્યો હોય, તેને નિયમ અને નીતિ મુજબ દુષ્કાળગ્રસ્ત જાહેર કરવો પડે. વર્તમાન સ્થિતિ જોઈએ તો દેવભૂમિ દ્વારકા જિલ્લામાં માત્ર ૨ ઈંચ (સરેરાશના માત્ર ૬%), અને જામનગરમાં ૭.૫ ઈંચ વરસાદ નોંધાયો છે. આ ઉપરાંત જૂનાગઢ, રાજકોટ, ગોધરા, કોટડા સાંગાણી, બનાસકાંઠા સહિત સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના મોટા ભાગોમાં ૧૦ ઈંચથી ઓછો વરસાદ છે અને ૨૮ દિવસ કરતાં વધુ સમયથી વરસાદ પડ્યો નથી. આમ, તમામ નિયમો અને માપદંડો પૂર્ણ થતા હોવા છતાં સરકાર આ વિસ્તારોને દુષ્કાળગ્રસ્ત જાહેર કરતી નથી. કૃષિમંત્રી અને દ્વારકા જિલ્લાના પ્રભારી મંત્રી માત્ર વાતો કરે છે પરંતુ ખેડૂતોની સહાય માટે તેમની પાસે કોઈ નક્કર યોજના નથી. 'આપ' ખેડૂત નેતા પ્રવીણ રામે વધુમાં

જણાવ્યુ હતુ કે આ પરિસ્થિતિને ધ્યાને રાખીને આમ આદમી પાર્ટીએ પ્રેસના માધ્યમથી ભાજપ સરકારને ૩ દિવસનું અલ્ટીમેટમ આપ્યું છે. જો આ સમયગાળામાં અમારી માંગણીઓ પૂરી કરવામાં નહીં આવે, તો આગામી 29 તારીખે સવારે ૧૧:૦૦ વાગ્યે ખંભાળિયાની વાણિજ્ય કોલેજ બાજુના મેદાનમાં ઈસુદાનભાઈ ગઢવીના નેતૃત્વમાં 'દુષ્કાળ ઘોષણા સત્યાગ્રહ' શરૂ કરવામાં આવશે. આ સત્યાગ્રહમાં ઈસુદાનભાઈ ગઢવી અનિશ્ચિત કાળના પ્રતીક ધરણા પર બેસશે. આ આંદોલનની મુખ્ય ૪ માંગણીઓ છે: (૧) ૧૦ ઈંચથી ઓછો વરસાદ ધરાવતા અને ૨૮ દિવસથી વરસાદ ન પડ્યો હોય તેવા દ્વારકા, જામનગર, પોરબંદર, કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના વિસ્તારોને તાત્કાલિક દુષ્કાળગ્રસ્ત જાહેર કરવા, (૨) તમામ અસરગ્રસ્ત વિસ્તારોમાં તાત્કાલિક ધોરણે સિંચાઈનું પાણી પૂરું પાડવું, (૩) પશુપાલકો માટે ઘાસચારાની તંગી દૂર કરી તાત્કાલિક ઘાસચારો પૂરો પાડવો, અને (૪) જ્યાં આવી વિષમ પરિસ્થિતિ છે ત્યાં ખેડૂતોના વીજબિલ માફ કરવા.

પ્રવીણ રામે જાહેરાત કરી કે તેઓ તથા પાર્ટીના તમામ નેતાઓ આ સત્યાગ્રહને સમર્થન આપશે. તેમણે દ્વારકા, જામનગર, પોરબંદર, કચ્છ, સૌરાષ્ટ્ર અને ઉત્તર ગુજરાતના તમામ ખેડૂતોને આહવાન કર્યું કે 'જાગો ખેડૂતો જાગો, અને હવે ખંભાળિયા પહોંચીને હક માંગો.' તેમણે ખેડૂતોને પોતાની એકતા દર્શાવી ધરણામાં જોડાવા વિનંતી કરી અને સરકારને ચેતવણી આપી કે દુષ્કાળ મેન્યુઅલ ૨૦૧૬ નો તુરંત અમલ કરવામાં આવે અથવા ખેડૂતોના આક્રોશનો સામનો કરવા તૈયાર રહે.

સ્થાનિકોને માત્ર ₹૧૭,૦૦૦ અને બહારના લોકોને લાખો રૂપિયા!: નિરંજન વસાવા AAP

અમદાવાદ | આમ આદમી પાર્ટી ગુજરાત પ્રદેશના સંગઠન મંત્રી અને નર્મદા જિલ્લા પ્રમુખ નિરંજન વસાવાએ જણાવ્યું હતું કે, નર્મદા જિલ્લામાં આવેલા સરદાર સરોવર ડેમ ખાતે વિદ્યુત ઉત્પાદન કરતી મેલકો ઈન્ડિયા પ્રાઈવેટ લિમિટેડ કંપનીમાં છેલ્લા ૨૦ થી ૨૫ વર્ષથી સ્થાનિક કર્મચારીઓ નિષ્ઠાપૂર્વક નોકરી કરી રહ્યા છે. જેમાંથી અનેક વડીલ કર્મચારીઓની ઉંમર ૫૦ થી ૫૭ વર્ષ થઈ ચૂકી હોવા છતાં, તેમને લઘુત્તમ વેતન પેટે માત્ર ૧૭,૦૦૦ રૂપિયા જ આપવામાં આવે છે. તેમની પાસે વધારે જવાબદારી અને અનુભવ હોવા છતાં તેમના કૌશલ્ય (સ્કિલ) મુજબ હોદ્દો કે યોગ્ય વેતન આપવામાં આવતું નથી. બીજી તરફ, બહારની એજન્સીઓ દ્વારા લાવવામાં આવતા લોકોને ૫૦ હજારથી લઈ ૧ લાખ રૂપિયા સુધીનો અધધ પગાર આપવામાં આવે છે. આ અન્યાય સામે સ્થાનિક કર્મચારીઓએ અગાઉ પણ હડતાલ કરી હતી અને મંત્રીઓ સુધી રજૂઆતો કરી હતી, છતાં તંત્રએ કોઈ ધ્યાન આપ્યું ન હતું. 'આપ' નેતા નિરંજન વસાવાએ વધુમાં જણાવ્યું હતું કે, છેલ્લા ૯ દિવસથી ૧૫૦ જેટલા કર્મચારીઓ પોતાની વ્યાજબી માંગણીઓ સાથે હડતાલ પર ઉતર્યા હતા. આ અંગે આમ આદમી પાર્ટીના નેતાઓએ એજન્સીના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજી સકારાત્મક ચર્ચા કરી

આમ આદમી પાર્ટીની મધ્યસ્થીથી ૯ દિવસની હડતાલ સમેટાઈ, મેલકો કંપનીના કર્મચારીઓની માંગણીઓ સંતોષવા આશ્વાસન : નિરંજન વસાવા AAP

હતી, જેના પરિણામે આજે આ હડતાલ સુખદ રીતે સમેટાઈ છે. એજન્સી દ્વારા કર્મચારીઓને હડતાલના ૯ દિવસનું ગેરહાજરીનું વેતન ચૂકવવા તેમજ પગાર વધારા સહિતની માંગણીઓ સંતોષવાનું આશ્વાસન આપવામાં આવ્યું છે. નિરંજન વસાવાએ વધુમાં ઉમેર્યું હતું કે, આ માત્ર એક એજન્સીનો પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર ગુજરાત અને દેશમાં ભારતીય જનતા પાર્ટી દ્વારા સરકારી કચેરીઓ, હોસ્પિટલો, શિક્ષણ, રેલ્વે અને બસ ડેપો સહિત તમામ ક્ષેત્રોનું ખાનગીકરણ (પ્રાઈવેટાઈઝેશન) કરી દેવાયું છે. આજે આસમાને પહોંચેલી મોંઘવારીમાં ૧૫ થી ૧૭ હજારના મામૂલી પગારમાં ઉચ્ચ ડિગ્રી ધરાવતા યુવાનો માટે પણ પરિવારનું ગુજરાન ચલાવવું કે બાળકોને સારું શિક્ષણ આપવું અશક્ય બની ગયું છે.

News Brief

શ્રાવણ સુદ ચતુર્દશીએ સોમનાથ મહાદેવને કરાયો અદ્ભુત રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર

નરેન્દ્ર દવે જૂનાગઢ

પવિત્ર શ્રાવણ માસની સુદ ચતુર્દશીના પાવન અવસરે પ્રથમ જ્યોતિર્લિંગ શ્રી સોમનાથ મહાદેવને ભાવિક ભક્તો માટે અલૌકિક અને મનોહર 'રંગબેરંગી વસ્ત્ર દર્શન શૃંગાર' અર્પણ કરવામાં આવ્યો હતો. આ વિશેષ શૃંગાર અંતર્ગત દેવાધિદેવ મહાદેવને વિવિધ રંગીન પીતાંબર, સુગંધિત પુષ્પો તથા સુખડ-ચંદન સહિતના દિવ્ય દ્રવ્યોથી સુશોભિત કરવામાં આવ્યા હતા. માનવ જીવન હંમેશાં પરિવર્તનશીલ રહ્યું છે. જીવનમાં ક્યારેક કેસરી વસંત જેવો ઉત્સાહ અને આનંદ હોય છે, તો ક્યારેક સંઘર્ષ કે વિષમ પરિસ્થિતિ ઓનો સામનો પણ કરવો પડે છે. જે રીતે અલગ-અલગ રંગો મહાદેવના શૃંગારની દિવ્યતા અને સુંદરતામાં વૃદ્ધિ કરે છે, તે જ રીતે જીવનમાં આવતી સુખ-દુઃખની વિવિધ પરિસ્થિતિઓ મનુષ્યને પરિપક્વ અને જીવનને અર્થપૂર્ણ બનાવે છે.જીવનના દરેક ઉતાર-ચઢાવમાં વિચલિત થયા વિના સ્થિર રહે અને મહાદેવ પર અતૂટ શ્રદ્ધા રાખી હંમેશાં સકારાત્મક દ્રષ્ટિકોણ જાળવી રાખે, તે જ સાચો શિવભક્ત છે. આ આધ્યાત્મિક અને જીવનપ્રેરક સંદેશ સાથે આજના દિવસે ભોળાનાથને રંગબેરંગી વસ્ત્રોથી આભૂષિત કરી વિશેષ પૂજન-અર્ચન કરવામાં આવ્યું હતું. મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓએ આ અલૌકિક દર્શનનો લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

રક્ષાબંધન પહેલા ગુજરાતને 101 નવી ST બસની ભેટ

અમદાવાદ | રક્ષાબંધન પર્વ પહેલાં રાજ્યની માતા-બહેનો અને મુસાફરોને રાજ્ય સરકારે નવી ST બસની ભેટ આપી છે. ગાંધીનગરથી નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવીએ 101 નવી એસ.ટી.બસનું લોકાર્પણ કરી લીલીઝંડી આપી હતી. નવી 101 બસમાં 71 સુપર એક્સપ્રેસ, 20 મિની અને 10 સ્લીપર કોચ બસનો સમાવેશ થાય છે. બસમાં સ્વચ્છતા, મુસાફરોની સુવિધા અને આરામને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. રક્ષાબંધનના વિશેષ સંચાલનમાં આ નવી બસનો પણ ઉપયોગ કરવામાં આવશે. કાર્યક્રમમાં બસોનું શાસ્ત્રોક્ત વિધિથી પૂજન કરવામાં આવ્યું હતું. ગાંધીનગરના મેયર મીરા પટેલે બસને કંકુના ચાંદલા કર્યા હતા. ત્યારબાદ નાયબ મુખ્યમંત્રીએ ડ્રાઈવરને બસની ચાવી અર્પણ કરી હતી. તેમણે નવી બસમાં બેસી નિરીક્ષણ પણ કર્યું હતું. એ સાથે મહિલા કંડક્ટરોએ નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને મંત્રી અર્જુન મોઢવાડિયાને રાખડી બાંધી રક્ષાબંધનની આગોતરી ઉજવણી કરી હતી. હર્ષ સંઘવીએ મહિલા કંડક્ટરોને ભેટ પણ આપી હતી. ST નિગમના કર્મચારીઓ તહેવાર દરમિયાન પણ 24 કલાક મુસાફરોની સેવા કરતા રહે છે, જેને લઈને નાયબ મુખ્યમંત્રીએ કર્મચારીઓનો આભાર વ્યક્ત કર્યો હતો. રક્ષાબંધન દરમિયાન મુસાફરોના ઘસારાને ધ્યાનમાં રાખી આજે 26 ઓગસ્ટથી 30 ઓગસ્ટ દરમિયાન રાજ્યભરમાં આશરે 6,500 એક્સ્ટ્રા ટ્રીપનું આયોજન કરવામાં આવ્યું.

રાજ્યમાં 1.14 કરોડથી વધુ લોકો અન્ન સુરક્ષા યોજનાના સહારે : 5 વર્ષમાં લાભાર્થી પરિવારો સતત વધ્યા

ગુજરાત | ગુજરાતમાં રોજગારી, વિકાસ અને આર્થિક પ્રગતિના દાવાઓ વચ્ચે અન્ન સુરક્ષા યોજનાના આંકડા સરકાર સામે જ સવાલ ઊભો કરે છે. છેલ્લા પાંચ વર્ષમાં રાજ્યમાં 25 લાખથી વધુ જરૂરિયાતમંદ પરિવારોના 1.14 કરોડથી વધુ લાભાર્થીઓને વિનામૂલ્યે અનાજ આપવામાં આવ્યું હોવાનું અન્ન અને નાગરિક પુરવઠા વિભાગે જણાવ્યું છે. સરકારના આંકડા પ્રમાણે જરૂરિયાતમંદ પરિવારો સુધી ઘઉં, ચોખા અને બરછટ અનાજ પહોંચાડવામાં આવ્યું છે. પરંતુ આ આંકડાઓનો બીજો અર્થ એ પણ થાય છે કે રાજ્યની મોટી વસ્તીનો હિસ્સો હજુ પણ પરિવારનું અન્ન પૂરું કરવા માટે સરકારી સહાય પર આધાર રાખે છે. ત્યારે સ્વાભાવિક સવાલ થાય છે કે રોજગારી અને વિકાસની વાતો વચ્ચે આટલી મોટી સંખ્યામાં પરિવારોને મફત અનાજની જરૂરિયાત કેમ ઊભી થઈ રહી છે? સરકારના આંકડા મુજબ વર્ષ 2022-23માં અન્ન સુરક્ષા યોજનાનો લાભ 3.06 લાખ પરિવારોના 14.48 લાખ લોકોને મળ્યો હતો. વર્ષ 2023-24માં આ સંખ્યા વધીને 5.63 લાખ પરિવારો અને 25.43 લાખ લાભાર્થીઓ થઈ. વર્ષ 2024-25માં 7.49 લાખ પરિવારોના 34.53 લાખ લોકો યોજનાના લાભાર્થી બન્યા, જ્યારે વર્ષ 2025-26માં આ સંખ્યા વધીને 9.20 લાખ પરિવારો અને 39.65 લાખ લોકો થઈ છે. એટલે, છેલ્લા કેટલાક વર્ષોમાં યોજનાના લાભાર્થી પરિવારોમાં નોંધપાત્ર વધારો થયો છે. આ વધારો ખરેખર જરૂરિયાતમંદોને વધુ સારી રીતે આવરી લેવાનો સંકેત છે કે પછી રાજ્યમાં આર્થિક રીતે નબળા પરિવારોની સંખ્યા વધી રહી હોવાનો સંકેત છે, તે ચર્ચાનો વિષય બન્યો છે.

પૂજ્ય લાલબાપુના ખબરઅંતર પૂછી ઈસુદાન ગઢવી અને ધાર્મિક માથુકિયાએ આરોગ્ય માટે કરી પ્રાર્થના



અમદાવાદ | આજે આમ આદમી પાર્ટીના પ્રદેશ પ્રમુખ ઈશુદાન ગઢવી તથા વિધાર્થી પાંખ ASAP ના પ્રદેશ પ્રમુખ ધાર્મિક માથુકિયાએ ગધેથડ સ્થિત ગાયત્રી આશ્રમના મહર્ષિ અને સૌરાષ્ટ્રની મહાન સંત પરંપરાના વાહક પૂજ્ય શ્રી લાલબાપુના ખબરઅંતર પૂછી તેમના સ્વાસ્થ્યની જાણકારી મેળવી હતી. પૂજ્ય લાલબાપુ લાંબા સમયથી આધ્યાત્મિક સાધના, સેવા અને સમાજજાગૃતિના કાર્યો દ્વારા અનેક લોકો માટે શ્રદ્ધા અને પ્રેરણાનું કેન્દ્ર રહ્યા છે. ગધેથડ ગાયત્રી આશ્રમ પણ તેમની સાધના અને સેવાકાર્યને કારણે વિશિષ્ટ આધ્યાત્મિક સ્થાન તરીકે ઓળખાય છે. આ મુલાકાત દરમિયાન ઈસુદાન ગઢવી અને ધાર્મિક માથુકિયાએ પૂજ્ય લાલબાપુના સ્વાસ્થ્ય અંગે આત્મીયતાથી ખબરઅંતર પૂછ્યા હતા અને ગાયત્રી માતાજીને પ્રાર્થના કરી હતી કે પૂજ્ય લાલબાપુને વહેલી તકે સંપૂર્ણ સ્વસ્થતા, નિરામય આરોગ્ય અને દીર્ઘાયુષ્ય પ્રાપ્ત થાય. પૂજ્ય સંતના સાનિધ્ય અને આશીર્વાદ સમાજ માટે હંમેશા પ્રેરણારૂપ રહ્યા છે ત્યારે તેમના ઝડપથી સ્વસ્થ થઈ ફરીથી સેવાકાર્યોમાં સક્રિય બને તેવી સૌની હૃદયપૂર્વકની શુભકામનાઓ છે.

વધતી મોંઘવારી સામે AAPનો અનોખો વિરોધ, સામાન્ય લોકોને રાહત આપવા સરકાર પાસે માંગ

અમદાવાદ | અમદાવાદમાં વધતી મોંઘવારી અને ખાંડના ભાવમાં થયેલા વધારાના વિરોધમાં આમ આદમી પાર્ટી દ્વારા વટવા વિધાનસભા વિસ્તારમાં અનોખી રીતે વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. ખાંડના ભાવ 70 પ્રતિ કિલોથી પણ વધુ પહોંચી જતા AAP ના કાર્યકર્તાઓએ રસ્તા પર ખાંડ વહેંચીને સરકારની નીતિઓ સામે વિરોધ નોંધાવ્યો હતો. આ વિરોધ પ્રદર્શન દરમિયાન નિશાંત ઠક્કર અને જતીન પટેલ સહિતના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે ખાદ્ય ચીજવસ્તુઓના સતત વધી રહેલા ભાવથી સામાન્ય અને મધ્યમવર્ગીય પરિવારોનું ઘરનું બજેટ ખોરવાઈ રહ્યું છે. સરકાર મોંઘવારીને કાબૂમાં લેવામાં નિષ્ફળ રહી હોવાનો આક્ષેપ કરી AAPએ તાત્કાલિક અસરથી ભાવ ઘટાડવા અને સામાન્ય લોકોને રાહત આપવા માંગ કરી હતી.

AAP ના કાર્યકર્તાઓએ જણાવ્યું હતું કે ખાંડ જેવી રોજિંદા જીવનમાં ઉપયોગી આવશ્યક ચીજવસ્તુના ભાવમાં સતત વધારો સામાન્ય પરિવાર માટે ચિંતાનો વિષય છે. સરકાર દ્વારા મોંઘવારીના મુદ્દે માત્ર નિવેદનો આપવાને બદલે ભાવ

ખાંડના ભાવ ₹70ને પાર, વટવામાં AAPનું અનોખું વિરોધ પ્રદર્શન,રસ્તા પર ખાંડ વહેંચીને સરકારનો વિરોધ : ખાંડ મોંઘી થતાં સામાન્ય પરિવારનું બજેટ ખોરવાયું, AAPએ વટવામાં સરકાર સામે ઉઠાવ્યો અવાજ

નિયંત્રણ માટે નક્કર પગલાં લેવામાં આવે તેવી માંગ કરવામાં આવી હતી. વટવા વિસ્તારમાં કરવામાં આવેલા આ અનોખા વિરોધ પ્રદર્શન દ્વારા AAPએ સરકારનું ધ્યાન સામાન્ય નાગરિકોની આર્થિક મુશ્કેલીઓ તરફ દોરવાનો પ્રયાસ કર્યો હતો અને જો મોંઘવારી પર તાત્કાલિક નિયંત્રણ નહીં લાવવામાં આવે તો જનહિતના મુદ્દે વધુ ઉગ્ર આંદોલન કરવાની ચેતવણી આપી હતી.

ખાખીની આબરૂના ધજાગરા: અમદાવાદમાં બુટલેગર સાથે લાખોની 'ડીલ' કરતો કોન્સ્ટેબલ સસ્પેન્ડ

અમદાવાદ | અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂના કેસમાં લિસ્ટેડ બુટલેગર પાસેથી લાખો રૂપિયાની તોડબાજી અને સેટલમેન્ટનો ઓડિયો વાયરલ થયાના ગુજરાત સમાચાર ડિજિટલના અહેવાલ બાદ ઉચ્ચ પોલીસ તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે. બુટલેગર સાથે ખુલ્લેઆમ વહીવટ કરી ઉપરી અધિકારીઓના નામે પૈસા માંગનાર નરોડા પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના અનાર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ જનકભાઈ પુંજાભાઈ (બકલ નંબર 4606)ને પોલીસ કમિશનરના આદેશથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. આ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ અને ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે ACPને તપાસ સોંપવામાં આવી છે. ગત 24મી ઓગસ્ટના રોજ નરોડા પોલીસ સ્ટેશનનો સ્ટાફ જેમાં ડી-સ્ટાફના કોન્સ્ટેબલ જનકભાઈ પુંજાભાઈ, લાલુભાઈ, વિશાલભાઈ અને પિયુષકુમાર પેટ્રોલિંગમાં કરતા હતા. આ દરમિયાન નરોડા સીટી સેન્ટર પાછળ આવેલા ખુલ્લા મેદાનમાં પોલીસે દારૂ અંગે રેડ પાડી હતી. આ રેડ દરમિયાન વિદેશી દારૂની હેરાફેરી કરતા ચિરાગભાઈ ઉર્ફે ઠાકોર ઝાલા નામના કારચાલકની અટકાયત કરવામાં આવી હતી

ભાવનગર - મહુવાના ઉમણિયાવદર ખાતે નેશનલ હાઈવે કટ અને ઓવરબ્રિજના પ્રશ્ને AAP નેતાઓની ઉપસ્થિતિમાં યોજાઈ વિશાળ જાહેર સભા

ભાવનગર | ભાવનગર - સોમનાથ નેશનલ હાઈવે પર મહુવાથી આશરે ૨ કિલોમીટર દૂર આવેલા ઉમણિયાવદર ગામ તેમજ આસપાસના ૨૫ જેટલા ગામોને જોડતા મુખ્ય માર્ગ પર કાયદેસરનો રોડ કટ અથવા ઓવરબ્રિજ મંજૂર કરવાની વ્યાજબી માંગણી સાથે એક વિશાળ જાહેર સભાનું આયોજન કરવામાં આવ્યું હતું. આ સભામાં આમ આદમી પાર્ટીના ધારાસભ્ય ગોપાલ ઈટાલિયા અને 'આપ' પ્રદેશ યુવા મોરચા પ્રમુખ બ્રિજરાજ સોલંકી, લોકસભા ઈન્ચાર્જ કાંતિભાઈ સતાસિયા, પ્રદેશ સંગઠન મંત્રી નિકુંજ સાવલિયા, ભાવનગર જિલ્લા ઈન્ચાર્જ હસમુખભાઈ દોમડિયા, અમરેલી જિલ્લા ઈન્ચાર્જ રાહુલ હરખાણી, અમરેલી લોકસભા સંગઠન મંત્રી સુખાભાઈ વાળા સહિતના નેતાઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. સભાને સંબોધતા ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ સરકારની કાર્યશૈલી પર આકરા પ્રહારો કરતા જણાવ્યું હતું કે, દેશ આઝાદ થયાને દશકાઓ વિતી ગયા છતાં આજે સામાન્ય નાગરિકે રોડ, વીજળી અને પાણી જેવા મૂળભૂત અધિકારો માટે સરકારી તંત્ર અને સત્તાધીશોની ગુલામી કરવી પડે છે. સાચી લોકશાહીમાં પ્રજાની જરૂરિયાત અને ઈચ્છા મુજબ સરકારે નીતિઓ બનાવવાની હોય છે, કારણ કે જનતાથી સરકાર બને છે, સરકારથી જનતા નથી બનતી. ચંદ્ર અને મંગળ પર પહોંચવાની મોટી વાતો કરતી આ સરકાર ૨૫ ગામોના હજારો લોકો માટે એક રોડ કટ કે નાળું પણ બનાવી શકતી નથી, જે દર્શાવે છે કે સત્તાધારીઓ લોકશાહીના સિદ્ધાંતો ભુલીને મનસ્વી રીતે શાસન ચલાવી રહ્યા છે.'આપ' ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાએ વધુમાં ઉમેર્યું હતું કે આજે માત્ર હાઈવે કટનો એક પ્રશ્ન નથી, પરંતુ સમગ્ર ગુજરાતમાં શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગારી, ખેડૂતો અને પશુપાલકોની સમસ્યાઓ તેમજ કાયદો-વ્યવસ્થાની સ્થિતિ અત્યંત કથળી ગઈ છે. રાજ્યમાં અવારનવાર બનતા લઠ્ઠાકાંડમાં અનેક નિર્દોષ લોકો પોતાનો જીવ ગુમાવી રહ્યા છે અને અનેક બહેનો નાની વયે વિધવા બની રહી છે, છતાં ગાંધીનગરથી આવતા ઉચ્ચ અધિકારીઓ તપાસના નામે માત્ર નાટક કરીને પ્રમોશન મેળવવામાં મસ્ત છે. સ્થાનિક પ્રજા જ્યારે પોતાના હક માટે અવાજ ઉઠાવે કે સભા યોજે ત્યારે તેમને પોલીસ અને શાસકો દ્વારા ધમકાવવામાં આવે છે કે સભામાં જશો તો કામ નહીં થાય. એક સમયે કાશ્મીર ગણાતું મહુવા આજે દારૂ, ગુંડાગીરી અને જમીન પચાવી પાડનારા તત્વોનો અડ્ડો બની ગયું છે અને પોલીસ પણ ગુનેગારોને પકડવાને બદલે ફરિયાદીઓને હેરાન કરે છે. આ ભય અને અન્યાયના વાતાવરણને બદલવા માટે યુવાનોએ પોતે આગળ આવીને જવાબદારી લેવી પડશે. તેમણે ભારપૂર્વક જણાવ્યું કે જ્યાં સુધી જનતા એક થઈને પોતાના અધિકારો માટે આંદોલન નહીં કરે ત્યાં સુધી આ શાસકો જાગશે નહીં, અને આમ આદમી પાર્ટી પ્રજાના દરેક પ્રશ્ને તેમની સાથે રહીને ગાંધીચિંધ્યા કે ક્રાંતિકારી માર્ગે લડત આપવા સંપૂર્ણ તૈયાર છે.આમ આદમી પાર્ટીના પ્રદેશ યુવા મોરચાના પ્રમુખ બ્રિજરાજ સોલંકીએ જાહેરસભાને સંબોધતા કાર્યકરો અને જનતાને આહ્વાન કર્યું હતું કે, આવનારા દિવસોમાં આપણે સૌએ સાથે મળીને આપણા હક, અધિકાર અને ન્યાય માટે મર્દાનગીથી લડાઈ લડવી પડશે, કારણ કે માત્ર માંગવાથી ન્યાય નથી મળતો પરંતુ છાતી પર પગ રાખીને હક છીનવવો પડે છે. ભાજપ સરકાર પર પ્રહાર કરતા તેમણે જણાવ્યું કે, ગોપાલ ઈટાલિયા પર ખોટા કેસ કરીને જેલમાં પૂરવામાં આવ્યા અને તેમને હરાવવા માટે ભાજપના મંત્રીઓ, ધારાસભ્યો, સાંસદો, મુખ્યમંત્રી, ગૃહમંત્રીથી લઈને આખી સરકારી ફોજ અને પોલીસ તંત્રને મેદાનમાં ઉતારવામાં આવ્યું હતું, તેમ છતાં આમ આદમી પાર્ટીના લડાયક નેતાઓએ આખી ભાજપને ધૂળ ચાટતી કરી દીધી છે. ગુજરાતમાં પોલીસ કે તંત્રના અધિકારીઓ દ્વારા યુવાનોને ડરાવવા કે ધમકાવવામાં આવે તો તેનાથી ડરવાની જરૂર નથી, પરંતુ ૨૦૨૭માં આપણી સરકાર આવશે ત્યારે આવા તમામ અધિકારીઓને પણ ધ્યાનમાં રાખવામાં આવશે તેવું તેમણે ઉમેર્યું હતું. અંતમાં, ૨૦ થી ૨૫ ગામોને સ્પર્શતા ઓવરબ્રિજ અને રોડ કટના પડતર પ્રશ્નો અંગે જનતાને સંપૂર્ણ ટેકો આપતા તેમણે ખાતરી આપી હતી કે, જો પ્રજાના કામો નહીં થાય તો આમ આદમી પાર્ટી, ગોપાલ ઈટાલિયા અને તેઓ પોતે પ્રજાની સાથે રહીને ગાંધીચિંધ્યા માર્ગે કે પછી શહીદ ભગતસિંહના ક્રાંતિકારી માર્ગે આંદોલન કરવા માટે હંમેશાં તૈયાર રહેશે.

ઓઢવની નટરાજ સ્કૂલની માન્યતા રદ કરવા DEOએ સરકારને રિપોર્ટ સોંપ્યો

50% વિદ્યાર્થીઓની ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ કરાતું, સ્કૂલની 100 ગ્રાંટ કાપવા ભલામણ...

અમદાવાદ | અમદાવાદના ઓઢવ વિસ્તારમાં આવેલી નટરાજ સ્કૂલમાં વિદ્યાર્થીઓની ઓછી હાજરી તેમજ શિક્ષકોના સેવા વિષયક લાભો અટકાવી રાખ્યા હોવાનું સામે આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓની ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ કરવામાં આવતું હોવાનું પણ સામે આવતા અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ શાળાને નોટિસ આપી હતી. છતાં યોગ્ય જવાબ રજૂ ન કરી શકતા શાળાની માન્યતા રદ કરાશે અને 100 ટકા ગ્રાન્ટ કાપ કરવાની કાર્યવાહી કરવામાં આવશે. જે માટે અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીએ વડી કચેરીમાં રિપોર્ટ મોકલી આપ્યો છે.

ડમી સ્કૂલોને લઈને અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારી કચેરી દ્વારા શાળાઓમાં તપાસ કરવામાં આવી હતી. જે દરમિયાન ઓઢવમાં આવેલી નટરાજ સ્કૂલમાં તપાસ કરતા વિદ્યાર્થીઓની ઓછી હાજરી ઓછા હોવા છતાં ખોટી હાજરી ભરાતી હોવાનું સામે આવ્યું હતું. તેમજ વિદ્યાર્થીઓ શાળાએ ન આવતા હોવા છતાં ઓનલાઈન ખોટી હાજરી પૂરવા શિક્ષકો પર દબાણ કરવામાં આવતું હોવાનું પણ સામે આવ્યું હતું. અમદાવાદ શહેર જિલ્લા શિક્ષણાધિકારીની ટીમની સરપ્રાઈઝ ચેકિંગમાં બે વખત વિદ્યાર્થીઓની 50 ટકા ઓછી હાજરી જોવા મળી હતી.

તેમજ શાળા સંચાલક દ્વારા શિક્ષકો પર ખોટી હાજરી પૂરવા દબાણ કરવામાં આવતું હોવાની ફરિયાદ શિક્ષકોએ જ જિલ્લા શિક્ષણાધિકારીને કરી હતી. તેમજ શાળા દ્વારા સત્તાનો દુરુપયોગ કરી સેવા વિષયક લાભોની દરખાસ્ત પણ દવાવી રાખવામાં આવી હોવાનું સામે આવતા શિક્ષણ નિરીક્ષક દ્વારા તપાસ રિપોર્ટ સોંપવામાં આવ્યો છે. જેના આધારે હવે જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા શાળાની માન્યતા રદ કરવા અને 100 ટકા ગ્રાન્ટ કાપની કાર્યવાહી કરવા માટે વડી કચેરીમાં ભલામણ કરી છે. તેમજ સેવા વિષયક લાભો કેમ અટકાવી રાખ્યા તેના યોગ્ય આધાર પુરાવા સાથે જવાબ રજૂ કરવા માટે પણ સૂચના આપવામાં આવી છે.

શિક્ષણાધિકારી રોહિત ચૌધરીએ જણાવ્યું હતું કે, ઓઢવ વિસ્તારમાં આવેલી નટરાજ સ્કૂલને ગયા વર્ષે પણ ત્રણ વખત સરપ્રાઈઝ ચેકિંગ કરવામાં આવ્યું હતું. જેમાં વિદ્યાર્થીઓની સંખ્યા 50 ટકા જેટલી ઓછી જોવા મળી હતી. તેમજ હાજરી બતાવવામાં આવી હોવા છતાં વિદ્યાર્થીઓ ગેરહાજર જોવા મળ્યા હતા. તેને ધ્યાને લઈ ચાલુ વર્ષે પણ સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું તેમાં પણ વિદ્યાર્થીઓની 50 ટકા જ હાજરી જોવા મળી હતી. જેથી 11 જેટલા વર્ગો તાત્કાલિક બંધ કરવાનો નિર્ણય લીધો છે. તેને ધ્યાને લઈ શાળા દ્વારા કમિશનર ઓફ સ્કૂલમાં દરખાસ્ત કરી હતી. જેનો હજુ સુધી કોઈ નિર્ણય આવ્યો નથી.

ડુંગળીના ભાવમાં ₹20થી 25નો વધારો, હજી વધુ મોંઘી થશે

બેમહિનાસુધીમારસહનકરવોપડીશકે, લોકોએ કહ્યું-ખાંડ પછી હવે ડુંગળી રડાવી રહી છે

અમદાવાદ | તહેવાર ટાણે જ ખાંડ બાદ હવે ડુંગળીના ભાવમાં પણ ભડકો થયો છે. 15 દિવસ પહેલાં 35થી 40 રૂપિયામાં મળતી ડુંગળી આજે 60થી 70 રૂપિયે કિલો પહોંચી છે. હજુ પણ 15થી 20 રૂપિયા ભાવ વધવાની શક્યતા છે.

વેપારીઓના જણાવ્યાં મુજબ, વરસાદના કારણે મહારાષ્ટ્ર અને મધ્યપ્રદેશમાં ડુંગળી પલળી ગઈ હોવાથી ગુજરાતમાં ઓછો માલ પહોંચી રહ્યો છે. માલની અછતના કારણે ભાવ વધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા એક અઠવાડિયામાં ડુંગળીના હોલસેલ ભાવમાં પણ 10થી 15 રૂપિયાનો વધારો થતા વેપારીઓ 40થી 50 રૂપિયા કિલો ડુંગળી વહેંચી રહ્યા છે. અમદાવાદના APMCના ડુંગળીના વેપારી અમરજીતે જણાવ્યું કે, માર્ચ અને એપ્રિલમાં માલ બહાર નીકળવાનો સમય હોય છે, પરંતુ આ સમયમાં જ કમોસમી વરસાદ પડતા ડુંગળીના જથ્થાને ખુબ અસર થઈ છે. 25 ટકા જેટલો સ્ટોક ખેડૂતોએ ક્વોલિટીના કારણે ખેતરમાં જ રહેવા દીધો છે. બીજા 25 ટકા માલ તેમને તાત્કાલિક જ કાઢવો પડ્યો હતો. અન્ય 50 ટકા માલ જે જગ્યાએ વરસાદ નથી પડ્યો ત્યાંથી સપ્લાય થઈ રહ્યો છે. 3 મહિના પછી નવો પાક આવશે તે ગુજરાત સુધી પહોંચશે. આગામી ત્રણ મહિના સુધી આ અછત જોવા મળવાની છે. અમે આશા રાખી રહ્યા છીએ કે, પાક સારો થાય અને ભાવ ઘટે. અન્ય વેપારી અનવરભાઈએ જણાવ્યું કે, દેશભરમાં નાસિક અને મધ્યપ્રદેશમાંથી જ માલ સપ્લાય થાય છે.

OWNER PUBLISHER PRINTER : KALPESH JAYRAM KOSHTI PUBLISHED FROM 205, Chanakya Building, B/h. Sales India, Income Tax, Ashram Road, Ahmedabad-380009. GUJARAT
PRINTING PRESS : VIDHATA OFFSET, 12-b, mahashakti industrial estate, behind anil starch mill, naroda road, naroda, Ahmedabad. EDITOR KALPESH J. KOSHTI | Help Line No. 7359601122 | E-mail : support@ahmedabadexpress.com | RNI No. GUJGUJ/2011/40654

આજનું રાશિ ભવિષ્ય

મેષ : અ. લ. ઈ.

તમને તમારા ટૅન્શનમાંથી મુક્તિ મળે એવી શક્યતા છે. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. ઘરને લગતી બાબતો તથા ઘરના બાકી રહી ગયેલા કામ પૂરાં કરવા માટે અનુકૂળ દિવસ.

વૃષભ : બ. વ. ઉ.

તમારી બીમારી તમારી નાખુશીનું કારણ હોઈ શકે છે. પરિવારની ખુશી પુનઃસ્થાપિત કરવા તમારે આમાંથી બને એટલા ઝડપથી બહાર આવવાની જરૂર છે. વધુ પડતો ખર્ચ કરાવાનું ટાળો તથા શંકાસ્પદ આર્થિક સ્કીમ્સથી દૂર રહો.

મિથુન : ક. છ. ઘ.

આજનો દિવસ તમારી માટે બહુ ઊર્જાવાળો નથી અને તમે નાની-નાની બાબતોમાં ચીડાઈ જશો. પોતાના માટે પૈસા બચવાનો તમારો ખ્યાલ આજે પૂરો થયી શકે છે. આજે તમે સારી બચત કરવા માટે સમર્થ હશો. આજે તમે નવા જોમ તથા ઉત્સાહ સાથે બહાર નીકળશો.

કર્ક : ડ. હ.

ખૂબ જ વગદાર હોય એવા લોકો તરફથી સહકાર તમારા મનોબળને ઓર વધારશે. ખર્ચ પર અંકુશ મૂકો અને આજે તમારા ખર્ચમાં વધુ પડતા ઉડાઉ થવાનું ટાળો. મિત્રો તથા સંબંધીઓ સાથે મજા માણજો. સાચા અને ઉદાર પ્રેમ માટે તમને વળતર મળવાની શક્યતા છે.

સિંહ : મ. ટ.

તમારે એ સમજવું જોઈએ કે કોઈકનું અપમાન તથા કોઈકને હળવાશથી લેવાનો અભિગમ સંબંધને ખૂબ જ મુશ્કેલીમાં મુકી દે છે. જો તમે પોતાના ઘર ના કોઈ સભ્ય જોડે ઉધાર લીધું હોય તો તેને આજ ચૂકવી દો નહીંતર તે તમારી વિરુદ્ધ કાયદકીય પગલાં લયી શકે છે.

કન્યા : પ. ઠ. ણ.

તમારૂં મંતવ્ય વ્યક્ત કરતા અચકાતા નહીં. આત્મવિશ્વાસની કમીને તમારા પર અંકુશ જમાવવા ન દો કેમ કે એનાથી તમારી સમસ્યાઓની ગૂંચવણ ઓર વધશે અને તમારો વિકાસ મંદ પડશે. આત્મવિશ્વાસ પાછો મેળવવા માટે તમારી જાતને વ્યક્ત કરો.

તુલા : ર. ત.

કામના સ્થળે વરિષ્ઠો તરફથી દબાણ તથા ઘરે વિસંવાદિતા તાણને આમંત્રણ આપી શકે છે-જે કામમાં તમારા ધ્યાનમાં ખલેલ પહોંચાડી શકે છે. ધન નું આવાગમન આજ ના સંપૂર્ણ દિવસ રહેશે અને સાંજ થતા તમે અમુક ધન બચાવી શકશો.

વૃશ્ચિક : ન. ય.

બાળકોની સંગતમાં આશ્વાસન પ્રાપ્ત થશે. માત્ર તમારા પરિવારના જ નહીં પણ અન્યોના સંતાનોમાંની રોગનિવારક શક્તિ તમને આશ્વાસન આપી શકે છે તથા તમારી બેચેનીને શાંત કરી શકે છે.

ધન : ભ. ધ. ફ. ઢ.

એવો દિવસ જ્યારે તમે આરામ કરી શકશો. તમારા શરીરને તેલથી માલિશ કરો અને તમારા સ્નાયુઓને આરામ આપો. તમારી પાસે હંગામી ધોરણે નાણાં ઉછીના લેવા માટે તમારો સંપર્ક કરનારાઓની અવગણના કરો. સાંજે અણધાર્યા મહેમાનો તમારા ઘરમાં ભીડ કરશે.

મકર : ખ. જ.

તમારી જાતે જ કોઈ દવા લેવાનું ટાળજો કેમ કે એવું કરવાથી ડ્રગ ડિપેન્ડન્સીની શક્યતા વધી શકે છે. આજે તમને પોતાના ભાઈ અથવા બહેન ની મદદ થી ધન લાભ થવા ની શક્યતા છે. ઘરમાં સમસ્યાઓ ઊભી થઈ શકે છે-જો તમે તમારા પરિવારના સભ્યો સાથે સમય નહીં વિતાવો તો.

કુંભ : ગ. સ. શ. ષ.

આજે ધાર્મિક તથા આધ્યત્મિક બાબતોમાં રસ લેવા માટે પણ સારો દિવસ છે. આર્થિક રૂપે તમે આજે ઘણા મજબૂત દેખાશો ગ્રહ નક્ષત્રો ની ચળવળ થી તમારા માટે ધન કમાવા ની ઘણી તકો બનશો ફેશન તમારા જીવનમાં ભવ્ય લય છે.

મીન : દ. ચ. ઝ. થ.

છેલ્લા થોડા સમયથી તમારામાંના જે લોકો ઑવરટાઈમ કામ કરી રહ્યા છે-તેઓ આજે તાણ અને દુવિધા આ બે બાબતો નહીં ઈચ્છે. ઘર ના જરૂરી સમાન પર ધન ખર્ચ કરી તમને આર્થિક પરેશાની તો આજે જરૂર થશે પરંતુ આના થી તમે ભવિષ્ય ની ઘણી પરેશાનીઓ થી બચી જશો.

જીવ દયા પ્રેમીઓ એ 112 કોલ કરી પોલિસ મદદ લીધી

ચાણસ્મા તાલુકા ના કારોડા પાસેજીવદયા પ્રેમીઓ અંદાજે 48 પાડા-પાડી ભરેલ આઈસર પકડ્યું

| નિતીન ઠાકર | ચાણસ્મા

સાંચોરથી અમદાવાદ તરફ પશુઓ ભરી આઈસર પસાર થવાની હકીકત ગોરક્ષકો ને મળતાં ચાણસ્મા બેચરાજી હાઈવે પર કારોડા નજીક ગોંરક્ષકો આઈસર ની રાહ જોઇને ઉભા હતા દરમિયાન ચાણસ્મા તરફથી મળેલી હકીક્ત વાળુ આઈસર આવી પહોંચતાં ગૌરક્ષકોએ રોકવાનો પ્રયત્ન કર્યો હતો જ્યાં આઈસર ચાલક ભાગવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ તેમાં સફળ રહ્યો ન. હતો અને આઈસર મુકી ભાગી ડ્રાયવર ભાગવામાં સફળ રહ્યો હતો.જીવ દયા પ્રેમીઓ એ 112 કોલ કરી પોલિસ મદદ લીધી.. જીવદયાપ્રેમીઓ એ પકડેલી આઈસર માં ખીચોખીચ ભરેલાં નાનાં અબોલ જીવ જોતાં જ તરત 112 ઈમરજન્સી પોલિસને ઘટનાની જાણ કરતાં પોલીસે ઘટનાસ્થળે આવી કાર્યવાહી શરૂ કરી હતી.આઈસર માં મળી અબોલ જીવો ને ચાણસ્માની પાંજરાપોળમાં લવાયા. બાદમાં પોલિસ દ્વારા આઈસર માં ક્રુરતાપર્વક બાંધી રાખેલા

અબોલ જીવોને પાંજરાપોળમાં લાવવામાં આવ્યા હતાં જ્યાં ઈજાગ્રસ્ત પશુઓની પશુ તબીબની ટીમ બોલાવી સારવાર શરૂ કરાઈ હતી. આઈસર માં અંદાજે નાના મોટા 48 પાડા-પાડી મળી આવ્યા 5 અબોલ જીવ સારવાર મળે તે પહેલાં મૃત્યુ પામ્યા હતા. જીવદયા પ્રેમીઓ (ગૌરક્ષકો) શું કહે છે. . સાંચોરથી અમદાવાદ એક આઈસર અબોલ જીવો ભરી ત્રણ થવાનું હોવાની હકીક્ત મળતા રાત્રીના મોડી રાત્રીથી ચાણસ્મા - બેચરાજી હાઈવે કારોડા નજીક મીઠીવાવડી-પાટણ ઈલમ પુર ના ગૌરક્ષકો આઈસર પકડવા રોડ પર ગોઠવાઈ ગયા હતા શંકાસ્પદ આઈસર આવતા રોકવાનો પ્રયત્ન કર્યો હતો પરંતુ આઈસર ચાલક વાહન ભગાવી મુકવાનો પ્રયત્ન કર્યો હતો આડસો સેડ પરમૂકેલી હોવાથી સફળ રહ્યો ન હતો ડ્રાયવર ભાગી ગયો હતો 112 કોલ કરી પોલિસની મદદ લેવાઈ બાદમાં પોલિસ દ્વારા ઈજાગ્રસ્ત અબોલ જીવોભરેલી આઈસર પાંજરાપોળ ખાતે લાવી તપાસ હાથ ધરી છે. પોલિસ દ્વારા ગૌરક્ષકો દ્વારા પકડવામાં આવેલી આઈસર અંગે ની ઘટનાની જાણ થતાં ઘટનાસ્થળે જઈ કાર્યવાહી શરૂ કરવામાં આવી હોવાનું પીઆઇ પટેલે જણાવ્યું હતુ. સાંચોરથી ચાણસ્માં સુધી નંબરપ્લેટ વિનાની આઈસર ચાણસ્માં સુધી પહોંચી પોલિશ કે જવાબદાર તંત્રના ધ્યાને નહી આવ્યું હોવા ના અનેક સવાલો ઉઠી રહ્યા છે.

વાપી પોલીસે માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડ્યું

દંપતિએ આર્થિક સંકડામણથી આપઘાત કરવા પ્રયાસ કરતા રેસ્કયુ

વાપી: વાપીના ડુંગરા વિસતારમાં રહેતા યુવાને સોશિયલ મિડિયામાં આપઘાત કરવા પોસ્ટ કરાયા બાદ પોલીસ દોડી જઇ યુવાનને અંતિમ પગલું ભરતા બચાવી લીધો હતો. જ્યારે છીરી વિસ્તારના દંપતિએ આર્થિક સંકડામણથી આપઘાત કરવા તૈયારી કરી લીધી પણ પોલીસને જાણ થતા જ પહોંચી દંપતિને સમજાવી રેસ્કયુ કરી આર્થિક મદદ કરવા પહેલ કરી પણ દંપતિએ ઈન્કાર કર્યો હતો. જો કે લેબર કોન્ટ્રાકટર પાસેથી બાકી નિકળતા નાણાં અપાવી માનવતાનું ઉત્તમ ઉદાહરણ પુરુ પાડયું હતું.સામાન્ય રીતે પોલીસની ઓળખ કાયદો અને વ્યવસ્થા જાળવવા પૂરતી સીમિત માનવામાં આવે છે, પરંતુ ડુંગરા પોલીસ મથકના પી.આઇ. અને જવાનોએ પોતાની ફરજથી આગળ વધીને માનવતાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરું પાડી નિરાશાના અંધકારમાં ઘેરાયેલા લોકો માટે આશાનું કિરણ બનીને ઊભરી આવી છે. જે અંગે મળતિ વિગત મુજબ વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતા યુવાને ગત તા.23-08-26ના રોજ સોશિયલ મિડિયા પર આપઘાત કરવા અંગે પોસ્ટ કરી હતી. જે અંગે પી.આઇ. બી.એન.ગોહિલને જાણ થતા જ ટીમ યુવાન પાસે પહોંચી તેને સમજાવ્યા બાદ જીવ બચાવી લીધો હતો. પુછપરછમાં યુવાન છેલ્લા ઘણા દિવસથી માનસિક તણાવમાં આવી જઇ અંતિમ પગલું ભરવાનો નિર્ણય લીધો હોવાનું અનુમાન લગાવાયું છે.જ્યારે બીજા બનાવમાં વાપીના છીરી વિસ્તારમાં રહેતા એક દંપતિએ પણ ગઈકાલે મંગળવારે આપઘાત કરવાની તૈયારી કરી લીધી હતી.

500ની લાંચ

ડીસા રેલવે સ્ટેશન પર ACBનો સપાટો, રૂ. 500ની લાંચ લેતા રેલવે કર્મચારી ઝડપાયો

બનાસકાંઠા : બનાસકાંઠા જિલ્લાના ડીસા રેલવે સ્ટેશન ખાતેથી એક સરકારી કર્મચારી લાંચ લેતા રંગેહાથ ઝડપાવાની ગંભીર ઘટના સામે આવી છે. દિલ્હી જવા માટે તત્કાલ ટિકિટનું રિઝર્વેશન કરાવવા ગયેલા એક જાગૃત નાગરિક પાસે ટિકિટ કન્ફર્મ કરી આપવાના બદલામાં રૂ. 500 ની લાંચની માગણી કરવામાં આવી હતી. આ મામલે ફરિયાદીએ ભ્રષ્ટાચાર સામે લાલ આંખ કરી ACB નો સંપર્ક કર્યો હતો. ટિકિટ બુકિંગ કરાવવા ગયેલા નાગરિકે લાંચ આપવાના બદલે ભ્રષ્ટાચાર નિરોધક બ્યુરોના ટોલ ફ્રી નંબર 1064 પર સંપર્ક કરીને સમગ્ર વિગત જણાવી હતી. ફરિયાદના આધારે બનાસકાંઠા ACB પોલીસ સ્ટેશન, પાલનપુરની ટીમ દ્વારા તાત્કાલિક ધોરણે આયોજનબદ્ધ રીતે લાંચનું છટકું ગોઠવવામાં આવ્યું હતું.આયોજન મુજબ, પાલનપુર ACB ની ટીમે ડીસા રેલવે સ્ટેશનની બુકિંગ ઓફિસ ખાતે સફળ ટ્રેપ ગોઠવી હતી. ફરિયાદી પાસેથી રૂ. 500 ની લાંચની રકમ સ્વીકારતાની સાથે જ ACB ની ટીમે દરોડો પાડીને રેલવે કર્મચારીને સ્થળ પર જ રંગેહાથ પકડી પાડ્યો હતો. ACB એ લાંચની સ્વીકારેલી રૂ.500 ની પૂરેપૂરી રકમ પણ સ્થળ પરથી રિકવર કરી લીધી છે.લાંચ લેતા ઝડપાયેલા કર્મચારીની ઓળખ સુરેશકુમાર રામુજી સોલંકી તરીકે થઈ છે, જેઓ ડીસા રેલવે સ્ટેશન પર ચીફ બુકિંગ ક્લાર્ક, વર્ગ-3 તરીકે પશ્ચિમ ઝોન અમદાવાદ હેઠળ ફરજ બજાવતા હતા.

કરુણ અંત

બે દિવસથી ગુમ 14 વર્ષીય કિશોરનો નર્મદામાંથી મળ્યો મૃતદેહ, શોધખોળનો કરુણ અંત

ભરૂચ : ભરૂચની નિજધામ રેસીડેન્સીમાંથી 2 દિવસ પહેલા ગુમ થયેલા 14 વર્ષીય કાનવ શાહનો મૃતદેહ મળી આવતા સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો છે. કાનવ રાત્રિના સમયે સાયકલ લઈને ઘરેથી નીકળ્યો હતો, પરંતુ ત્યારબાદ તેનો કોઈ પત્તો મળ્યો ન હતો. પરિવારજનોએ સતત શોધખોળ કરી હતી, છતાં કાનવ અંગે કોઈ માહિતી મળી શકી નહોતી.

ગુમ થયેલા કિશોરની શોધ દરમિયાન ગતરોજ જૂના સરદાર બ્રિજ પરથી તેની સાયકલ મળી આવી હતી. સાયકલ મળી આવતાં નર્મદા નદીમાં કાનવની શોધખોળ શરૂ કરવામાં આવી હતી. ભરૂચ ફાયર વિભાગ અને સામાજિક કાર્યકરોની ટીમ દ્વારા નદી અને આસપાસના વિસ્તારોમાં સતત સર્ચ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું.2 દિવસ સુધી ચાલેલી સઘન શોધખોળ બાદ કાનવ શાહનો મૃતદેહ નર્મદા નદીના કાંસિયા નજીકના પટ વિસ્તારમાંથી મળી આવ્યો હતો. મૃતદેહ મળતાં પરિવારજનોમાં શોક અને ગમગીની છવાઈ ગઈ હતી. ગુમ થયેલા 14 વર્ષીય બાળકની શોધ માટે પરિવાર છેલ્લા 2 દિવસથી આશા સાથે રાહ જોઈ રહ્યો હતો, પરંતુ અંતે શોધખોળનો કરુણ અંત આવ્યો.

કુલ રૂ.૮૧૭૪/- નો મુદામાલ કબ્જે

મેઘપર ગામ માંથી ડીગ્રી વગરના બે ડોકટર ને પકડી પાડતી જામનગર એસ.ઓ.જી. પોલીસ

| વિશાલ જે હરવરા જામનગર

જામનગર એસ.ઓ.જી., ના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેકટર વી.બી.ચૌધરી તથા પોલીસ સબ ઈન્સપેકટર એલ.એમ.ઝેર ના માર્ગદર્શન મુજબ એસ.ઓ.જી. સ્ટાફના માણસો જામનગર ગ્રામ્ય વિસ્તારમા પેટ્રોલીંગ દરમ્યાન એસ.ઓ.જી.સ્ટાફના રમેશભાઈ ચાવડા તથા તોષીફભાઈ તાયાણી તથા ફિરોજભાઈ ખફી ને બાતમી મળેલ કે, મેઘપર ગામમા પતરા વાળી માર્કેટમાં તથા મચ્છી માર્કેટમાં શ્રીમંતો પશુપતિ બિસ્વાસ તથા અવિજીત બિસ્વાસ નામના ઈસમો મેડીકલ ડોકટર ને લગતી ડિગ્રી ધરાવતા ના હોવા છતા મજકુર ઈસમો દવાખાનુ ખોલી દર્દીઓને તપાસી તે દર્દીઓને અલગ અલગ પ્રકારની દવાઓ તેમજ ઈન્જેકશનો આપી પૈસા વસુલ કરે છે તેવી હકિકત આધારે રેઈડ કરી મજકુર બંનેના કબ્જામાથી જુદી જુદી કંપનીની દવાઓ, સ્ટેથોસ્કોપ, વિગેરે સાધનો મળી કુલ રૂ.૮૧૭૪/- નો મુદ્દામાલ કબ્જે કરી આરોપી વિરૂધ્ધ મેઘપર (પડાણા) પો.સ્ટે. ખાતે મેડીકલ પ્રેકટીશનર્સ એકટ ૧૯૬૩ ની કલમ ૩૦ તથા B.N.S. કલમ ૧૨૫ મુજબ અલગ અલગ બે ગુનો દાખલ કરાવી કાયદેસર કાર્યવાહી કરેલ છે.

આરોપીનુ નામ

(૧) શ્રીમંતો પશુપતિ બિસ્વાસ

(૨) અવિજીત અધિર બીસ્વાસ

કબ્જે કરવામા આવેલ મુદ્દામાલ:-

(૧) અલગ અલગ કંપનીઓના ઈન્જેક્શન તથા ટેબલેટ તથા સ્ટેથોસ્કોપ તથા બી.પી માપવાનુ મશીન વીગેરે મેડીકલને લગત ચીજવસ્તુ મળી કુલ કિ.રૂ. ૮૧૭૪/- ની મત્તાનો મુદ્દામાલ

નખત્રાણામાં ભક્તિ, શ્રદ્ધા અને લોકસંસ્કૃતિના ત્રિવેણી સંગમ સમો ભવ્ય રામદેવપીર લોકમેળો તા. ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર યોજાશે

| મહેશ એલ.સોની | નખત્રાણા

કચ્છની ધરતી પર જ્યાં લોકઆસ્થાનો દીવડો સદાય ઝળહળે છે, એવા નખત્રાણા નગરમાં આગામી તા. ૨૧ થી ૨૩ સપ્ટેમ્બર દરમિયાન શ્રદ્ધા અને ઉલ્લાસના પ્રતીક સમા રામદેવપીરના ભવ્ય લોકમેળાનું અનેરું આયોજન થવા જઈ રહ્યું છે.નખત્રાણા નગરપાલિકાની કારોબારી સમિતિની એક અતિ મહત્વપૂર્ણ બેઠક કારોબારી સમિતિના તેજસ્વી અને કર્મઠ ચેરમેન શ્રી ચંદનસિંહ રાઠોડના અધ્યક્ષસ્થાને સંપન્ન થઈ હતી. આ બેઠકમાં નગરના સર્વાંગી વિકાસને વેગ આપતા અનેક વિકાસલક્ષી પ્રકલ્પોની સઘન ચર્ચા-વિચારણા સાથે, આગામી રામદેવપીર લોકમેળાના સુચારુ અને ભવ્ય આયોજન અંગે ઐતિહાસિક નિર્ણયો લેવામાં આવ્યા હતા. બેઠકમાં સર્વાનુમતે નિર્ણય લેવામાં આવ્યો છે કે, તા. ૨૧ સપ્ટેમ્બર, રવિવારના રોજ સાંજે ૫:૦૦ કલાકે ભક્તિના રણકા સાથે આ લોકમેળાને ખુલ્લો મૂકવામાં

આવશે. ત્યારબાદ ત્રણ દિવસ સુધી આખું નખત્રાણા રામદેવપીરના જયઘોષ અને મેળાની રંગતમાં તરબોળ થઈ જશે.લોકમેળાના પારદર્શક અને સુવ્યવસ્થિત આયોજન માટે નગરપાલિકા દ્વારા રૂ. ૨.૧૫ લાખની અપસેટ પ્રાઈઝ નક્કી કરવામાં આવી છે. આ નિર્ધારિત કિંમતના આધારે હરાજી પ્રક્રિયા મારફતે ટેન્ડર પ્રક્રિયા હાથ ધરીને મેળાના આયોજન માટેની કાર્યવાહીને આગળ ધપાવવામાં આવશે.આ લોકમેળાના અવસરને વધુ યાદગાર બનાવવા માટે અંતિમ દિવસે તા. ૨૩ સપ્ટેમ્બરના રોજ ભવ્ય 'બબ મલાબડો' નું પણ આયોજન કરવામાં આવ્યું છે, જે મેળાનું મુખ્ય આકર્ષણ બની રહેશે. લોકોની સુરક્ષા, સ્વચ્છતા અને સુવિધાને ધ્યાનમાં રાખીને નગરપાલિકા તંત્ર દ્વારા તમામ જરૂરી તૈયારીઓ અને વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.આ ઉપરાંત, બેઠકમાં નગરના વિકાસ કામો સમયબદ્ધ રીતે સંપન્ન થાય તે હેતુસર અનેક મહત્વપૂર્ણ ટેન્ડરોને બહાલી આપવામાં આવી હતી, જેથી નખત્રાણાના વિકાસની ગતિને વધુ વેગ મળી શકે.આ મહત્વપૂર્ણ બેઠકમાં નગરપાલિકાના ચીફ ઓફિસર શ્રી ભાવિન કાંધાણી, કારોબારી સભ્યો શ્રી ભાવિન ઠક્કર, શ્રીમતી ખુશ્બૂ સોની, શ્રી અમિત ગોસ્વામી, શ્રી હિરેન ભટ્ટ, શ્રી જયેશ પટેલ અને શ્રીમતી હંસાબેન રૈયાણી સહિતના સદસ્યો ઉત્સાહભેર ઉપસ્થિત રહ્યા હતા.

પૂ. મોરારીબાપુની અકસ્માતે નિર્વાણાર્થીઓના પરિવારને ₹3 લાખની સહાય

વેળાવદર (તખુભાઈ સાંડસુર દ્વારા)

પૂ.મોરારિબાપુએ લઠ્ઠા કાંડનો ભોગ બનેલા 12 પરિવારોને રૂપિયા 1.80 લાખ અને રાજકોટ મથાવાડાના ડુબી ગયેલા 6 મૃતકો તથા ભાવનગરમાં અકસ્માતનો ભોગ બનેલા 2 મૃતકો મળીને કુલ 8 વ્યક્તિઓને રૂપિયા 1.20 લાખની સહાય અર્પણ કરવામાં આવી રહી છે.પૂ.બાપુએ વ્યસનથી પીડિત પરિવારો માટે સંવેદના વ્યક્ત કરી છે. આમ કુલ મળીને રુ 3-00 લાખની સહાય આપવામાં આવી.

૧૧ મહિનાથી ફરાર આરોપી નાનકભાઈ ઉર્ફે ટનપો જાનીયાભાઈ ડુ. ભીલને ઝડપી પાડ્યો

| કમલેશ પટેલ | સંખેડા

સંખેડા પોલીસે પ્રોહિબિશનના ગુનામાં છેલ્લા ૧૧ મહિનાથી ફરાર આરોપી નાનકભાઈ ઉર્ફે ટનપો જાનીયાભાઈ ડુ. ભીલને ઝડપી પાડ્યો છે. આરોપી રણભોર, તા. નસવાડી, જિ. છોટાઉદેપુરનો રહેવાસી છે.વડોદરા વિભાગના પોલીસ મહાનિરીક્ષક સંદિપ સિંઘ, છોટાઉદેપુરના પોલીસ અધિક્ષક ઈમ્તીયાઝ શેખ અને બોડેલી ડિવિઝનના મદદનીશ પોલીસ અધિક્ષક હર્ષ શર્માએ જિલ્લાના તમામ થાણા અધિકારીઓ અને શાખા ઈન્ચાર્જને ગુજરાત રાજ્ય અને રાજ્ય બહારના નાસતા-ફરતા આરોપીઓને પકડી પાડવા સૂચના આપી હતી.આ સૂચનાના આધારે, સંખેડા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર જે.યુ. ગોહિલે પોતાની ટીમ સાથે મળીને ટેકનિકલ અને હ્યુમન સોર્સના આધારે બાતમી મેળવી હતી. આ બાતમીના આધારે, સંખેડા પોલીસ ટીમે ૧૧ મહિનાથી નાસતા-ફરતા આ આરોપીને શોધી કાઢી તેની અટકાયત કરી હતી.આરોપી સંખેડા પોલીસ સ્ટેશનના સી પાર્ટ ગુ.રજી.નં. ૧૧૧૮૪૦૦૯૨૫૫૧૨૪૬/૨૦૨૫, પ્રોહિબિશન એક્ટ કલમ ૬૫(એ)(ઈ), ૯૮(૨), ૮૧ મુજબના ગુનામાં સંડોવાયેલો હતો.આ પ્રશંસનીય કામગીરીમાં પોલીસ ઈન્સ્પેક્ટર જે.યુ. ગોહિલ, હેડ કોન્સ્ટેબલ શૈલેષભાઈ કનુભાઈ (બ.નં. ૦૮૩) અને પોલીસ કોન્સ્ટેબલ રાહુલસિંહ ઘનશ્યામસિંહ (બ.નં. ૦૨૪૭) સામેલ હતા.

'ડિજિટલ સેલ્ફી લિંક'

જામનગરમાં ૨૦મી સાર્વજનિક કૃષ્ણ જન્માષ્ટમી શોભાયાત્રા નિમિત્તે 'ડિજિટલ સેલ્ફી લિંક'નું લોકાર્પણ

| વિશાલ જે હરવરા | જામનગર

છોટીકાશી ગણાતા જામનગરમાં છેલ્લા ૧૯ વર્ષથી અવિરત નીકળતી અને આ વર્ષે ૪,સપ્ટેમ્બરે ૨૦મા વર્ષમાં પ્રવેશતી શ્રી કૃષ્ણ જન્માષ્ટમી સાર્વજનિક શોભાયાત્રાના આયોજનના ભાગરૂપે 'હર ઘર ભગવા અભિયાન'નો ઉત્સાહભેર પ્રારંભ કરવામાં આવ્યો છે. આવનાર જન્માષ્ટમીની સાર્વજનિક શોભાયાત્રાના આયોજનને વધુ ભવ્ય બનાવવા માટે ૨૫ ઓગસ્ટના રોજ એક ખાસ બેઠક યોજવામાં આવી હતી, જેમાં શ્રી કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજના વરદ્ હસ્તે વિશેષ 'ડિજિટલ સેલ્ફી લિંક'નું લોકાર્પણ કરાયું હતું.આ ગૌરવપૂર્ણ પ્રસંગે શોભાયાત્રા સમિતિના અગ્રણીઓ કિંજલભાઈ કારસરીયા, પ્રો. દિલીપભાઈ આશર, ભીમશીભાઈ પીઠિયા અને કિશનભાઈ વસરા સહિત ખોડલધામ સમિતિના રોહિતભાઈ માધાણી, હાર્દિક વસોયા, ઓમ પાંભર તેમજ વિશ્વ હિન્દુ પરિષદના વિજયભાઈ વોરા અને સનાતન ધર્મના વિવિધ સામાજિક-ધાર્મિક સંગઠનોના પ્રતિનિધિઓ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. આ તકે કૃષ્ણ પ્રણામી ધર્માચાર્ય અનંતશ્રી વિભૂષિત જગદગુરુ આચાર્યશ્રી કૃષ્ણમણિજી મહારાજે આજના આધુનિક યુગમાં પ્રચલિત ડિજિટલ માધ્યમોના મહત્વ વિશે ભાર મૂક્યો હતો. તેમણે દરેક શ્રદ્ધાળુઓને ડિજિટલ સેલ્ફી લિંકના માધ્યમથી પોતાની સેલ્ફી સાથેના પોસ્ટર સોશિયલ મીડિયા પર શેર કરી ધર્મભાવના સાથે આ શોભાયાત્રામાં જોડાવા આગ્રહ કર્યો હતો.

આ જુલુસમાં હિન્દુ-મુસ્લિમ એકતાના અનોખા દર્શન થયા હતા

બહાદરપુર ખાતે ઈદ-એ-મિલાદુન-નબીના પવિત્ર પર્વ નિમિત્તે મુસ્લિમ બિરાદરો દ્વારા ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું

| કમલેશ પટેલ | સંખેડા

આ જુલુસ કસ્બા વિસ્તારથી શરૂ થઈ નાના બજાર, હોળી ચકલા, બહાદરપુર ટાવર, બજાર અને છાણી ફળિયા સહિત સમગ્ર બહાદરપુર ગામમાં ફર્યું હતું. મોટી સંખ્યામાં મુસ્લિમ બિરાદરો આ ઉજવણીમાં જોડાયા હતા.તહેવારની આ ઉજવણી દરમિયાન ગામના સરપંચ ભૌમિકભાઈ દેસાઈ અને અન્ય ગામના આગેવાનો પણ જુલુસમાં જોડાયા હતા. તેમણે હિન્દુ-મુસ્લિમ ભાઈચારા અને કોમી એકતાના પ્રતીકરૂપે આ પર્વને ખૂબ ઉત્સાહભેર ઉજવ્યો હતો.કાયદો અને વ્યવસ્થા જાળવવા માટે સંખેડા પોલીસ સ્ટેશનના રાયસિંગભાઈ અને પોલીસ સ્ટાફ તેમજ બહાદરપુર આઉટપોસ્ટના પીએસઆઈ બારીયા સાહેબ, હીનાબેન અને મયુરભાઈ સહિત પોલીસ સ્ટાફ તથા હોમગાર્ડના જવાનો બંદોબસ્તમાં હાજર રહ્યા હતા.

15 વર્ષીય સગીરાને ગર્ભવતી બનાવનાર 27 વર્ષીય આરોપીને 20 વર્ષની કેદ

વાપી : વાપીના ડુંગરા વિસ્તારમાં રહેતી 15 વર્ષીય સગીરાને પ્રેમજાળમાં ફસાવ્યા બાદ શારીરિક સંબંધ બાંધી ગર્ભવતી બનાવાના કેસમાં કોર્ટે આરોપીને 20 વર્ષની કેદની સજા અને રૂ.10 હજારનો દંડ ફટકારતો મહત્વનો ચૂકાદો આપ્યો છે. જ્યારે પિડીતાને રૂ.4 લાખનું વળતર ચૂકવવા પણ આદેશ કર્યો છે. નરાધમે સમયાંતરે સગીરા સાથે ખોટુ કામ કર્યા બાદ સગીરાની તબીયત લથડયા બાદ ભાંડો ફૂટ્યો હતો.કેસની વિગત એવી છે કે વાપીના ડુંગરા વિસ્તારમાં એક પરિવાર ચા-નાસ્તાની દુકાન ચલાવે છે. વર્ષ 2023માં ચાંદબાબુ ઈસ્માઈલ હાસમી અવરનવર દુકાન પર આવતો હતો. તે દરમિયાન પરિવારની 15 વર્ષીય કામીની (નામ બદલ્યું છે.) ને પ્રેમજાળમાં ફસાવી હતી. કામવાસનામાં ચકચુર ચાંદબાબુએ અવર નવર ડુંગરા કોલોની સ્થિત બિલ્ડીંગના ત્રીજા માળે સીડી નજીક શારીરિક શોષણ કર્યુ હતું. જો કે ગત તા.27-11-2023 ના રોજ કામીનીની તબિયત લથડતા સેલવાસ સિવિલ હોસ્પિટલમાં ખસેડાઈ હતી. કામીનીની તબીબી તપાસવેળા ગર્ભવતી હોવાનું બહાર આવ્યું હતું. પૂછપરછમાં ચાંદબાબુએ ગંભીર કૃત્ય કર્યું હોવાનું બહાર આવતા ફરિયાદ કરાઈ હતી.ડુંગરા પોલીસે ગુનો નોંધી આરોપીની ધરપકડ કર્યા બાદ ચાર્જશીટ પણ રજુ કરી દીધી હતી. કોર્ટમાં હાથ ધરાયેલી દરમિયાન પબ્લિક પ્રોસિક્યુટર અનિલ ત્રિપાઠીએ પિડીતા સહિત અનેક લોકોની જુબાની, મેડિકલ રિપોર્ટ સહિતના સજ્જડ પુરાવા સાથે દલીલો કરી હતી. જજ એચ.એન. વકીલે આરોપી ચાંદબાબુને તકસીરવાર ઠેરવી 20 વર્ષની કેદ અને રૂ.10 હજારનો દંડ ફટકારતો પોકસો એક્ટ હેઠળનો મહત્વનો ચૂકાદો આપ્યો છે.

THIS IS A PUBLIC ANNOUNCEMENT FOR INFORMATION PURPOSE ONLY AND IS NOT A PROSPECTUS ANNOUNCEMENT AND DOES NOT CONSTITUTE AN INVITATION OR OFFER TO ACQUIRE, PURCHASE OR SUBSCRIBE FOR SECURITIES. NOT FOR RELEASE, PUBLICATION OR DISTRIBUTION, DIRECTLY OR INDIRECTLY OUTSIDE INDIA. INITIAL PUBLIC OFFER OF EQUITY SHARES ON THE SME PLATFORM OF BSE LIMITED ("BSE SME") IN COMPLIANCE WITH CHAPTER IX OF THE SECURITIES AND EXCHANGE BOARD OF INDIA (ISSUE OF CAPITAL AND DISCLOSURE REQUIREMENTS) REGULATIONS, 2018, AS AMENDED ("SEBI ICDR REGULATIONS").

(Scan this QR to view the Prospectus)

FARM PEACE

FARM PEACE LIMITED

Corporate Identification Number: U01100GJ2021PLC126500

Our company was incorporated as a private limited Company under the name *"Farm Peace Private Limited"* under the provisions of the Companies Act, 2013 vide certificate of incorporation dated October 20, 2021 issued by the Deputy Registrar of Companies, Central Registration Centre. Further, our company was converted from a private limited company to a public limited company, pursuant to a special resolution passed in the extraordinary general meeting of our shareholders held on July 23, 2024 and the name of our Company was changed to *"Farm Peace Limited"* with a fresh certificate of incorporation dated October 14, 2024, issued to our Company by the Assistant Registrar of Companies, Central Processing Centre. The Corporate Identification Number of our Company is U01100GJ2021PLC126500. For further details on incorporation and registered office of our Company, see *"History and Certain Corporate Matters"* on page 209 of the Prospectus dated August 25, 2026 filed with the ROC, Ahmedabad, Gujarat.

Registered Office & Corporate Office: 12, Manu Panchal Industrial Estate, Nr. Indira Nagar, Amraiwadi Road, Ahmedabad – 380 026, Gujarat, India.
Contact Person: Dharaben Chirag Patel, Company Secretary and Compliance Officer
Telephone: 079 - 2991 7018 | **Email:** investors@farmpeace.in | **Website:** www.farmpeace.in

માહિતી બ્યુરો, પાલનપુર | રાજ્ય સરકાર દ્વારા નાગરિકોને તેમના પ્રશ્નોનું ઝડપી, પારદર્શક અને અસરકારક નિરાકરણ મળી રહે તેવા હેતુથી અમલમાં મુકાયેલ સ્વાગત - ફરિયાદ નિવારણ કાર્યક્રમ પ્રજાલક્ષી અભિગમનું ઉત્તમ ઉદાહરણ સાબિત થઈ રહ્યો છે. રાજ્ય સ્તરથી લઈ તાલુકા અને જિલ્લા કક્ષાએ દર મહિને યોજાતા આ કાર્યક્રમના માધ્યમથી હજારો નાગરિકોની રજૂઆતોનું સમયબદ્ધ અને સંતોષકારક નિરાકરણ લાવવામાં આવી રહ્યું છે. આ કાર્યક્રમ દ્વારા સામાન્ય નાગરિકોને સીધા વહીવટી તંત્ર સમક્ષ પોતાની રજૂઆત કરવાની સુવિધા પ્રાપ્ત થતી હોવાથી લોકોમાં વિશ્વાસ અને સંતોષની ભાવના વધુ મજબૂત બની રહી છે.બનાસકાંઠા જિલ્લા કલેક્ટરશ્રી મિહિર પટેલના અધ્યક્ષસ્થાનેકલેક્ટર કચેરી પાલનપુર ખાતે જિલ્લા સ્વાગત અને ફરિયાદ નિવારણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન જિલ્લામાંથી આવેલા 10 જેટલાં અરજદારોએ વિવિધ પ્રશ્નોને

લગતી રજૂઆતો કરી હતી. જિલ્લા કલેક્ટરશ્રીએ અરજદારોની રજૂઆતો ધ્યાનપૂર્વક સાંભળી સંબંધિત વિભાગના અધિકારીઓને ત્વરિત કાર્યવાહી કરવા તેમજ પ્રશ્નોના ગુણવત્તાસભર અને સમયમર્યાદામાં ઉકેલ લાવવા જરૂરી માર્ગદર્શન અને સૂચનાઓ આપી હતી. કાર્યક્રમ દરમિયાન નાગરિકોના દબાણ દૂર કરવાની રજૂઆતો, વિકાસકાર્યો, આવાસ સહાય, જમીનના ક્ષેત્રફળમાં રહેલી વિસંગતતા, ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓ વધારવા સહિતના વિવિધ પ્રશ્નોને પ્રાથમિકતા સાથે સાંભળી સંબંધિત વિભાગો દ્વારા સ્થળ પર જ જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.આ કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારીશ્રી એમ.જે. દવે, જિલ્લા પોલીસ અધ્યક્ષ શ્રી પ્રશાંત સુંબે, નિવાસી અધિક કલેક્ટરશ્રી સી.પી. પટેલ સહિત સંબંધિત વિભાગોના અધિકારીશ્રીઓ, કર્મચારીઓ અને અરજદારો ઉપસ્થિત રહ્યા હતા.

નખત્રાણા તાલુકાના ટોડિયા ગામે માલધારીના વાડામાં જંગલી કૂતરાઓનો આતંક:

45 જેટલા ઘેટા-બકરાના લવારાનું મારણ, માલધારીને અઢી લાખનું નુકસાન, આજીવિકા પર આભ ફાટ્યું

મહેશ એલ. સોની | નખત્રાણા

નખત્રાણા તાલુકાના ટોડિયા ગામે આજે એક કરુણ ઘટના બની છે. ગામના સીમાડે આવેલા માલધારીના વાડામાં જંગલી કૂતરાઓએ ઘૂસીને 45 જેટલા નાના ઘેટા-બકરાના લવારાનું મારણ કર્યું હોવાની ઘટના સામે આવી છે.પ્રાપ્ત માહિતી મુજબ, ટોડિયા ગામના માલધારી પરિવાર રોજની જેમ મોટા ઘેટા-બકરા ચરાવવા માટે વગડામાં ગયા હતા. વાડામાં માત્ર બે થી ચાર મહિનાના નાના લવારા જ હતા. આ તકનો લાભ લઈ પાંચ ફૂટ ઊંચી વાડ કૂદીને 4 થી 5 જંગલી કૂતરાઓ વાડામાં ઘૂસી ગયા હતા અને નિર્દોષ લવારાઓ પર હુમલો કર્યો હતો.આ હુમલામાં 45 જેટલા લવારાઓના ઘટના સ્થળે જ મોત નીપજ્યા હતા. એક સાથે આટલા બધા લવારાના મોત થતા માલધારી પરિવારને આશરે બે થી અઢી લાખ રૂપિયાનું આર્થિક નુકસાન થયું છે.માલધારી પરિવારની આજીવિકાનો મુખ્ય આધાર ઘેટા-બકરા પાલન છે. આ ઘટનાને પગલે પરિવારની આજીવિકા ઉપર જાણે આભ ફાટી પડ્યું હોય તેવી સ્થિતિ સર્જાઈ છે.આ બાબતે સ્થાનિક પશુપાલન વિભાગ અને વન વિભાગને જાણ કરવામાં આવી છે. માલધારી સમાજ દ્વારા તંત્રને નુકસાનીનું વળતર ચૂકવવા અને જંગલી કૂતરાઓના ત્રાસને અટકાવવા યોગ્ય કાર્યવાહી કરવા માંગણી કરવામાં આવી છે.

કેશોદમાં ભારત વિકાસ પરિષદ દ્વારા 'રાખી મેકિંગ સ્પર્ધા-2026'નું આયોજન

નરેન્દ્ર દવે જૂનાગઢ

ભારત વિકાસ પરિષદ કેશોદના આયોજન હેઠળ બહેનો માટે 'રાખી મેકિંગ સ્પર્ધા-2026'નું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાનો મુખ્ય ઉદ્દેશ પરંપરાગત વસ્તુઓના સર્જનાત્મક ઉપયોગ દ્વારા ભારતીય સંસ્કૃતિ અને પરંપરાને પ્રોત્સાહન આપવાનો હતો. સ્પર્ધામાં 15 વર્ષથી નીચેની બહેનો માટે ગ્રુપ-A અને 15 વર્ષથી ઉપરની બહેનો માટે ગ્રુપ-B એમ બે વિભાગ રાખવામાં આવ્યા હતા. સ્પર્ધાર્થી ઓએ મોતી, ઊન, સુતરી, અનાજ, કઠોળ, કાગળ, પુઠું, સ્લંઝ, કાપડ જેવી પરંપરાગત વસ્તુઓની મદદથી સ્થળ પર જ એક કલાક માં રાખડી બનાવી રજૂ કરવાની હતી. તૈયાર રાખડી માટે રેડીમેડ વસ્તુઓનો ઉપયોગ કરવાની મનાઈ રાખવામાં આવી હતી. સ્પર્ધાનું આયોજન 23 ઓગસ્ટ, 2026ના રોજ લોહાણા મહાજન વાડી, શરદ ચોક,

કેશોદ ખાતે કરવામાં આવ્યું હતું. સ્પર્ધા દરમિયાન બહેનોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાની સર્જનાત્મકતા અને કલાત્મક કૌશલ્યનું પ્રદર્શન કર્યું હતું. કાર્યક્રમના સંયોજકો તરીકે શ્રીમતી કંચનબેન ગજેરા, શ્રીમતી શારદાબેન રાઠોડિયા, શ્રીમતી ઉષાબેન સોલંકી અને શ્રીમતી ગોપીબેન સુબા સહિતના આગેવાનોએ કામગીરી સંભાળી હતી. ભારત વિકાસ પરિષદ કેશોદના અધ્યક્ષ આર.પી.સોલંકી, સચિવ જિતેન્દ્ર પટેલ, સંપર્ક સચિવ નિશાંત પુરોહિત તથા કોષાધ્યક્ષ જયદીપભાઈ સોનીના માર્ગદર્શન હેઠળ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું.ભારત વિકાસ પરિષદ કેશોદના સ્થાપક પ્રમુખશ્રી ડો. સ્નેહલ તન્ના ના માર્ગદર્શન હેઠળ યોજાયેલી આ સ્પર્ધા દ્વારા ભારતીય સંસ્કૃતિ, પરંપરા અને સર્જનાત્મકતાને પ્રોત્સાહન આપવાનો સુંદર પ્રયાસ કરવામાં આવ્યો હતો.

બનાસકાંઠાના વિંછીવાડી ખાતે બનાસ બાયો-સીએનજી પ્લાન્ટનું લોકાર્પણ: હરિત ઊર્જા અને ગૌ-આધારિત અર્થતંત્રને મળશે નવી દિશા

માહિતી બ્યુરો, પાલનપુર

બનાસકાંઠાના સર્વાંગી વિકાસમાં એક નવો અધ્યાય ઉમેરતાં ધાનેરા તાલુકાના વિંછીવાડી ખાતે બનાસ ડેરી, સુઝુકી મોટર્સ અને એનડીડીબીના સંયુક્ત ઉપક્રમે સ્થાપિત 'બનાસ બાયો-સીએનજી મોડેલ પ્લાન્ટ'નું ગુજરાત વિધાનસભાના અધ્યક્ષ શ્રી શંકરભાઈ ચૌધરીની અધ્યક્ષતામાં તથા સુઝુકી મોટર્સ કોર્પોરેશનના ચેરમેન શ્રી તોશિહિરો સુઝુકી, કૃષિ મંત્રી શ્રી જીતુભાઈ વાઘાણી અને વન તથા પર્યાવરણ મંત્રી શ્રી પ્રવીણભાઈ માળીની ઉપસ્થિતિમાં તકતી અનાવરણ કરી લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાયો-સીએનજી ફિલિંગ સ્ટેશનનું ઉદ્ઘાટન તેમજ દેશમાં સહકારી મોડેલ આધારિત પ્રથમ 'ગ્રામીણ ભારત ટેસ્ટ'ને લીલી ઝંડી આપી પ્રસ્થાન કરાવવામાં આવ્યું હતું. ઉપસ્થિત મહાનુભાવોએ પ્લાન્ટની મુલાકાત લઈ ગોબર પ્રોસેસિંગ, બાયો-ગેસ ઉત્પાદન, ગેસ શુદ્ધિકરણ તથા વિતરણ પ્રક્રિયાની વિસ્તૃત માહિતી મેળવી હતી. આ પ્રોજેક્ટ સ્વચ્છ ઊર્જાને પ્રોત્સાહન આપવા સાથે ગૌ-આધારિત અર્થતંત્ર અને ખેડૂતોના કલ્યાણ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.આ પ્રસંગે સુઝુકી મોટર્સ કોર્પોરેશનના ચેરમેન શ્રી તોશિહિરો સુઝુકીએ જણાવ્યું કે, બનાસ ડેરી, એનડીડીબી અને સુઝુકીની ત્રિપક્ષીય ભાગીદારીથી વીંછીવાડી ખાતે સાકાર થયેલો બાયોગેસ પ્લાન્ટ હરિત ઊર્જા ક્ષેત્રે મહત્વનું સીમાચિહ્ન છે. વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ અને તત્કાલીન ગૃહ અને સહકાર મંત્રી શ્રી અમિતભાઈ શાહના માર્ગદર્શન તથા ભારત અને

જાપાન વચ્ચે થયેલા સંયુક્ત સંકલ્પ થકી દેશભરમાં ૧,૦૦૦ બાયોગેસ પ્લાન્ટ સ્થાપવાનું સ્વપ્ન હવે ઝડપથી વાસ્તવિકતા તરફ આગળ વધી રહ્યું છે. ભારતમાં ૪૦ વર્ષના બહોળા અનુભવ સાથે સુઝુકી કંપની બનાસ ડેરી સાથે ખભેખભા મિલાવીને આ ક્ષેત્રને નવી ઊંચાઈએ લઈ જવા કટિબદ્ધ છે. તેમણે દામા પ્લાન્ટથી શરૂ થયેલી આ બાયોગેસ ક્રાંતિ માટે સાહસિક અને દૂરંદેશી નેતૃત્વ પૂરું પાડવા બદલ બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીનો વિશેષ આભાર વ્યક્ત કર્યો હતો.આ પ્રસંગે વિધાનસભાના અધ્યક્ષ અને બનાસ ડેરીના ચેરમેન શ્રી શંકરભાઈ ચૌધરીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના 'વેસ્ટ ટુ વેલ્થ' અને ગોવર્ધન યોજનાના વિઝનને સાકાર કરવા બનાસ ડેરી સતત અગ્રેસર રહી છે. વૈશ્વિક ઓટોમોબાઈલ અગ્રણી સુઝુકી કંપનીના સહયોગ થકી રૂ. ૨૫૦ કરોડના મૂડીરોકાણ થકી બૃહદ બનાસકાંઠા જિલ્લામાં બાયો-સીએનજી ક્રાંતિ આગળ વધી રહી છે. દામા ખાતે ૪૫ મેટ્રિક ટનથી શરૂ થયેલી આ સફર આજે ૪ કાર્યરત પ્લાન્ટ થકી દૈનિક ૩૪૦ મેટ્રિક ટન ક્ષમતાએ પહોંચી છે. આગામી સમયમાં થરાદ અને રાધનપુર ખાતે નવા બે પ્લાન્ટ આકાર લેશે. જિલ્લાના ૩૦ લાખ પશુધનના છાણ થકી ભવિષ્યમાં આવા ૧૦૦ પ્લાન્ટ સ્થાપવાની બૃહદ બનાસકાંઠાની ક્ષમતા છે. આ પ્રોજેક્ટ ક્લીન ક્યુઅલની સાથે છાણના વૈજ્ઞાનિક મૂલ્યવર્ધન થકી જમીનનો ઘટતો ઓર્ગેનિક કાર્બન સુધારી પ્રાકૃતિક-ઝેરમુક્ત ખેતીને પ્રોત્સાહન આપશે, જેથી પશુપાલકોને દૂધ ઉપરાંત છાણમાંથી પણ આર્થિક ઉપાર્જન થશે.

બનાસકાંઠા જિલ્લાની ભવ્ય "સંસ્કૃત ગૌરવયાત્રા"ની ઉજવણી આજ રોજ તા. 25/08/2026ના પાલનપુરમાં યોજાઈ

મહાનુભવો દ્વારા સૌ પ્રથમ ગૌ પૂજન, તુલસી પૂજન કરી, વૈદિક સંસ્કૃતિનુસાર સ્વસ્તિક તેમ શંખનાદ સાથે શ્રીફળ વધેરી સમગ્ર "સંસ્કૃત ગૌરવયાત્રા"ને અદભૂત ગૌરવ પ્રદાન કર્યું. સંસ્કૃત ગુરુકુળના બાળ ઋષિઓ દ્વારા વિધિવત મંત્રોચ્ચાર તેમજ કુમારિકાઓના સામૈયા સાથે સંસ્કૃત ગરબા સાથેના મનોરમ્ય વાતાવરણમાં માન. જિલ્લા શિક્ષણાધિકારી સાહેબ શ્રી તથા ગીરીશભાઈ ઠાકર (ગુરુજી) પૂર્વ આચાર્યશ્રી જી.ડી. મોદી કોલેજ સંસ્કૃત તજજ્ઞશ્રી દ્વારા સમગ્ર યાત્રાને કુમકુમ તિલકથી વધાવી પુષ્પવર્ષા કરી શાસ્ત્રોક્ત વિધિનુસાર વૈદિક મંત્રોચ્ચારના આહલાદક નાદ વચ્ચે પ્રસ્થાન કરાવ્યું. બનાસકાંઠા શિક્ષણ તંત્ર દ્વારા ગુજરાત સરકારના શિક્ષણ વિભાગ હેઠળના ગુજરાત રાજ્ય સંસ્કૃત બોર્ડ દ્વારા સંસ્કૃત સપ્તાહ સમારોહ અંતર્ગત યોજાયેલ ભવ્ય "સંસ્કૃત ગૌરવયાત્રા"માં વિવિધ ટેબ્લો રજૂ કરવામાં આવ્યા હતા. જેમાં રામાયણના વિવિધ દ્રશ્યો નો ટેબ્લો, ભગવદ ગીતા ઉપદેશ નો ટેબ્લો, મહાભારતના દ્રશ્યોને ચરિતાર્થ કરતા વિવિધ પાત્રો સાથેનો ટેબ્લો, ઋષિમુનિઓની વેશભૂષા સાથેના બાળકો દ્વારા રજૂ કરાયેલ ટેબ્લો, વિવિધ યોગ કરતા તાલીમાર્થીઓનો ટેબ્લો, વૈદિક તેમજ ગાયત્રી યજ્ઞ (શ્લોક સાથે ચાલુ

યજ્ઞ) દર્શાવતો ટેબ્લો, મહાકવિ કાલિદાસની વિવિધ કૃતિઓ તેમજ ચાર વેદ સાથેનો ટેબ્લો, કિન્નર નારી શક્તિની વેશભૂષા સાથે ટીકરીઓ દ્વારા અદભૂત નારી શક્તિનું દર્શન કરાવતો ટેબ્લો રજૂ કરવામાં આવ્યા. આ સાથે જ વિવિધ સુભાષિત, વિવિધ પોસ્ટર, ધ્યેયવાક્યો તેમજ મુખપાઠ સંસ્કૃત મંત્રોચ્ચાર સાથે સમગ્ર "સંસ્કૃત ગૌરવયાત્રા" શ્રી કે. કે. ગોઠી સ્વસ્તિક સેકન્ડરી હાઈસ્કૂલ થી શરૂ કરીને શ્રી વી.આર. વિદ્યાલય ખાતે પૂર્ણાહુતિ સંસ્કૃત ગરબા, સંસ્કૃતમાં એક પાત્રીય અભિનય તેમજ સંસ્કૃત એકલગીત દ્વારા કરી અંતે "શાંતિમંત્ર" તેમજ સંસ્કૃત નારા સાથે ભારત માતાના જયઘોષ સાથે યાત્રા પૂર્ણ જાહેર કરાઈ.આ સમગ્ર "સંસ્કૃત ગૌરવયાત્રા"માં વિવિધ શાળાઓના કુલ 2315 બાળકો, 256 કર્મચારીગણ, 27 અધિકારીગણ તેમજ 23 પદાધિકારીગણ જોડાયા હતા. કુલ 217 બાળકો વિશેષ વેશભૂષા સાથે જોડાયા હતા તેમજ 138 બાળકોએ વિવિધ ટેબ્લોમાં વિવિધ ઝાંખી તેમજ પ્રતિકૃતિ રજૂ કરી હતી. વિવિધ પ્રકારના કુલ 73 બેનર રજૂ કરાયા હતા.આમ, બનાસકાંઠા જિલ્લા "સંસ્કૃત ગૌરવયાત્રા"માં પ્રાથમિક, માધ્યમિક, (સરકારી, ગ્રાન્ટેડ, ખાનગી) શાળાઓ મહાવિદ્યાલયો અને જનસમુદાય વિશેષ રૂપે જોડાઈ અને સંસ્કૃતનું ભવ્ય ગૌરવ સમજાવીને સંસ્કૃતનું સંરક્ષણ, સંવર્ધન તેમજ હસ્તાંતરણ સાથે વિશેષ પ્રચાર-પ્રસાર થાય તેવા ઉમદા હેતુ અર્થે કટિબદ્ધ બન્યા હતા.

સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, જૂનાગઢ ખાતે જિલ્લાકક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથ્લેટિક્સ સ્પર્ધામાં ૧,૫૦૦થી વધુ ખેલાડીઓએ લીધો ઉત્સાહભેર ભાગ લીધો

નરેન્દ્ર દવે જૂનાગઢ

જૂનાગઢ હોકી ભારતી દ્વારા હોકીના જાદુગર અને મહાન ખેલાડી મેજર ધ્યાનચંદજીની જન્મજયંતી નિમિત્તે તા. ૨૩/૦૮/૨૦૨૬ થી તા. ૨૯/૦૮/૨૦૨૬ દરમિયાન "રાષ્ટ્રીય રમત દિવસ ખેલકૂદ સપ્તાહ"ની ઉજવણી કરવામાં આવી રહી છે. જેના ભાગરૂપે તા. ૨૫/૦૮/૨૦૨૬ના રોજ સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ, ગાંધીગ્રામ, જૂનાગઢ ખાતે શાળાકીય રમતોત્સવ અંતર્ગત જિલ્લાકક્ષાની કબડ્ડી, ખો-ખો, વોલીબોલ અને એથ્લેટિક્સ ભાઈઓની સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આ જિલ્લાકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં જૂનાગઢ જિલ્લાના વિવિધ તાલુકાઓમાંથી વિજેતા થયેલા ૧,૫૦૦થી વધુ ખેલાડી ભાઈઓએ ઉત્સાહભેર ભાગ લઈ પોતાની રમત પ્રતિભાનું પ્રદર્શન કર્યું હતું. મોટી સંખ્યામાં ખેલાડીઓની ઉપસ્થિતિથી સમગ્ર સરદાર પટેલ સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષ રમતગમતના ઉત્સાહથી ગુંજી ઉઠ્યું હતું. આ પ્રસંગે કલેક્ટરશ્રી યોગેશ ચૌધરી, વિભાગીય નિયામકશ્રી વી.એસ. ડાંગર, શ્રી નીલેશભાઈ સોનારા, ડો. વિશાલભાઈ જોશી, શ્રી અશોકભાઈ ગાંધી, ડો. પ્રકાશભાઈ હાથ તથા જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મનીષકુમાર જીલડીયા ઉપસ્થિત રહી ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.આ પ્રસંગે કલેક્ટરશ્રી યોગેશ ચૌધરીએ ખેલાડીઓને પ્રાસંગિક પ્રવચન આપતાં જણાવ્યું હતું કે, "રમતથી મોટું કોઈ એજ્યુકેશન નથી." રમતગમત વ્યક્તિને માત્ર શારીરિક રીતે જ નહીં, પરંતુ માનસિક રીતે પણ મજબૂત બનાવે છે. મેદાન પર મળતી જીત અને હાર બંનેમાંથી જીવનમાં આગળ વધવાની શીખ મળે છે. અને પોતાની રમત પ્રતિભાને સતત મહેનત દ્વારા નિખારવી જોઈએ. તેમણે મોટી સંખ્યામાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ રહેલા ખેલાડીઓને અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, આજના ખેલાડીઓ આવતીકાલના રાજ્ય, રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય કક્ષાના પ્રતિનિધિ બની શકે છે. ખેલાડીઓએ રમતગમતમાં શ્રેષ્ઠ પ્રદર્શન કરી પોતાના પરિવાર, શાળા અને જૂનાગઢ જિલ્લાનું નામ રોશન કરવું જોઈએ.સમગ્ર કાર્યક્રમનું જિલ્લા રમત ગમત અધિકારીશ્રી મનીષકુમાર જીલડીયા તથા જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની ટીમ દ્વારા સુવ્યવસ્થિત સંચાલન અને આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓના સફળ આયોજનમાં જિલ્લા રમત પ્રશિક્ષણ કેન્દ્રની ટીમ, રમતગમતના કોચ, વ્યાયામ મંડળ તથા વિવિધ શાળા-સંસ્થાઓના સહયોગથી જરૂરી વ્યવસ્થાઓ કરવામાં આવી હતી.રાષ્ટ્રીય રમત દિવસ નિમિત્તે આયોજિત આ ખેલકૂદ સપ્તાહનો મુખ્ય ઉદ્દેશ બાળકો અને યુવાનોને રમતગમત સાથે જોડવા, નિયમિત વ્યાયામ અને સ્વસ્થ જીવનશૈલી અંગે જાગૃતિ લાવવા તથા મેજર ધ્યાનચંદજીના જીવન અને રમતગમત ક્ષેત્રે તેમના યોગદાનથી નવી પેઢીને પ્રેરણા આપવાનો છે. જે મનીષકુમાર જીલડીયા જિલ્લા રમત ગમત અધિકારી ,જૂનાગઢની યાદીમાં જણાવ્યું છે.

રાજુલાની શ્રી કુમારશાળા નં ૧ સંસ્કૃત સપ્તાહ અને સંસ્કૃત યાત્રાની ભવ્ય ઉજવણી કરવામાં આવી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

રાજુલા સંસ્કૃત ભાષાના ગૌરવ અને પ્રાચીન ભારતીય સંસ્કૃતિની સમૃદ્ધ પરંપરાને નવી પેઢી સુધી પહોંચાડવાના હેતુથી શાળામાં સંસ્કૃત સપ્તાહની ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી. આચાર્યશ્રી હિરલબેન ઠાકર અને ભાષા શિક્ષક સોનલબેન હરિયાણીના માર્ગદર્શન હેઠળ તા. ૨૫ ઓગસ્ટના રોજ વિવિધ શૈક્ષણિક તથા સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનું તેમજ વહીવટી તંત્ર રાજુલા આયોજિત સંસ્કૃત યાત્રામાં ભાગીદારીનું આયોજન કરવામાં આવ્યું.સંસ્કૃત સપ્તાહના પ્રારંભે વિદ્યાર્થીઓ દ્વારા સંસ્કૃત ગૌરવ યાત્રાનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ઋષિ-મુનિ, મહાન ભારતીય સંસ્કૃતિના પાત્રો તથા વિવિધ પરંપરાગત વેશભૂષા ધારણ કરી યાત્રામાં ભાગ લીધો. વિદ્યાર્થીઓના ઉત્સાહ અને આકર્ષક વેશભૂષાએ સૌનું ધ્યાન ખેંચ્યું હતું. યાત્રા દરમિયાન સંસ્કૃત શ્લોકો, સુભાષિતો તથા સંસ્કૃત ગીતોના ગાન દ્વારા સંસ્કૃત ભાષાના મહત્વનો સંદેશ આપવામાં આવ્યો.સંસ્કૃત સપ્તાહ દરમિયાન વિદ્યાર્થીઓ માટે સંસ્કૃત સંભાષણ, શ્લોકગાન, સુભાષિતગાન, વક્તત્વ તથા

એક મિનિટ જેવી વિવિધ સ્પર્ધાઓનું આયોજન કરવામાં આવ્યું. વિદ્યાર્થીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને સંસ્કૃત ભાષા પ્રત્યેનો પોતાનો પ્રેમ અને રસ વ્યક્ત કર્યો. શાળામાં સંસ્કૃત ભાષા અને ભારતીય સંસ્કૃતિને લગતું પ્રદર્શન પણ યોજવામાં આવ્યું. તેમાં સંસ્કૃત ગ્રંથો, વેદ-પુરાણો, ઋષિ-મુનિઓ તથા ભારતીય સંસ્કૃતિને લગતી વિવિધ માહિતી અને ચિત્રો રજૂ કરવામાં આવ્યાં. વિદ્યાર્થીઓએ સંસ્કૃત ભાષાના રોજિંદા જીવનમાં ઉપયોગને સમજાવવાનો પણ પ્રયાસ કર્યો.આ સમગ્ર આયોજનનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓમાં સંસ્કૃત ભાષા પ્રત્યે ગૌરવ, ભારતીય સંસ્કૃતિ પ્રત્યે આદર અને પોતાની પ્રાચીન વારસા પ્રત્યે જાગૃતિ કેળવવાનો હતો. આચાર્યશ્રી હિરલબેન ઠાકર અને ભાષા શિક્ષક સોનલબેન હરિયાણીના માર્ગદર્શન હેઠળ વિદ્યાર્થીઓએ સમગ્ર કાર્યક્રમમાં ઉત્સાહપૂર્વક ભાગ લીધો.સંસ્કૃત સપ્તાહની ઉજવણીથી શાળાનું વાતાવરણ સંસ્કૃતમય બની ગયું હતું. આ કાર્યક્રમ વિદ્યાર્થીઓ માટે જ્ઞાન, સંસ્કાર અને સંસ્કૃતિનો સુંદર સમન્વય બની રહ્યો અને સૌમાં "જયતુ સંસ્કૃતમ્ જયતુ ભારતમ્" ના નાદ સાથે સંસ્કૃતગૌરવની ભાવના જાગૃત થઈ.

મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ. આર. વાળા દ્વારા શહેરના વિવિધ પ્રકલ્પો અને ગૌશાળાઓનું સ્થળ નિરીક્ષણ

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના વિસ્તારમાં ચાલી રહેલા વિકાસ કાર્યો તથા જાહેર સુવિધાના સ્થળોની સમીક્ષા અર્થે માન. મ્યુનિસિપલ કમિશનરશ્રી આઈ. આર. વાળા દ્વારા નીચે મુજબના વિવિધ સ્થળોની રૂબરૂ મુલાકાત લઈ ત્યાં ચાલી રહેલી કામગીરીની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવી હતી.ગાંધીગ્રામ શેલ્ટર હોમ, ચોબારી રોડ સ્થિત ગૌધામ ગૌશાળા, ઝાંઝરડા ફાયર સ્ટેશનખામધ્રોળ રોડ ખાતે આવેલ કામધેનુ

ગૌશાળા, ખામધ્રોળ ટ્રિમંદિર સામે આવેલ એનિમલ બર્થ કંટ્રોલ (ABC) સેન્ટર, ટોરેન્ટ ગેસ નજીક આવેલ ગોપાલ ગૌશાળા, આ મુલાકાત દરમિયાન કમિશનરશ્રીએ સંબંધિત શાખાઓને તમામ ચાલી રહેલા કામો નિયત સમયમર્યાદામાં ઝડપથી અને ઉચ્ચ ગુણવત્તાના માપદંડો સાથે પૂર્ણ કરવા માટે સૂચનાઓ આપી હતી. ખાસ કરીને એનિમલ બર્થ કંટ્રોલ અને ગૌશાળાઓ ખાતે પ્રાણીઓની યોગ્ય દેખભાળ અને વ્યવસ્થા જળવાઈ રહે તે બાબતે માર્ગદર્શન આપ્યું હતું. આ નિરીક્ષણ દરમિયાન નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી આર. આર. રાવલીયા, વેટરનરી ઓફિસર ડો.રાહુલ વાળિયા, પ્રોજેક્ટ ઓફિસરશ્રી ગીરાબેન જોષી તેમજ બાંધકામ શાખાના ઈજનેરશ્રીઓ અને સંબંધિત સ્ટાફ ઉપસ્થિત રહ્યા હતા.

જૂનાગઢમાં મુક્તધારા ફાઉન્ડેશન સંચાલિત 'વાંચન વલોણું' દ્વારા જન્માષ્ટમી વિશેષ વાંચન શિબિર

નરેન્દ્ર દવે જૂનાગઢ

શ્રીકૃષ્ણ જન્માષ્ટમીના પર્વ નિમિત્તે સાહિત્ય અને સંસ્કૃતિનો અનોખો સમન્વય રચવા માટે 'વાંચન વલોણું' દ્વારા તા.30-8-26ના રોજ સવારે 9 થી 11, ગાર્ડન કાફે, દુબરી પ્લોટ, જૂનાગઢ ખાતે જન્માષ્ટમી અગાઉ 'નંદઘેર વાંચન ભયો ' શિબિરનું ખાસ આયોજન કરવામાં આવ્યું છે. આ શિબિર એક સાચા અર્થમાં કૃષ્ણમય જ્ઞાનપર્વ બની રહેશે, જ્યાં બાળકો અને સાહિત્ય પ્રેમીઓ પુસ્તકોના માધ્યમથી જગદગુરુ કૃષ્ણવંદ થકી ઉલ્લાસના રંગોમાં રંગાશે.આ બે કલાકની વિશેષ શિબિરમાં ઉપસ્થિત સૌ વાચકો પોતાની મનપસંદગીનું કોઈ પણ પુસ્તક સાથે લાવીને શાંતિપૂર્ણ અને ઉત્સાહવર્ધક વાતાવરણમાં વાંચનનો આનંદ માણી શકશે. આયોજકો તરફથી પણ મનમોહક વાંચન સામગ્રી ઉપલબ્ધ રહેશે. કાર્યક્રમના મુખ્ય આકર્ષણો:* વાંચનાનંદ : સહભાગીઓ ૧ કલાક સુધી પોતાની પસંદગીના પુસ્તકનું સ્વતંત્ર વાંચન કરશે.* મમ્મી-પપ્પા સાથે ભાગીદારી : બાળકો આ શિબિરમાં પોતાના મમ્મી-પપ્પા સાથે પણ આવી શકે છે, જેથી પરિવાર સાથે વાંચનનો ગુણવત્તાસભર સમય વિતાવી શકાય.* ફાનાના ગીતો : શિબિરના અંતમાં નંદલાલના મધુર ગીતો અને ધૂનની રમઝટ જામશે.* બાલકૃષ્ણ સાહિત્ય ગોષ્ઠિ : વાંચન બાદ કાર્યક્રમના અંતિમ ચરણમાં કૃષ્ણ જીવન, સાહિત્ય અને વાંચેલા પુસ્તકોના અનુભવો પર એક નાની અને ભાવસભર બાલકૃષ્ણ ગોષ્ઠી યોજાશે. નવી પેઢીમાં સંસ્કાર અને વાચનપ્રીતિ વધારવાના આ ભગીરથ કાર્યક્રમમાં તમામ બાળકો, વાલીઓ અને પુસ્તકપ્રેમીઓને સપરિવાર પધારવા માટે 'વાંચન વલોણું' પરિવાર તરફથી સ્નેહભર્યું નિમંત્રણ છે. વિશેષ માહિતી માટે સંપર્ક /રજીસ્ટ્રેશન માટે : ફક્ત આપનું નામ વોટ્સએપ નં. 90540 12412 ઉપર નિઃશુલ્ક કરાવવા જણાવ્યું છે.

સાપુતારા ના નાગેશ્વર મંદિર પાસે બે અલગ-અલગ અકસ્માત

સુશીલ પવાર | ડાંગ

સાપુતારા અને તેની આસપાસના વિસ્તારમાં આજે વહેલી સવારે બે અલગ-અલગ અકસ્માતની ઘટનાઓ સામે આવી છે.ચોમાસાની ઋતુને કારણે ડુંગરાળ વિસ્તારોમાં છવાયેલ ગાઢ ધુમ્મસ અને ટેકનિકલ ખામીના પરિણામે આ અકસ્માતો સર્જાયા હતા. સદનસીબે બંને

ઘટનાઓમાં મોટી જાનહાની ટળી છે.મળતી વિગતો મુજબ, પવિત્ર શ્રાવણ માસ ચાલતો હોવાથી વહેલી સવારે સાપુતારાના નાગેશ્વર મહાદેવ મંદિર ખાતે મોટી સંખ્યામાં ભક્તોની અવરજવર રહે છે. સાથે જ અનેક પ્રવાસીઓ અને સ્થાનિક લોકો વહેલી સવારે આ માર્ગ પર મોર્નિંગ વોક માટે નીકળતા હોય છે. આ દરમિયાન નાગેશ્વર મહાદેવ મંદિર પાસે વાતાવરણમાં વ્યાપેલા અતિ ગાઢ ધુમ્મસના કારણે સામેનું દ્રશ્ય (વિઝિબિલિટી) સ્પષ્ટ ન જણાતાં મહારાષ્ટ્ર પાસિંગની એક સફેદ રંગની કિયા કાર (MH 15 HG 6573) ચાલકના કાબૂ બહાર ગઈ હતી અને રસ્તા કિનારે આવેલા વીજપોલ (સિમેન્ટના થાંભલા) સાથે જોરદાર ધડાકા સાથે અથડાઈ હતી. અકસ્માત એટલો જબરદસ્ત હતો કે વીજપોલ તૂટીને રસ્તા પર વચ્ચે જ ધરાશાયી થઈ ગયો હતો અને કાર રસ્તાની બાજુમાં ઝાડીઓમાં ખાબકી હતી. ધડાકો સાંભળીને આસપાસના સ્થાનિક લોકો તાત્કાલિક મદદ અર્થે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. પ્રત્યક્ષદર્શીઓના જણાવ્યા અનુસાર કારમાં કુલ ચાર લોકો સવાર હતા. અકસ્માત સર્જાયા બાદ કારમાં સવાર પૈકીના બે વ્યક્તિઓ તકનો લાભ ઉઠાવીને ઘટનાસ્થળેથી નાસી છૂટ્યા હતા. સ્થાનિકોમાં ચર્ચાતી વિગતો મુજબ કારમાં સવાર લોકો મહારાષ્ટ્રના વતની હતા અને તેઓ નશાની હાલતમાં હોવાની શંકા વ્યક્ત કરવામાં આવી રહી છે. જોકે, આ અંગેની સત્તાવાર પુષ્ટિ પોલીસ તપાસ બાદ જ થઈ શકશે. સદનસીબે જે સમયે આ અકસ્માત થયો તે સમયે રસ્તા પરથી પસાર થઈ રહેલા કોઈ ભક્ત કે રાહદારી કારની અડફેટે ન આવતાં મોટો અકસ્માત ટળ્યો હતો. બીજી ઘટના સાપુતારા-માલેગામ ઘાટમાર્ગ પર આવેલા ફોરેસ્ટ રેસ્ટ હાઉસ અને અજય ટેન્ટ સીટી નજીક બનવા પામી હતી. મહારાષ્ટ્રના પુણેથી માલસામાનનો જથ્થો ભરીને સુરત તરફ જઈ રહેલા એક મોટા કન્ટેનર ટ્રકની અચાનક બ્રેક ફેલ થઈ ગઈ હતી. ઘાટમાર્ગના વળાંક પર બ્રેક કામ કરવાનું બંધ કરી દેતાં ચાલકે ગંભીર પરિણામો ટાળવા માટે બુદ્ધિપૂર્વક વાહનને રસ્તાની બાજુમાં આવેલા ખાડા તરફ વાળી દીધું હતું. પરિણામે કન્ટેનર રસ્તા કિનારે નમીને ખાડામાં ઉતરી ગયું હતું.બંને બનાવો અંગે સ્થાનિક પોલીસને જાણ કરવામાં આવતાં પોલીસ કાફલો ઘટનાસ્થળે પહોંચ્યો હતો. નાગેશ્વર મંદિર પાસે રસ્તા પર પડેલા વીજપોલને દૂર કરી વાહન વ્યવહાર પૂર્વવત કરવાની કામગીરી હાથ ધરવામાં આવી હતી. તેમજ પોલીસે આગળની કાર્યવાહી પણ હાથ ધરી છે.

મ.પા.,જૂનાગઢ અને હિલદારી ટીમ દ્વારા જૂનાગઢની અલગ અલગ સ્કૂલોમાં વિદ્યાર્થીઓને સોર્સ સેગ્રીગેશન (કચરાનું અલગ અલગ વિભાજન) વિશે સમજણ આપવામાં આવી

નરેન્દ્ર દવે જૂનાગઢ

મહાનગરપાલિકા, જૂનાગઢના કમિશનરશ્રી આઈ.આર.વાળા ની સુચના અને માર્ગદર્શન હેઠળ સેનીટેશન શાખાની ટીમ તેમજ હિલદારી ટીમના સંયુક્ત પ્રયાસોથી જૂનાગઢની વિવિધ શાળાઓ પૈકી બાલ ભારતી સ્કૂલ, ડૉ.હેડગેવાર સ્કૂલ, બિલીનેસ સ્કૂલ તેમજ શિશુમંગલ સ્કૂલ અને નરસિંહ વિદ્યા મંદિર સ્કૂલ માટે વિદ્યાર્થીઓને સોર્સ સેગ્રીગેશન (કચરાનું ચાર રીતે વિભાજન) કઈ રીતે કરવું અને શા માટે જરૂરી છે તે અલગ અલગ રીતે ઉદાહરણો દ્વારા સમજ આપવામાં આવી હતી. સાથે સાથે જ કચરાનું યોગ્ય રીતે વર્ગીકરણ કરવાથી પર્યાવરણને શું ફાયદો થાય છે તેમજ પર્યાવરણનું રક્ષણ કરવામાં કેવી રીતે મદદ મળે તે સમજાવવામાં આવ્યું વિદ્યાર્થીઓને રોજિંદા જીવનમાં કચરો જ્યાં ઉત્પન્ન થાય છે ત્યાં જ તેને અલગ અલગ ડસ્ટબિનમાં નાખવાની ટેવ કેળવવા માટે પ્રોત્સાહિત કરવામાં આવ્યા. ઉપરાંતમાં સેનીટેશન શાખાની ટીમ દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનું ચેકીંગ કરતા ૨૦ કિલો પ્લાસ્ટિક જપ્ત કરવામાં આવ્યું તેમજ ડેન્ગ્યુ મેલેરિયા ધ્યાન બને ડી સ્ટીક દિવાવે ઉપર વેપારીને ૨૦,૦૦૦/- નો દંડ તેમજ પાણીનો બગાડ કરવા બદલ ૨૫૦૦/- નો ન્યુસન્સ ચાર્જ આમ કુલ ૨૨,૫૦૦/- ની વસુલાત કરવામાં આવી, આ સાથે સ્વચ્છ અને સ્વસ્થ જૂનાગઢના નિર્માણમાં દરેક નાગરિકની ભૂમિકા મહત્વપૂર્ણ છે તે અંગે પણ જાગૃતિ ફેલાવવામાં આવી. આ જાગૃતિ અભિયાન દ્વારા વિદ્યાર્થીઓમાં સ્વચ્છતા, કચરા વ્યવસ્થાપન અને પર્યાવરણ સંરક્ષણ અંગે જવાબદારીની ભાવના વિકસે એવો હેતુ રાખવામાં આવેલ.

જાફરાબાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી

કિશોર આર. સોલંકી | જાફરાબાદ

પયગમ્બર સાહેબના યૌમે વિલાદતના મુબારક પ્રસંગે જાફરાબાદ સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા જશ્ને ઈદે મિલાદુન્નબી નિમિત્તે વિવિધ કાર્યક્રમો નું આયોજન કરાયું

આજરોજ તા/૨૬/૦૮/૨૦૨૬ ના રોજ જાફરાબાદમાં મુસ્લિમ બિરાદરો દ્વારા ઈદ મિલાદ -ઉન-નબી ઈસ્લામિક ધર્મના સ્થાપક અને પયગંબર હઝરત મુહમ્મદ સાહેબના જન્મદિન તરીકે ઉજવાતો પવિત્ર તહેવાર ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી ઈસ્લામ ધર્મના અંતિમ નબી હઝરત મુહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જન્મ દિવસને ઈદે મિલાદ તરીકે ઉજવવામાં આવે છે. ઈદે મિલાદની શાનદાર ઉજવણી કરવામાં આવે છે. પયગમ્બર સાહેબના યૌમે વિલાદતના મુબારક પ્રસંગે જાફરાબાદ સમસ્ત સુન્ની મુસ્લિમ સમાજ દ્વારા જશ્ને ઈદે મિલાદુન્નબી નિમિત્તે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરાયું છે. સમગ્ર વિશ્વને શાંતિ મહોબતનો સંદેશ આપનાર પયગમ્બર સાહેબના જન્મ દિવસ નિમિત્તે દર વર્ષે જેમ આ વર્ષે સમસ્ત મુસ્લિમ સમાજ દ્વારા ઈદે મિલાદુન્નબીનું ભવ્ય ઝુલુસ વહેલી સવારના ૯.૦૦ કલાકે હુસેની ચોક/ થી ગિરિરાજ ચોક/ જુમ્મા મસ્જિદ બંદર ચોક / લાઈટ હાઉસ/ રોડ થઈ ને તુર્કી મોહલ્લામાં પૂર્ણ કરવામાં આવ્યું હતું . સાથોસાથ ખાણીપીણી ના સ્ટોલ અને ગરીબોને અન્ન કે પ્રસાદ (ન્યાઝ) વિતરણ કરાય છે. શરબત ના સ્ટોલ નાખવામાં પણ આવ્યા હતા ડીજે તેમજ રંગબેરંગી ફુલોથી સુશોભિત ટ્રેક્ટર તેમજ ટ્રેક્ટરો ફોર વ્હીલરો ને પણ જાતજાતના ફુલો થી સજાવી ને ઈદે મિલાદુન્નબી ભવ્ય ઝુલુસ કાઢવામાં આવ્યું હતું જેમાં મોહમ્મદ સલ્લલ્લાહુ અલયહિ વસલ્લમના જન્મદિવસ હોવાથી મુસ્લિમ સમાજ દ્વારા નાત શરીફ છે અલગ અલગ સ્ટોલ લગાડવામાં આવ્યા હતા આ પર્વ મુસ્લિમોમાં એકતા, ભાઈચારો અને સમાજસેવા કરવાનો સંદેશ આપે છે.આ તકે ઉપસ્થિત સમાજ ના આગેવાનો તમામ જ્ઞાતિ પ્રમુખો સામાજિક સંસ્થાઓના વડાઓ ધાર્મિક વડાઓ પોલીસ અધિકારીઓ વિવિધ રાજકીય અગ્રણીઓ પ્રતિષ્ઠિત નગરજનો અને નગર શ્રેષ્ઠીઓ બાળકો મહિલાઓ મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા જેમાં ટાઉન પોલીસ સ્ટેશનના પીએસઆઈ ચૌહાણ સાહેબ તેમજ પોલીસ સ્ટેશનના સ્ટાફ હોમ ગાર્ડ ના જવાનો સાથે રહ્યા હતા અને આ ઝુલુસ બપોરના ૧૨. કલાકે તુર્કી મોહલ્લા મા સમાપન કરવામાં આવ્યો હતો.

જૂનાગઢ જિલ્લામાં થર્ડ પાર્ટી વીમાની ચુસ્ત અમલવારી માટે તા.૧ સપ્ટેમ્બરથી એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ, જિલ્લા પોલીસ અને આરટીઓ દ્વારા ઝુંબેશ હાથ ધરાશે

નરેન્દ્ર દવે જૂનાગઢ

જિલ્લા કલેકટરશ્રી યોગેશ ચૌધરીએ માર્ગ સલામતી માટે જરૂરી પગલાં લેવા માટે નિર્દેશો આપ્યા છે. આ સાથે તેમણે જિલ્લામાં કાયદા મુજબ વાહનોનો થર્ડ પાર્ટી વીમાની ચુસ્ત મલવારી માટે એક ખાસ ઝુંબેશ હાથ ધરવા સૂચના આપી છે. જે તા.૧લી સપ્ટેમ્બરથી સમગ્ર જિલ્લામાં પ્રારંભ થશે. પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી (RTO) અને પોલીસ વિભાગ દ્વારા વાહનો માટે ફરજિયાત માન્ય થર્ડ પાર્ટી વીમો ધરાવવાની જોગવાઈનું પાલન સુનિશ્ચિત કરવા માટે વિશેષ સંયુક્ત રોડ એન્ફોર્સમેન્ટ ડ્રાઈવ હાથ ધરવામાં આવશે.આ ડ્રાઈવનો મુખ્ય હેતુ મોટર વાહન અધિનિયમની જોગવાઈઓનું પાલન સુનિશ્ચિત કરવા ઉપરાંત રોડ સેફ્ટી, જવાબદાર વાહન વ્યવહાર અને અકસ્માતના ભોગ બનેલ થર્ડ પાર્ટીના હિતોનું રક્ષણ કરવાનો છે. માર્ગ અકસ્માત ની પરિસ્થિતિમાં માન્ય થર્ડ પાર્ટી વીમો અકસ્માતમાં ઈજા, અપંગતા, મૃત્યુ અથવા મિલકતના નુકસાનનો ભોગ બનેલા થર્ડ પાર્ટીને કાયદા મુજબ વળતર મેળવવા માટે નાણાકીય સુરક્ષા પૂરી પાડે છે. માન્ય થર્ડ પાર્ટી વીમા વિના વાહન ચલાવવું કાયદાની જોગવાઈઓનું ઉલ્લંઘન છે. આવા વાહનના અકસ્માતના કિસ્સામાં અકસ્માતગ્રસ્ત વ્યક્તિ તેમજ વાહન માલિકને ગંભીર નાણાકીય મુશ્કેલી ઊભી થઈ શકે છે. આ સંયુક્ત ડ્રાઈવ દરમિયાન RTO અને પોલીસના અધિકારીઓ/કર્મચારીઓ દ્વારા જિલ્લાના વિવિધ સ્થળોએ વાહનોની તપાસ કરવામાં આવશે. વાહનોના માન્ય થર્ડ પાર્ટી વીમા ઉપરાંત અન્ય જરૂરી દસ્તાવેજોની પણ ચકાસણી કરવામાં આવશે. માન્ય વીમા વિના વાહન ચલાવતા હોવાનું જણાશે તો પ્રવર્તમાન કાયદાકીય જોગવાઈઓ મુજબ જરૂરી કાર્યવાહી કરવામાં આવશે. તમામ વાહન માલિકો અને ચાલકોને અપીલ કરવામાં આવે છે કે તેઓ પોતાના વાહનનો થર્ડ પાર્ટી વીમો માન્ય છે કે નહીં તેની અગાઉથી ચકાસણી કરી લે અને તમામ ફરજિયાત દસ્તાવેજો અદ્યતન રાખે. તેમ પ્રાદેશિક વાહન વ્યવહાર કચેરી દ્વારા જણાવાયું છે.

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડાના વતની અને સામાજિક કાર્યકર સતીષકુમાર તડવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી

રિપોર્ટર. કમલેશ પટેલ | સંખેડા

છોટા ઉદેપુર જિલ્લાના સંખેડાના વતની અને સામાજિક કાર્યકર સતીષકુમાર તડવીને ગુજરાત પ્રદેશ કોંગ્રેસમાં મહત્વની જવાબદારી સોંપવામાં આવી છે. તેમને પ્રદેશ

આદિવાસી ડિપાર્ટમેન્ટના મંત્રી બનાવવામાં આવ્યા છે.ઓલ ઈન્ડિયા આદિવાસી કોંગ્રેસ ડિપાર્ટમેન્ટના ચેરમેન અને ધારાસભ્ય ડૉ. વિક્રાંત ભુરીયાની સંમતિથી તેમની આ નિમણૂક કરવામાં આવી છે.સત્તાવાર પત્ર મુજબ, આ નિમણૂક ૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ થી અમલમાં આવશે.પત્રમાં જણાવ્યા અનુસાર, સતીષકુમાર તડવીએ પક્ષની નીતિઓનું પાલન કરીને અનુસૂચિત આદિજાતિ સમાજના હિતમાં કાર્ય કરવાનું રહેશે. તેમને આદિવાસી વિસ્તારોમાં કોંગ્રેસની વિચારધારાને ઘર-ઘર સુધી પહોંચાડવા અને ટીમને મજબૂત બનાવવાની જવાબદારી સોંપાઈ છે. પક્ષે વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે તેઓ આ જવાબદારી ઈમાનદારી અને પ્રતિબદ્ધતાથી નિભાવશે. તેમની નિમણૂકથી સંખેડા સહિત છોટા ઉદેપુર જિલ્લાના કોંગ્રેસ કાર્યકરોમાં ખુશીનો માહોલ છે.

બહાદરપુરના 600 વર્ષ જૂના રણછોડરાયજી મંદિરનો ભવ્ય જીણોદ્ધાર મહોત્સવ સંપન્ન

સંખેડા તાલુકાના બહાદરપુર ગામે ઐતિહાસિક પ્રસંગ

રિપોર્ટર .કમલેશ પટેલ | સંખેડા

સંખેડા તાલુકાના બહાદરપુર ગામ ખાતે આવેલ પૌરાણિક શ્રી રણછોડરાયજી મંદિર ખાતે ત્રિવેદી પરિવાર દ્વારા ભવ્ય જીણોદ્ધાર મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. શ્રાવણ સુદ ચૌદસના પાવન દિવસે મંદિર ખાતે નૂતન કળશ સ્થાપના, ભવ્ય ધ્વજારોહણ, પ્રાણ પ્રતિષ્ઠા અને દિવ્ય ચર્ણામૃત મહા અભિષેક કરવામાં આવ્યો હતો.આ પ્રસંગે દાતા રવિભાઈ ત્રિવેદી દ્વારા હનુમાનજી અને કાળભૈરવની મૂર્તિઓની પણ મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી. ભગવાનની મૂર્તિઓને બહાદરપુર ટાવરથી વાજતે-ગાજતે ડીજેના તાલે શોભાયાત્રા સ્વરૂપે રણછોડરાયજી મંદિરે લાવવામાં આવી હતી.વહેલી સવારથી યજ્ઞ, નવચંડી પાઠનું આયોજન કરાયું હતું અને સાંજે 4 વાગે શ્રીફળ હોમ કરવામાં આવ્યો હતો.600-700 વર્ષ જૂનું પૌરાણિક મંદિર બહાદરપુરનું

રણછોડરાયજી મંદિર લગભગ 600 થી 700 વર્ષ જૂનું હોવાનું મનાય છે. ઔરંગઝેબના શાસનકાળ સમયના આ મંદિરના કબાટ પર લખાણવાળા દસ્તાવેજો, પત્રો અને તામ્રપત્રો આજે પણ ત્રિવેદી પરિવાર પાસે હયાત છે. પરિવારના જણાવ્યા મુજબ સ્વપ્નમાં મળેલ મૂર્તિનો પણ આ ઈતિહાસમાં ઉલ્લેખ છે. ધારાસભ્ય શૈલેષ મહેતાની ઉપસ્થિતિ : પવિત્ર પ્રસંગે ડભોઈના ધારાસભ્ય શૈલેષભાઈ મહેતા ઉપસ્થિત રહ્યા હતા. બહાદરપુર તેમનું મોસાળ હોવાથી તેમણે મંદિરના શિખર પર કળશ અને ધજા ચડાવી ધન્યતા અનુભવી હતી. તેમણે જણાવ્યું હતું કે આ પૌરાણિક મંદિરના દર્શનથી ભક્તોની તમામ મનોકામના પૂર્ણ થાય છે. ત્રિવેદી પરિવારના આ આયોજનને લઈ ગ્રામજનોમાં ભારે ઉત્સાહ અને ખુશી જોવા મળી હતી.

પીવાના પાણી અને પુલની વર્ષો જૂની સમસ્યા હલ કરનાર મીઠીઘારીઆલનાં પૂર્વ સરપંચ ક્રિષ્નાબેન પટેલનું અવસાન

નીતિન ઠાકર | ચાણસ્મા

ચાણસ્મા-બહુચરાજી વિસ્તારના પીઢ પત્રકાર કે.સી. પટેલનાં ધર્મપત્ની અને મીઠીઘારીઆલ ગ્રામ પંચાયતનાં પૂર્વ સરપંચ ક્રિષ્નાબેન કાંતિલાલ પટેલનું 72 વર્ષની વયે અવસાન થયું હતું. તેમની અંતિમવિધિ સિદ્ધપુર મુક્તિધામ ખાતે કરવામાં આવી હતી. અંતિમયાત્રામાં સામાજિક-રાજકીય આગેવાનો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો જોડાયા હતા. ક્રિષ્નાબેન પટેલના સરપંચ તરીકેના કાર્યકાળ દરમિયાન ગામના વિકાસ માટે અનેક મહત્વપૂર્ણ કામો થયા હતા. ગામની વર્ષો જૂની પીવાના પાણીની સમસ્યાના ઉકેલ માટે નવો ટ્યુબવેલ તથા નર્મદા યોજનાની નવી પાઈપલાઈન લાવવામાં આવી હતી.

મીઠીઘારીઆલ અને મોઢેરા વચ્ચે પસાર થતી પુષ્પાવતી નદીમાં ચોમાસા દરમિયાન પૂર આવતાં માર્ગ બંધ થઈ જતો હતો. આ સમસ્યાના કાયમી ઉકેલ માટે અંદાજે રૂ.10 કરોડના ખર્ચે પુલ મંજૂર કરાવી તેનું નવનિર્માણ કરાવવામાં આવ્યું હતું. પરિણામે 15થી વધુ ગામોના લોકોને ચોમાસામાં પડતી મુશ્કેલી દૂર થઈ હતી.આ ઉપરાંત, ગામના મહોલ્લાઓને જોડતા પાકા રસ્તા, સ્ટ્રીટ લાઈટ, તળાવ ઊંડું કરાવી જળસંચય, આવાસ યોજના, દવાખાનું અને આંગણવાડી સહિતના વિકાસલક્ષી કામો પણ તેમના કાર્યકાળ દરમિયાન થયા હતા. તેમના સેવાકાળના આ કાર્યોને આજે પણ ગ્રામજનો યાદ કરી રહ્યા છે.

જીંજાયમાં ગુંજ્યો ઈદે મિલાદુન્નબીનો પયગામ, ભવ્ય જુલુસમાં કોમી એકતાનો સંદેશ

મુસ્લિમ સમાજના આગેવાનો સહિત વિવિધ સમાજના લોકો જોડાયા; અમન, શાંતિ અને ભાઈચારાનો સંદેશ અપાયો

જગદીશ પી દવે | દેશલપર (ગુંતલી)

નખત્રાણા તાલુકાના જીંજાય ગામે પવિત્ર ઈદે મિલાદુન્નબીના અવસરને ઉજવવા મુસ્લિમ સમાજ દ્વારા ભવ્ય જુલુસનું આયોજન કરવામાં આવ્યું હતું. ધાર્મિક આસ્થા અને ઉત્સાહભેર યોજાયેલા આ જુલુસમાં મુસ્લિમ સમાજના આગેવાનો, યુવાનો તથા મોટી સંખ્યામાં સમાજના લોકો જોડાયા હતા. વિવિધ સમાજના લોકોની ઉપસ્થિતિથી સમગ્ર કાર્યક્રમમાં કોમી એકતા અને ભાઈચારાની સુંદર ઝલક જોવા મળી હતી.જુલુસમાં મોલાના ઈબ્રાહીમ, મોલાના હાજી ઈસ્માઈલ કાદરી, મુતવલ્લી સિદીક હાજી અલીમામદ સોઢા, દાઉદ જુસબ સોઢા, અલીમામદ

કેસર હિંગોરજા, સિદીક ઈભરામ હિંગોરજા, નાથા મેઢુ, સાટી કાસમ ખલિફા, મામદ કાસમ સવે સહિતના આગેવાનો તથા જીંજાય મુસ્લિમ જમાતના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.આ પ્રસંગે સામાજિક કાર્યકર અજીતસિંહ જાડેજાએ જણાવ્યું હતું કે, ઈદે મિલાદુન્નબીનો પવિત્ર પ્રસંગ સમગ્ર માનવ સમાજને પ્રેમ, શાંતિ, અમન અને ભાઈચારાનો સંદેશ આપે છે. જીંજાય ખાતે વિવિધ સમાજના લોકોની હાજરી અને સહભાગિતા કોમી એકતા તથા સામાજિક સૌહાર્દની પરંપરાને વધુ મજબૂત બનાવે છે.ભવ્ય જુલુસ દરમિયાન ધાર્મિક ભાવના સાથે સૌહાર્દપૂર્ણ વાતાવરણ જોવા મળ્યું હતું. ઈદે મિલાદુન્નબીના પવિત્ર પર્વ નિમિત્તે યોજાયેલા આ કાર્યક્રમથી જીંજાય ગામમાં 'એકતા, ભાઈચારો અને શાંતિ'નો સુંદર સંદેશ પ્રસર્યો હતો.

ટાઈટન રાગાનું નવું અભિયાન 'Your Way is Beautiful' તાકાતના સ્રોત તરીકે આધુનિક મહિલાઓની વિશેષતાઓની ઉજવણી કરે છે

મુંબઈ: : એક ખાસ પ્રકારની મહિલા જેને દુનિwયા મુશ્કેલ ગણે છે. તે પોતાના વિચારને સારી રીતે સમજે છે. તે સવાલો પૂછે છે. તે પોતાની મર્યાદાઓ પોતાની રીતે નક્કી કરે છે. તેને બીજા લોકોની મંજૂરીને બદલે વાસ્તવિકતા પસંદ છે. તેને ભીડમાં સામેલ થવાને બદલે આત્મવિશ્વાસ સાથે પોતાની અલગ ઓળખ કરવાનું પસંદ છે. જે વિશેષતાઓને કારણે તેને એક સમયે મુશ્કેલ ગણવામાં આવતી હતી એ જ ખાસિયતો એને સૌથી અલગ બનાવે છે. તેની નમ્રતા એની નબળાઈ નથી, પરંતુ તે કેવી રીતે લીડરશિપ કરે છે, કેવી રીતે નિર્ણયો લે છે અને વર્તમાન દુનિયામાં કેવી રીતે આગળ વધે છે એ નક્કી કરે છે.

પર્પલ સ્ટાઈલ લેબ્સ લિમિટેડનો પ્રારંભિક જાહેર ભરણું (IPO) સોમવાર, 31 ઓગસ્ટ, 2026ના રોજ ખુલશે

મુંબઈ: પર્પલ સ્ટાઈલ લેબ્સ લિમિટેડ તેના ઈક્વિટી શેરના IPO માટેની બિડ/ઓફર સોમવાર, 31 ઓગસ્ટ, 2026ના રોજ ખોલશે. ઓફરની પ્રાઈસ બેન્ડ પ્રતિ ઈક્વિટી શેર 546 થી 575 નક્કી કરવામાં આવી છે ("પ્રાઈસ બેન્ડ"). ન્યૂનતમ 26 ઈક્વિટી શેર માટે અને ત્યારબાદ 26 ઈક્વિટી શેરના ગુણાંકમાં બિડ કરી શકાય છે ("ન્યૂનતમ બિડ લોટ"). એન્કર ઈન્વેસ્ટર માટે બિડિંગની તારીખ શુક્રવાર, ૨૮ ઓગસ્ટ, ૨૦૨૬ રહેશે. બિડ/ઓફર સોમવાર, ૩૧ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ ખુલશે. આ ઓફરમાં સંપૂર્ણપણે ૧૦ની ફેસ વેલ્યુ (અંકિત મૂલ્ય) ધરાવતા ઈક્વિટી શેર્સનો 'ફ્રેશ ઈશ્યૂ' (નવા શેર્સનો ઈશ્યૂ) સામેલ છે, જેનું કુલ મૂલ્ય ૬૮૦ કરોડ સુધીનું છે.૨૪ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ બહાર પાડવામાં આવેલા રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ (જેમાં ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના સુધારા/કોરિજેન્ડમનો પણ સમાવેશ થાય છે

અને જેને 'રેડ હેરિંગ પ્રોસ્પેક્ટસ' અથવા 'RHP' તરીકે ઓળખવામાં આવે છે) દ્વારા જે ઈક્વિટી શેર્સ બહાર પાડવામાં આવશે, તેમને સ્ટોક એક્સચેન્જો પર લિસ્ટ (સૂચિબદ્ધ) કરવાનો પ્રસ્તાવ છે. આ ઈશ્યૂના હેતુસર, NSE ને 'નિર્દિષ્ટ સ્ટોક એક્સચેન્જ' તરીકે નક્કી કરવામાં આવ્યું છે. એક્સિસ કેપિટલ લિમિટેડ અને IIFL કેપિટલ સર્વિસીસ લિમિટેડ (અગાઉ IIFL સિક્યોરિટીઝ લિમિટેડ તરીકે જાણીતી) આ ઈશ્યૂ માટે 'બુક રનિંગ લીડ મેનેજર્સ' છે. કિંમતની શ્રેણી (પ્રાઈસ બેન્ડ) અંગેની વિગતવાર જાહેરાત ૨૫ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ તૈયાર કરવામાં આવી હતી અને ૨૬ ઓગસ્ટ, ૨૦૨૬ના રોજ અંગ્રેજી રાષ્ટ્રીય દૈનિક 'ફાઈનાન્શિયલ એક્સપ્રેસ'ની તમામ આવૃત્તિઓમાં, હિન્દી રાષ્ટ્રીય દૈનિક 'જનસત્તા'ની તમામ આવૃત્તિઓમાં અને મરાઠી દૈનિક 'નવશક્તિ'ની મુંબઈ આવૃત્તિમાં પ્રકાશિત કરવામાં આવી છે.

એએમએ દ્વારા 'એસ. આર. ભંડારી-એએમએ બેસ્ટ સ્પીકર એવોર્ડ ૨૦૨૬'નું આયોજન કરાયું: યુવા વક્તાઓએ રજૂ કરી પોતાની વાકપટુતા અને અસરકારકતા

અમદાવાદ | આત્મવિશ્વાસ, સ્પષ્ટતા અને વાણીની શક્તિની ઉજવણી કરતા, અમદાવાદ મેનેજમેન્ટ એસોસિએશન એએમએ દ્વારા 'એસ. આર. ભંડારી-એએમએ બેસ્ટ સ્પીકર એવોર્ડ ૨૦૨૬' સ્પર્ધાનું સફળતાપૂર્વક સમાપન કરવામાં આવ્યું હતું. ૧૮થી ૩૦ વર્ષની વયના યુવાનોમાં રહેલી શ્રેષ્ઠ જાહેર વક્તૃત્વ ક્ષમતાને ઓળખવા, પ્રોત્સાહિત કરવા અને સન્માનિત કરવા માટે આયોજિત આ

સ્પર્ધામાં અંગ્રેજી અને ગુજરાતી ભાષાના વિભાગોમાં કુલ ૧૬૬ સ્પર્ધકોનું મૂલ્યાંકન કરવામાં આવ્યું હતું, જેમાં વિષયની ઊંડાણપૂર્વકની રજૂઆત અને રજૂઆતની શૈલી પર વિશેષ ધ્યાન આપવામાં આવ્યું હતું. બે સ્પર્ધાત્મક પસંદગીના તબક્કાઓ – પ્રિલિમિનરી રાઉન્ડ અને ફાઈનલ રાઉન્ડ – બાદ, શ્રી. તનવી સંદીપ ઠક્કરને તેમના ઉત્કૃષ્ટ પ્રદર્શન અને અસરકારક રજૂઆત માટે 'એસ. આર. ભંડારી-એએમએ બેસ્ટ સ્પીકર એવોર્ડ ૨૦૨૬'થી સન્માનિત કરવામાં આવ્યા હતા, જ્યારે શ્રી. હાર્દી પરમારે રનર-અપનું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

દક્ષા અનમેન્ડ સિસ્ટમ્સે કાંચીપુરમમાં નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટી શરૂ કરીને સ્વદેશી ડ્રોન ક્ષમતાઓને વધુ મજબૂત બનાવી

મુંબઈ: : કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડની પેટાકંપની દક્ષા અનમેન્ડ સિસ્ટમ્સ પ્રાઈવેટ લિમિટેડે આજે તમિલનાડુના કાંચીપુરમ જિલ્લાના અયમિચેરી વિસ્તારમાં તેની નવી મેન્યુફેક્ચરિંગ ફેસિલિટીનું ઉદ્ઘાટન કર્યું હતું. કોરોમંડલ ઈન્ટરનેશનલ લિમિટેડના એક્ઝિક્યુટિવ ચેરમેન અરુણ અલાગપ્પને આ પ્લાન્ટનું ઉદ્ઘાટન કર્યું હતું. આ પ્લાન્ટની શરૂઆત કૃષિ, સંરક્ષણ અને એન્ટરપ્રાઈઝ ક્ષેત્રોમાં ભારતની સ્વદેશી ડ્રોન ઉત્પાદન ક્ષમતાઓને મજબૂત બનાવવાની દિશામાં એક મહત્વપૂર્ણ પગલું છે. આ ફેસિલિટી કંપનીના મુખ્ય યુએવી ક્ષેત્રોમાં મોટા અને જટિલ પ્રોજેક્ટ્સના વિકાસ અને અમલીકરણમાં મદદ કરશે. સાથે જ મહત્વપૂર્ણ ટેક્નોલોજીના વધુ વ્યાપક સ્વદેશીકરણને સક્ષમ બનાવશે અને ગ્રાહકોની બદલાતી જરૂરિયાતોને પહોંચી વળવાની કંપનીની ક્ષમતાને વધુ મજબૂત બનાવશે. આ પ્રસંગે દક્ષાએ બે નવા કૃષિ ડ્રોન મોડલ, ડીએચ એગ્રિગેટર ઈ10 પ્રાઈમ અને ડીએચ એગ્રિગેટર ઈ10 ઈકો લોન્ચ કરવાની જાહેરાત કરી હતી.

એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ પ્રોગ્રામને વધુ મજબૂત બનાવવા ચેન્નાઈની એમજીએમ હેલ્થકેર સાથે ભાગીદારી કરી

અમદાવાદ | અમદાવાદમાં આવેલી 280 બેડની અગ્રણી હોસ્પિટલ એપિક મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલે બુધવારે ચેન્નાઈ સ્થિત એમજીએમ હેલ્થકેર સાથે ક્લિનિકલ ભાગીદારીની જાહેરાત કરી હતી. આ ભાગીદારીનો હેતુ હોસ્પિટલના હાલના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ (હૃદયના પ્રત્યારોપણ) પ્રોગ્રામ તેમજ અદ્યતન હાર્ટ ફેલ્યોર સારવારને વધુ મજબૂત બનાવવાનો છે. આ વ્યવસ્થા હેઠળ એમજીએમ હેલ્થકેરના હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ નિષ્ણાંતો હાર્ટ ટ્રાન્સપ્લાન્ટની સર્જરી માટે એપિક ખાતે ઉપલબ્ધ રહેશે. આ ઉપરાંત, બંને સંસ્થાઓ યોગ્ય દર્દીઓ માટે Left Ventricular Assist Device (LVAD) ઈમ્પ્લાન્ટેશન માટે પણ સાથે મળીને કામ કરશે.એપિક હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ માટે માન્યતા પ્રાપ્ત કેન્દ્ર છે અને અહીં અગાઉ પણ હૃદય પ્રત્યારોપણની સર્જરી કરવામાં આવી છે. આ ભાગીદારીથી એમજીએમ હેલ્થકેરની હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ અને ગંભીર હાર્ટ ફેલ્યોરના એડવાન્સ્ડ મેનેજમેન્ટ અંગેની વિશેષ નિપુણતા એપિકની હાલની તબીબી ક્ષમતાઓ સાથે જોડાશે.

યુનિફ્લો કંટ્રોલ્સે મહારાષ્ટ્રના અંબરનાથમાં રૂ. 500 મિલિયનના રોકાણ સાથે મેન્યુફેક્ચરિંગ ક્ષમતા વધારી

અંબરનાથ : ઈન્ડસ્ટ્રિયલ કંટ્રોલ વાલ્વ અને એન્જિનિયર્ડ ફ્લો-કંટ્રોલ સોલ્યુશન્સનું ઉત્પાદન કરતી કંપની યુનિફ્લો કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડે મહારાષ્ટ્રના અંબરનાથ MIDC ખાતે ઈન્ડસ્ટ્રી 4.0 ના ધોરણોને અનુરૂપ મેન્યુફેક્ચરિંગ યુનિટ સ્થાપવા માટે અંદાજે રૂ. 500 મિલિયનનું રોકાણ કર્યું છે. આ યુનિટનો હેતુ કંપનીની ઉત્પાદન ક્ષમતા વધારવા, ઓટોમેશન અને ટેક્નોલોજીની ક્ષમતાઓને વધુ મજબૂત બનાવવા તેમજ સ્થાનિક અને આંતરરાષ્ટ્રીય બજારોમાં કંપનીના વિકાસને વેગ આપવાનો છે.કંટ્રોલ વાલ્વ ઉદ્યોગમાં 17 વર્ષનો અનુભવ ધરાવતી યુનિફ્લો માટે આ નવી યુનિટ તેના મેન્યુફેક્ચરિંગ ફૂટપ્રિન્ટમાં એક મહત્વપૂર્ણ વિસ્તરણ છે. છેલ્લા કેટલાક વર્ષોમાં કંપનીએ એન્જિનિયરિંગ પ્રક્રિયામાં શ્રેષ્ઠતા પ્રત્યેની પોતાની પ્રતિબદ્ધતા દ્વારા બજારમાં મજબૂત વિશ્વાસ ઉભો કર્યો છે. હાલમાં યુનિફ્લો તેના થાણે સ્થિત યુનિટમાંથી દર વર્ષે આશરે ૪,000 વાલ્વનું ઉત્પાદન કરે છે. અંબરનાથ પ્લાન્ટ શરૂ થયા બાદ કંપનીની વાર્ષિક મેન્યુફેક્ચરિંગ ક્ષમતા 5 થી 6 ગણી વધીને 40,000 થી 50,000 વાલ્વ સુધી પહોંચવાની અપેક્ષા છે.યુનિટના ઉદ્ઘાટન પ્રસંગે પોતાના વિચારો વ્યક્ત કરતાં યુનિફ્લો કંટ્રોલ્સ પ્રાઈવેટ લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મનોજ મિશ્રાએ જણાવ્યું હતું કે, "આ નવી યુનિટ અમારી ઉત્પાદન ક્ષમતા અને બજારના વિસ્તરણના દૃષ્ટિકોણથી એક મહત્વપૂર્ણ પરિવર્તન છે. અમારો હેતુ માત્ર ઉત્પાદન ક્ષમતા વધારવાનો નથી, પરંતુ એવું મેન્યુફેક્ચરિંગ ઈકોસિસ્ટમ તૈયાર કરવાનો છે જે ભવિષ્યની જરૂરિયાતો માટે સજ્જ હોય અને જેમાં ઓટોમેશન, એન્જિનિયરિંગ ક્ષમતાઓ તેમજ ઓપરેશનલ ફ્લેક્સિબિલિટીનો સમાવેશ થાય. આ રોકાણ અમને ભારતમાં અમારી સ્થિતિ વધુ મજબૂત બનાવવા, LNG અને ન્યુક્લિયર એનર્જી જેવા ઉભરતા ક્ષેત્રોમાં વિસ્તરણ કરવા અને વૈશ્વિક બજારોની જરૂરિયાતોને પૂર્ણ કરવાની ક્ષમતા વિકસાવવામાં મદદ કરશે. અંબરનાથ અમારા માટે રોજગારીની તકો ઊભી કરવા, ટેક્નિકલ કૌશલ્ય વિકસાવવા અને સ્થાનિક ઔદ્યોગિક ઈકોસિસ્ટમને મજબૂત બનાવવા માટે એક મહત્વપૂર્ણ કેન્દ્ર બની રહેશે."અંબરનાથ MIDC ની પસંદગી આ વિસ્તારમાં પહેલેથી જ ઉપલબ્ધ ઔદ્યોગિક ઈકોસિસ્ટમ, કનેક્ટિવિટી અને

મેન્યુફેક્ચરિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચરને ધ્યાનમાં રાખીને કરવામાં આવી છે. આ યુનિટને સડક અને રેલ કનેક્ટિવિટી, મુખ્ય પરિવહન માર્ગો, બંદરો અને એરપોર્ટની નજીક હોવાનો તેમજ પહેલેથી ઉપલબ્ધ વીજળી અને પાણીના ઈન્ફ્રાસ્ટ્રક્ચરનો લાભ મળશે. તેની અનુકૂળ ભૌગોલિક સ્થિતિને કારણે આસપાસના શહેરી અને રહેણાંક વિસ્તારોમાંથી કુશળ તેમજ અર્ધ-કુશળ માનવબળ પણ સરળતાથી ઉપલબ્ધ થઈ શકશે.આ રોકાણ પાછળ ત્રણ મુખ્ય હેતુઓ છે: સ્થાનિક સ્તરે કોસ્ટ લીડરશિપને મજબૂત બનાવવી, પ્રોડક્ટ ડેવલપમેન્ટને ઝડપી બનાવવું અને નિકાસની ક્ષમતામાં વધારો કરવો. યુનિફ્લોએ પ્રોટોટાઈપ ટેસ્ટિંગ તેમજ ગ્રાહકોની ચોક્કસ જરૂરિયાતોને અનુરૂપ પ્રોડક્ટ્સ વિકસાવવા માટે ફ્લેક્સિબલ ઓટોમેશન અને પ્લગ-એન્ડ-પ્લે મેન્યુફેક્ચરિંગ સ્પેસનો ઉપયોગ કરવાની પણ યોજના બનાવી છે. ઉત્પાદન ક્ષમતામાં વધારો થવાથી કંપનીને LNG અને ન્યુક્લિયર એનર્જી જેવા નવા ક્ષેત્રોમાં પ્રવેશ કરવામાં મદદ મળશે અને આંતરરાષ્ટ્રીય ધોરણો તથા બજારની જરૂરિયાતોને પૂર્ણ કરવાની તેની ક્ષમતા પણ વધશે.યુનિફ્લો પ્રોસેસ ઈન્ડસ્ટ્રીઝ અને મહત્વપૂર્ણ ઔદ્યોગિક કામગીરી માટે કંટ્રોલ વાલ્વનું ઉત્પાદન કરે છે. કંપનીના પ્રોડક્ટ પોર્ટફોલિયોમાં ગ્લોબ કંટ્રોલ વાલ્વ, બોલ વાલ્વ, બટરફ્લાય વાલ્વ, પ્લગ વાલ્વ, પ્રેશર રિલીફ વાલ્વ, ફ્લશ બોટમ વાલ્વ, ડાયાફ્રામ વાલ્વ અને પ્રેશર રિડ્યુસિંગ સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. કંપનીએ આશરે 35 SKU અને 30 થી વધુ ડિઝાઈન પેટન્ટ વિકસાવ્યા છે અને અત્યાર સુધીમાં 4,300 થી વધુ પ્રોજેક્ટ પૂર્ણ કર્યા છે તથા 1,250 થી વધુ ક્લાયન્ટ્સને સેવા આપી છે.નવો પ્લાન્ટ ઈન્ડસ્ટ્રી 4.0 કમ્પ્લાયન્ટ મેન્યુફેક્ચરિંગ યુનિટ હશે, જેમાં એડવાન્સ્ડ ઓટોમેશન અને કનેક્ટેડ મેન્યુફેક્ચરિંગ ટેક્નોલોજીનો સમાવેશ કરવામાં આવશે. તેના ટેક્નોલોજી ઈકોસિસ્ટમમાં CNC મશીનરી, ઈન્ડસ્ટ્રિયલ ઈન્ટરનેટ ઓફ થિંગ્સ (IIOT), AI આધારિત પ્રેડિક્ટિવ મેન્ટેનન્સ, કમ્પ્યુટર વિઝન આધારિત ઈન્સ્પેક્શન, મેન્યુફેક્ચરિંગ એક્ઝિક્યુશન સિસ્ટમ (MES), ઓટોમેટેડ ઈન્વેન્ટરી મેનેજમેન્ટ તેમજ ઓટોમેટેડ સ્ટોરેજ અને રિટ્રીવલ સિસ્ટમનો સમાવેશ થશે. આ આધુનિક ટેક્નોલોજીઓ દ્વારા ઉત્પાદન પ્રક્રિયાની વિઝિબિલિટી, ઈન્વેન્ટરી મેનેજમેન્ટ, ગુણવત્તા નિયંત્રણ, સંસાધનોના ઉપયોગ અને ઓપરેશનલ કાર્યક્ષમતામાં સુધારો થવાની અપેક્ષા છે.

જસ્ટિસ એ.આર. દવે IDDRCના અધ્યક્ષ તરીકે નિયુક્ત : NFSU ખાતે સંચાલક મંડળની પ્રથમ બેઠકમાં નિર્ણય

ગાંધીનગર | નેશનલ ફોરેન્સિક સાયન્સિસ યુનિવર્સિટી (NFSU), ગાંધીનગર ખાતે ઈન્ટરનેશનલ ડિજિટલ ડિસ્પ્યુટ રિઝોલ્યુશન સેન્ટર (IDDRC)ની પ્રથમ બોર્ડ ઓફ ગવર્નર્સની બેઠકમાં સુપ્રીમ કોર્ટના પૂર્વ ન્યાયાધીશ માનનીય ન્યાયાધીશ અનિલ આર. દવેની IDDRCના અધ્યક્ષ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. બોર્ડે IDDRCને ઔપચારિક રીતે કાર્યરત્ અને કાર્યાત્મક સંસ્થાકીય મધ્યસ્થી અને મધ્યસ્થી સેવા પ્રદાતા જાહેર કર્યું છે. આ નિર્ણયને કેન્દ્રના સંસ્થાકીય વિકાસ માટે એક મહત્વપૂર્ણ પગલું છે.NFSUના કુલપતિ, 'પદ્મશ્રી'થી સન્માનિત, ડૉ. જે.એમ. વ્યાસની દૂરદેશિતાથી એક સીમાચિહ્નરૂપ પહેલ એવા આંતરરાષ્ટ્રીય ડિજિટલ વિવાદ નિવારણ કેન્દ્ર (IDDRC) ની સ્થાપના થઈ છે. જેનો મુખ્ય હેતુ આ કેન્દ્રનો હેતુ વિવાદોના ઝડપી નિરાકરણ માટે અત્યાધુનિક ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ન્યાયિક પ્રક્રિયાઓમાં ક્રાંતિ લાવવાનો છે. IDDRCની કલ્પના ફક્ત ભારતમાં જ નહીં પરંતુ સમગ્ર વિશ્વમાં વિવાદ નિવારણમાં સુલભતા અને અસરકારકતા વધારવા માટે કરવામાં આવી છે. આ કેન્દ્રના ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચરમાં આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) આધારિત ક્ષમતાઓ અને બ્લોકચેન-આધારિત સિસ્ટમ્સનો સમાવેશ થાય છે. ગુપ્તતા, ડેટા સુરક્ષા, ટ્રેસેબિલિટી અને ઓડિટેબિલિટી તેના સંસ્થાકીય માળખાના મુખ્ય આધારસ્તંભ છે.આ બેઠકમાં માનનીય ન્યાયાધીશ અનિલ આર. દવે, પૂર્વ ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટ; માનનીય ન્યાયાધીશ એમ.આર. શાહ, પૂર્વ ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટ; માનનીય ન્યાયાધીશ રાજેશ બિંદલ, પૂર્વ ન્યાયાધીશ, સુપ્રીમ કોર્ટ; માનનીય ન્યાયાધીશ સોનિયા ગોકાણી, પૂર્વ મુખ્ય ન્યાયાધીશ, ગુજરાત હાઈકોર્ટ; માનનીય ન્યાયાધીશ પી.પી. ભટ્ટ, પૂર્વ ન્યાયાધીશ, ગુજરાત હાઈકોર્ટ; અને શ્રી રતનસિંહ, સિનિયર એડવોકેટ અને સોસાયટી ઓફ કન્સ્ટ્રક્શન લો, ઈન્ડિયાના અધ્યક્ષ તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા. ઉલ્લેખનીય છે કે IDDRCનું ઉદ્ઘાટન તા.27 ફેબ્રુઆરી, 2026ના રોજ ભારતના મુખ્ય ન્યાયાધીશ માનનીય ન્યાયાધીશ સૂર્યકાંતના મુખ્ય અતિથિપદે થયું હતું. આ પ્રસંગે ગુજરાતના માનનીય નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી અને ગુજરાત હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ માનનીય ન્યાયાધીશ સુનિતા અગ્રવાલ પણ ઉપસ્થિત રહ્યા હતા.NFSU સ્થિત આંતરરાષ્ટ્રીય ડિજિટલ વિવાદ નિવારણ કેન્દ્ર (IDDRC) ઔપચારિક રીતે કાર્યરત્ થતાં વિષય નિષ્ણાત અને વિશિષ્ટ મધ્યસ્થીઓની પેનલની રચના માટે Expression of Interest (EoI) આમંત્રિત કરવાની પ્રક્રિયા પણ શરૂ કરવામાં આવી છે.

ભારતીય કોસ્ટ ગાર્ડ અને વિયેતનામ કોસ્ટ ગાર્ડ વચ્ચે 7મી ઉચ્ચ સ્તરીય બેઠક ચેન્નાઈમાં યોજાઈ

નવી દિલ્હી | ભારતીય કોસ્ટ ગાર્ડ (ICG) અને વિયેતનામ કોસ્ટ ગાર્ડ (VCG) વચ્ચે 7મી ઉચ્ચ સ્તરીય બેઠક (HLM) 25 ઓગસ્ટ 2026ના રોજ ચેન્નાઈમાં કોસ્ટ ગાર્ડ સહયોગ પર 2015ના સમજૂતી કરાર (MoU)ના માળખા હેઠળ યોજાઈ હતી.આ બેઠકની સહ-અધ્યક્ષતા ભારતીય કોસ્ટ ગાર્ડના ડાયરેક્ટર જનરલ પરમેશ શિવમણિ અને વિયેતનામ કોસ્ટ ગાર્ડના વાઈસ કમાન્ડન્ટ મેજર જનરલ લુઓંગ દિન હંગ દ્વારા કરવામાં આવી હતી. ચર્ચામાં મેરિટાઈમ સર્ચ એન્ડ રેસ્ક્યુ (SAR), મેરિટાઈમ લો એન્ફોર્સમેન્ટ, મરીન પોલ્યુશન રિસ્પોન્સ અને ક્ષમતા નિર્માણ સહિતના મુખ્ય ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને મજબૂત કરવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. બંને પક્ષોએ વ્યાવસાયિક આદાનપ્રદાન અને જહાજ મુલાકાતો સહિત ચાલુ દ્વિપક્ષીય જોડાણોની સમીક્ષા કરી હતી અને સહયોગ તથા સુસંગતતા વધારવા માટે તેમની પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો.બંને કોસ્ટ ગાર્ડે પરસ્પર ટ્રસ્ટ, સમન્વય અને ઓપરેશનલ સહયોગને વધુ મજબૂત કરવા માટે નિયમિત સંસ્થાકીય ક્રિયાપ્રતિક્રિયાઓ, તાલીમ કાર્યક્રમો, વ્યાવસાયિક આદાનપ્રદાન, શ્રેષ્ઠ પદ્ધતિઓની વહેંચણી અને જહાજ મુલાકાતોના મહત્વ પર ભાર મૂક્યો હતો.HLM એ ક્ષેત્રમાં દરિયાઈ સલામતી, સુરક્ષા અને પર્યાવરણીય સ્થિરતાને પ્રોત્સાહન આપવાની દિશામાં મિત્રતા અને સહયોગની ભાવનાથી સાથે મળીને કામ કરવા માટે ભારત અને વિયેતનામની સહિયારી પ્રતિબદ્ધતાનો પુનરોચ્ચાર કર્યો હતો. ચાલુ દ્વિપક્ષીય જોડાણના ભાગરૂપે, ભારત-વિયેતનામ કોસ્ટ ગાર્ડ સંયુક્ત કવાયત, SAHYOG-HOPTAC, 27 ઓગસ્ટ 2026ના રોજ દરિયામાં યોજાનાર છે. આ કવાયત બંને કોસ્ટ ગાર્ડને ઓપરેશનલ સમન્વય વધારવા, સુસંગતતાને મજબૂત કરવા અને શ્રેષ્ઠ પદ્ધતિઓનું આદાનપ્રદાન કરવાની તક પૂરી પાડશે.

ટોક્યોમાં ઈન્ડિયા-જાપાન સ્ટાર્ટઅપ રાઉન્ડટેબલમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે ભારતના વધતા જતા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમને રેખાંકિત કર્યું

નવી દિલ્હી | ટોક્યોમાં યોજાયેલા ઈન્ડિયા-જાપાન સ્ટાર્ટઅપ રાઉન્ડટેબલમાં કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી શ્રી પીયૂષ ગોયલે આજે વિશ્વના ત્રીજા સૌથી મોટા સ્ટાર્ટઅપ ઈકોસિસ્ટમ તરીકે ભારતના ઉભરવાની બાબતને રેખાંકિત કરી હતી, જેમાં છેલ્લા એક દાયકામાં લગભગ 250,000 સ્ટાર્ટઅપ્સની સ્થાપના થઈ છે. તેમણે કહ્યું કે ભારતનું વિશાળ સ્થાનિક બજાર, ઊંડું STEM ટેલેન્ટ પુલ, ડિજિટલ પબ્લિક ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ઝડપથી વિસ્તરતું ઈનોવેશન ઈકોસિસ્ટમ તેને જાપાની ટેક્નોલોજી, રોકાણ અને ઈનોવેશન ભાગીદારી માટે એક આકર્ષક સ્થળ બનાવે છે.આ રાઉન્ડટેબલમાં બંને દેશોના વરિષ્ઠ સરકારી પ્રતિનિધિઓ, રોકાણકારો, ઉદ્યોગ સાહસિકો અને સ્ટાર્ટઅપ્સ એકસાથે આવ્યા હતા, જેણે સ્ટાર્ટઅપ્સ, ડીપ ટેક્નોલોજી, ઈનોવેશન અને MSMEs માં સહયોગ વધારવાની ભારત અને જાપાનની સશક્ત પ્રતિબદ્ધતાને દોહરાવી હતી. બંને દેશો વચ્ચે ટેક્નોલોજી ભાગીદારીને મજબૂત કરવા, રોકાણને પ્રોત્સાહન આપવા અને ઈનોવેશન-સંચાલિત આર્થિક સહયોગના આગામી તબક્કાને પ્રોત્સાહન આપવા પર ચર્ચા કેન્દ્રિત હતી.સહભાગીઓનું સ્વાગત કરતા, રાજદૂત નાગ્મા મોહમ્મદ મલિકે બંને દેશો વચ્ચે વધતા જતા સ્ટાર્ટઅપ જોડાણ પર પ્રકાશ પાડ્યો હતો. ઈન્ડિયા-જાપાન પિચિંગ સિરીઝે 65 ભારતીય સ્ટાર્ટઅપ્સને લગભગ 100 જાપાની કોર્પોરેશન સાથે જોડ્યા છે અને 30 થી વધુ બિઝનેસ ટાઈ-અપ્સની સુવિધા આપી છે. તેમણે નોંધ્યું હતું કે 222 સભ્યોના ભારતીય વ્યાપારી પ્રતિનિધિમંડળની ભાગીદારી બંને ઈનોવેશન ઈકોસિસ્ટમ વચ્ચે નવી અને કાયમી ભાગીદારી બનાવવાની તક પૂરી પાડે છે.શ્રી ગોયલે ચાર સ્તંભો પર આધારિત ભારત-જાપાન સ્ટાર્ટઅપ સહયોગના આગામી તબક્કા માટે એક ભવિષ્યલક્ષી માળખું પ્રસ્તાવિત કર્યું: પ્રારંભિક તબક્કાના સંશોધન, ડીપ-ટેક ઈનોવેશન અને વ્યાપારીકરણ માટે પેશન્ટ કેપિટલ એકત્ર કરવા માટે જાપાન-ઈન્ડિયા ડીપ-ટેક કેપિટલ કોરિડોર; બંને દેશોમાં યુનિવર્સિટીઓ, ઈન્ક્યુબેટર્સ, R&D સંસ્થાઓ, પ્રયોગશાળાઓ અને પરીક્ષણ સુવિધાઓને જોડતો ટુ-વે ઈનોવેશન બ્રિજ; મેન્યુફેક્ચરિંગ અને ટેક્નોલોજી ઈન્ટિગ્રેશન, જેમાં ભારતનું સ્કેલ, એન્જિનિયરિંગ ટેલેન્ટ અને ઉદ્યોગસાહસિક ગતિશીલતાને જાપાનની ચોક્કસ એન્જિનિયરિંગ, ટેક્નોલોજી અને ઉત્પાદન ક્ષમતાઓ સાથે જોડવામાં આવે; અને ભારતીય સ્થાપકો, જાપાની કોર્પોરેશનો, વેન્ચર ફંડ્સ અને વ્યૂહાત્મક રોકાણકારો વચ્ચે નિયમિત ક્રિયાપ્રતિક્રિયાની સુવિધા માટે જોઈન્ટ સ્ટાર્ટઅપ પિચિંગ પ્લેટફોર્મ્સનો સમાવેશ થાય છે.

બીજી તરફ, આ સમગ્ર કાર્યક્રમના આયોજક 'અહેડ ફોરમ' દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી છે. આયોજકોનું કહેવું છે કે 'યુનિવર્સલ વનનેસ' કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય સમગ્ર વિશ્વમાં શાંતિ અને એકતાનો સંદેશ ફેલાવવાનો છે. સંઘ પ્રમુખના આ વિદેશ પ્રવાસ હેઠળ તેઓ અમેરિકા બાદ કેનેડા અને યુકેની પણ મુલાકાત લેવાના છે, ત્યારે આ વિવાદ આગામી સમયમાં કેવું રૂપ લે છે તે જોવું રહ્યું.

રહસ્યમય મોસ્કોના એરપોર્ટ પર ઉતર્યું વિમાન, ક્રેમલિન દ્વારા કોઈ માહિતી અપાઈ નથી

મોસ્કોમાં અમેરિકન સૈન્ય વિમાનનું રહસ્યમય લેન્ડિંગ

(એજન્સી) મોસ્કો । તા. 26

અને રશિયા વચ્ચેના સંબંધોમાં ચાલી રહેલા ભારે તણાવ વચ્ચે એક આશ્ચર્યજનક ઘટના સામે આવી છે, જેમાં અમેરિકી સેનાનું એક વિશાળ પરિવહન વિમાન અચાનક રશિયાની રાજધાની મોસ્કોના એરપોર્ટ પર ઉતરી જતાં આંતરરાષ્ટ્રીય સ્તરે ભારે ચકચાર મચી ગઈ છે. વર્તમાન સમયમાં પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકાનું શક્તિશાળી સી-૧૭ ગ્લોબમાસ્ટર ત્રીજું વિમાન અચાનક મોસ્કોના વનુકોવો એરપોર્ટ પર લેન્ડ થયું હતું. ફ્લાઈટ ટ્રેકિંગ ડેટાના આધારે આ વિમાને લાતવિયાની રાજધાની રીગાથી ઉડાન ભરી હતી અને સીધું મોસ્કો પહોંચ્યું હતું. બંને દેશો વચ્ચેના સંબંધો અત્યારના તબક્કે સૌથી ખરાબ દોરમાંથી પસાર થઈ રહ્યા છે, ત્યારે અમેરિકન સૈન્યનું આટલું મોટું વિમાન અચાનક રશિયાની ધરતી પર પહોંચી જતાં દુનિયાભરના સંરક્ષણ નિષ્ણાતો પણ મૂંઝવણમાં મુકાઈ ગયા છે.

ફ્લાઈટ ટ્રેકિંગના આંકડા મુજબ આ વિમાને આરસીએચ ચાર પાંચ પાંચ પાંચ ફ્લાઈટ નંબર સાથે



મંગળવારે સવારે રીગાથી ઉડાન ભરી હતી અને સવારે દસ વાગ્યાની આસપાસ મોસ્કોમાં ઉતરાણ કર્યું હતું. આ વનુકોવો એરપોર્ટનો ઉપયોગ સામાન્ય રીતે વીઆઈપી અને સરકારી મિશન માટે કરવામાં આવે છે. આ ઘટનાની પૃષ્ઠભૂમિ તપાસતા જાણવા મળ્યું કે આ જ વિમાન થોડા દિવસો પહેલાં અમેરિકાના મેરીલેન્ડ સ્થિત કેમ્પ સ્પ્રિંગ્સથી રીગા પહોંચ્યું હતું. આ એ જ વિસ્તાર છે જ્યાં અમેરિકાનું જાણીતું જોઈન્ટ બેઝ એન્ડ્રયૂઝ આવેલું છે, જેનો ઉપયોગ રાષ્ટ્રપ્રમુખના સત્તાવાર વિમાન અને ઉચ્ચ અધિકારીઓના મિશન માટે થાય છે.

આ રહસ્યમય લેન્ડિંગ અંગે જ્યારે રશિયાના રાષ્ટ્રપ્રમુખ ભવન એટલે કે ક્રેમલિનના પ્રવક્તાને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું હતું કે મોસ્કોને આ અમેરિકન સૈન્ય વિમાનના આગમન અંગે કોઈ સત્તાવાર જાણકારી નથી. રશિયાના સરકારી મીડિયાએ પણ પુષ્ટિ કરી છે કે આ અઠવાડિયે મોસ્કોમાં અમેરિકન પ્રશાસનના કોઈ અધિકારી સાથે કોઈ સત્તાવાર બેઠક નક્કી થઈ નથી. બંને મહાસત્તાઓ તરફથી કોઈ સ્પષ્ટતા ન આવવાને કારણે આ ફ્લાઈટને લઈને અનેક પ્રકારની ગુપ્ત ડીલ અને રાજદ્વારી અટકળોનું બજાર ગરમ થઈ ગયું છે.

સી-૧૭ ગ્લોબમાસ્ટર ત્રીજું એ અમેરિકન વાયુસેનાનું અત્યંત વિશાળ અને શક્તિશાળી ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ છે, જેનો ઉપયોગ સામાન્ય રીતે ભારે સૈન્ય સાધનો, ટેન્ક અને સૈનિકોને ખસેડવા માટે થાય છે. જોકે, પેન્ટાગન દ્વારા તેનો ઉપયોગ મોટા રાજદ્વારી મિશન કે કટોકટીના સમયે લોજિસ્ટિક સપ્લાય માટે પણ કરવામાં આવે છે.

ઈરાન સાથે ધંધો કરનાર પર અમેરિકાના પ્રતિબંધ

(એજન્સી) વોશિંગ્ટન । તા. 26

અમેરિકાના પ્રમુખ દ્વારા ઈરાનમાં શાસન બદલવાની રણનીતિ હેઠળ હવે આર્થિક મોરચે મોટો હુમલો કરવામાં આવ્યો છે, જેમાં ઈરાન સાથે વેપાર કરતા દેશો અને કંપનીઓને ડોલર સિસ્ટમમાંથી બહાર ફેંકી દેવાની કડક ચેતવણી આપવામાં આવી છે.

વર્તમાન સમયમાં પ્રાપ્ત વિગતો અનુસાર, અમેરિકાએ ઈરાન સામેના સંઘર્ષમાં 'એન્ડગેમ'માં પ્રવેશ કર્યો છે. અમેરિકન નાણાં પ્રમુખ સ્કોટ બેસેન્ટે જાહેરાત કરી છે કે ઈરાનની આવકના તમામ સ્ત્રોતોને કાયમ માટે બંધ કરવા માટે નવા અને વધુ આકરા આર્થિક પ્રતિબંધોનો અમલ તરત જ શરૂ કરી દેવામાં આવ્યો છે. આ નીતિ હેઠળ જે પણ દેશો કે કંપનીઓ ઈરાન સાથે આર્થિક સંબંધો જાળવી રાખશે, તેમને આંતરરાષ્ટ્રીય ડોલર આધારિત નાણાકીય વ્યવસ્થામાંથી સત્તાવાર રીતે હાંકી કાઢવામાં આવશે. આ પગલાથી વૈશ્વિક સ્તરે વેપાર અને રાજકારણમાં ભારે હલચલ મચી ગઈ છે. આ નવા પ્રતિબંધોની સીધી અસર ભારત પર પણ જોવા મળી છે. અમેરિકાએ ઈરાન પાસેથી પેટ્રોલિયમ અને પેટ્રોકેમિકલ ઉત્પાદનોની આયાત કરતી ભારતની ચાર પ્રમુખ કંપનીઓ પર પ્રતિબંધ મૂકી દીધો છે. આ પ્રતિબંધિત કંપનીઓમાં પ્રોટીસ પાર્ટનર્સ એલએલપી, સદાશિવ ઓવરસીઝ લિમિટેડ, પીપી સોફ્ટેક પ્રાઈવેટ લિમિટેડ અને પ્રાકૃતીસ ઈન્ફ્રા ઈમ્પેક્સ પ્રાઈવેટ લિમિટેડનો સમાવેશ થાય છે. આ કંપનીઓએ મોટા પ્રમાણમાં ઈરાની ઉત્પાદનોની આયાત કરી હોવાના આક્ષેપ સાથે અમેરિકાએ આ કડક કાર્યવાહી હાથ ધરી છે. અમેરિકાના આ આર્થિક આક્રમણ સામે ઈરાને પણ અત્યંત આક્રમક વલણ અપનાવ્યું છે.

મોદી કેબિનેટમાં મોટા ફેરબદલની તૈયારી: 'વન પર્સન, વન પોસ્ટ' ફોર્મ્યુલા અને વરિષ્ઠ નેતાઓની ભૂમિકા

12 નવા મંત્રીઓની થશે એન્ટ્રી? કોનું પત્તું કપાશે!

(એજન્સી) નવી દિલ્હી | તા.26

ભાજપ દ્વારા નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત બાદ હવે મોદી કેબિનેટમાં ફેરબદલની ચર્ચાઓએ જોર પકડ્યું છે. હાલ 69 મંત્રીઓ કાર્યરત છે, જ્યારે 81ની બંધારણીય મર્યાદા છે, એટલે 12 નવા મંત્રીઓ માટે જગ્યા ઉપલબ્ધ છે. 'વન પર્સન, વન પોસ્ટ' ફોર્મ્યુલા હેઠળ પિયૂષ ગોયલ, હર્ષ મલ્હોત્રા, પંકજ ચૌધરી જેવા નેતાઓની ભૂમિકા બદલાઈ શકે છે. પ્રાદેશિક સંતુલન અને સહયોગી પક્ષોને સ્થાન મળશે.ભારતીય જનતા પાર્ટી (BJP) દ્વારા નવી રાષ્ટ્રીય ટીમની જાહેરાત કરવામાં આવ્યા બાદ હવે દેશના રાજકીય વર્તુળોમાં મોદી કેબિનેટમાં સંભવિત ફેરબદલની ચર્ચાઓએ જોર પકડ્યું છે. ભાજપ સંગઠનમાં કરવામાં આવેલા મોટા વહીવટી ફેરફારો બાદ હવે આગામી ક્રમ કેન્દ્ર સરકારનો હોવાની અટકળો વહેતી થઈ છે.કેન્દ્રીય મંત્રી પરિષદની હાલની સ્થિતિ અને બંધારણીય મર્યાદાઓ પર નજર કરીએ તો, વર્તમાન સમયમાં કેન્દ્ર સરકારમાં

કુલ 69 મંત્રીઓ કાર્યરત છે. નિયમ અને બંધારણીય મર્યાદા અનુસાર કેન્દ્રીય મંત્રીમંડળમાં મહત્તમ 81 મંત્રીઓનો સમાવેશ કરી શકાય છે. આ ગણતરી મુજબ કેન્દ્ર સરકાર પાસે હજુ પણ 12 નવા મંત્રીઓનો સમાવેશ કરવાની જગ્યા ઉપલબ્ધ છે. આ આંકડો જ મંત્રીમંડળમાં વિસ્તાર અને વિસ્તારિત ફેરબદલની શક્યતાઓને વેગ આપી રહ્યો છે. જોકે, આ અંગે હજુ સુધી કોઈ પણ પ્રકારની સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી.ભાજપની નવી રાષ્ટ્રીય ટીમમાં પિયૂષ ગોયલ, સ્મૃતિ ઈરાની અને અનુરાગ ઠાકુર જેવા વરિષ્ઠ અને પ્રભાવશાળી ચેહરાઓને સંગઠનમાં મહત્વની જવાબદારીઓ સોંપવામાં આવી છે. આ ઉપરાંત કેન્દ્રીય મંત્રી હર્ષ મલ્હોત્રાને દિલ્હી ભાજપના પ્રમુખ અને પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના પ્રમુખ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. સંગઠનમાં આ નવી જવાબદારીઓ મળ્યા બાદ ભાજપના અગત્યના સિદ્ધાંત 'વન પર્સન, વન પોસ્ટ' (એક વ્યક્તિ, એક પદ) ના ફોર્મ્યુલા અંગે ચર્ચા જાગી છે. જો આ ફોર્મ્યુલાનો અમલ કડક રીતે કરવામાં આવશે, તો સંગઠન અને સરકાર વચ્ચે સંતુલન જાળવવા માટે કેટલાક મંત્રીઓની કેન્દ્ર સરકારમાંથી છુટ્ટી થઈ શકે છે અથવા તેમની ભૂમિકા બદલાઈ શકે છે. આ સંભવિત ફેરબદલમાં સૌથી વધુ ચર્ચા કેન્દ્રીય વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પિયૂષ ગોયલની થઈ રહી છે. તેમને પક્ષના રાષ્ટ્રીય ખજાનચી (કોષાધ્યક્ષ) ની મહત્વપૂર્ણ જવાબદારી સોંપાઈ છે. 'વન પર્સન, વન પોસ્ટ' ની નીતિને કારણે તેઓ મંત્રીપદ ચાલુ રાખશે કે પૂર્ણપણે સંગઠનની કામગીરીમાં જોડાશે તે બાબતે સવાલો ઊભા થયા છે. જો તેઓ સંગઠનમાં પૂર્ણ સમય ફાળવશે, તો વાણિજ્ય મંત્રાલય અન્ય કોઈ નેતાને સોંપાઈ શકે છે.

બીજી તરફ, હર્ષ મલ્હોત્રા કેન્દ્રમાં માર્ગ વાહનવ્યવહાર અને કોર્પોરેટ બાબતોના રાજ્ય મંત્રી છે અને હવે તેમને દિલ્હી ભાજપ પ્રમુખ બનાવાયા છે. દિલ્હી જેવા મહત્વના રાજકીય વિસ્તારનું પ્રમુખપદ અને મંત્રીપદ બંને એકસાથે સંભાળવું વ્યાવસાયિક રીતે મુશ્કેલ બની શકે છે. તે જ રીતે પંકજ ચૌધરીને ઉત્તર પ્રદેશ ભાજપના અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે. આગામી યુપી વિધાનસભા ચૂંટણીની દ્રષ્ટિએ તેમની ભૂમિકા અત્યંત મહત્વની છે. જોકે, તેમની સામાજિક અને રાજકીય ઉપયોગિતાને કારણે પક્ષ તેમને મંત્રી પરિષદમાં યથાવત પણ રાખી શકે છે. કેબિનેટમાં ખાલી પડેલી 12 જગ્યાઓ ભરવા માટે પ્રાદેશિક પ્રતિનિધિત્વ અને રાજકીય સમીકરણો ધ્યાનમાં લેવાય તેવી પૂરેપૂરી સંભાવના છે.

રેલવેનો મોટો નિર્ણય

ગુજરાતની 21 ટ્રેનો હવે 130 કિમી પ્રતિ કલાકની ઝડપે દોડશે!

(એજન્સી) નવી દિલ્હી | તા.26

પશ્ચિમ રેલવે દ્વારા મુસાફરોનો પ્રવાસ સમય ઘટાડવા માટે મહત્ત્વપૂર્ણ નિર્ણય લેવામાં આવ્યો છે. પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની 21 સહિત 23 લોકપ્રિય મેલ અને સુપરફાસ્ટ ટ્રેનોની મહત્તમ ગતિ 110 કિમી પ્રતિ કલાકથી વધારીને 130 કિમી પ્રતિ કલાક કરવાની મંજૂરી આપવામાં આવી છે.પશ્ચિમ રેલવેના વિવિધ રેલવે સેક્શનમાં દોડતી ગુજરાતની 21 સહિત 23 ટ્રેનોને હવે 130 કિમી પ્રતિ કલાક મહત્તમ ગતિએ દોડાવવાની દિશામાં કામગીરી હાથ ધરાશે. અત્યાર સુધી આ ટ્રેનોની મહત્તમ ગતિ 110 કિમી પ્રતિ કલાક હતી. 22 ઓગસ્ટ, 2026ના રોજ પશ્ચિમ રેલવેના જનરલ મેનેજરની મંજૂરી બાદ આ ફેરફારને લીલી ઝંડી મળી છે.રેલવેના આ નિર્ણયથી ગુજરાત સહિત મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્યપ્રદેશ અને ઉત્તર ભારત વચ્ચે મુસાફરી કરતા મુસાફરોને પ્રવાસ સમયમાં ઘટાડો થવાની શક્યતા છે. 130 કિમી

પ્રતિ કલાકની ઝડપથી ટ્રેનો દોડવાથી લાંબા અંતરની મુસાફરી વધુ ઝડપી બનશે. આ ઉપરાંત ટ્રેન નં.19421-22 અમદાવાદ-પટણા એક્સપ્રેસમાં કોચની સંખ્યા 20ને બદલે 22 કરીને એલએચબી કોચ સાથે 130ની સ્પીડે દોડાવવામાં આવશે. 130 કિમીની ઝડપે ટ્રેનો દોડાવવા માટે પ્લેટફોર્મની લંબાઈ, મુસાફરોની સલામતી અને કોચની ટેકનિકલ જરૂરિયાતોને ધ્યાનમાં રાખીને માર્ગદર્શિકા પણ નક્કી કરવામાં આવી છે. એક એન્જિન અને 22 એલએચબી કોચની ટ્રેન માટે ઓછામાં ઓછું 551 મીટર લાંબું પ્લેટફોર્મ જરૂરી બનશે. દિવ્યાંગ મુસાફરોની સુવિધા માટે એલએસએલઆરડી કોચ ઉપલબ્ધ કરાશે. એચઓજી સિસ્ટમના યોગ્ય સંચાલન માટે એન્જિન, હેડ-ઓન-જનરેશન અને રેક વચ્ચે સંકલન જાળવવા પણ સૂચના અપાઈ છે.

News Brief

"દિલ્હી લક્ષ્મી યોજના બહેનોને 2,500 રૂપિયાની સહાય શરૂ થાય છે": CM રેખા ગુપ્તા

નવી દિલ્હી : દિલ્હીના મુખ્યમંત્રી રેખા ગુપ્તાએ બુધવારે કહ્યું કે 'દિલ્હી લક્ષ્મી યોજના' પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે અને પુનરોચ્ચાર કર્યો કે દિલ્હીમાં મહિલાઓને 2,500 રૂપિયાની નાણાકીય સહાય પૂરી પાડવી એ તેમની સરકારની પ્રતિબદ્ધતા છે. તેમણે જણાવ્યું હતું કે નોંધણી પોર્ટલ શરૂ થયાના એક મહિનાની અંદર લગભગ 9.5 લાખ મહિલાઓએ આ યોજના માટે નોંધણી કરાવી છે. પત્રકારો સાથે વાત કરતા ગુપ્તાએ કહ્યું, 'આ યોજના પીએમ મોદીના સંકલ્પને પ્રતિબિંબિત કરે છે; ખરેખર, અમે પહેલા દિવસથી જ જાહેર કર્યું હતું કે દિલ્હીની બહેનોને 2,500 રૂપિયા આપવા એ અમારી પ્રતિબદ્ધતા છે. આજે, જ્યારે અમે 'દિલ્હી લક્ષ્મી યોજના'ને લોકો સુધી મૂર્ત રીતે પહોંચાડી રહ્યા છીએ, ત્યારે મને દિલ્હીની બહેનો ખૂબ ખુશ જોઈને આનંદ થાય છે.' તેમણે ઉમેર્યું, 'અમે 1 ઓગસ્ટના રોજ આ યોજના શરૂ કરી હતી. ફક્ત એક મહિનાની અંદર, લગભગ 9.5 લાખ બહેનોએ તેના માટે નોંધણી કરાવી હતી. આજના કાર્યક્રમ દ્વારા, અમે 2,500 રૂપિયાની આ યોજના હેઠળ 2,500 લાભાર્થીઓના પ્રથમ સેટને ચકાસણી અને મંજૂરી પત્રોનું વિતરણ કર્યું છે. ઓગસ્ટ મહિના માટે ભંડોળ 1 સપ્ટેમ્બરના રોજ તેમના ખાતામાં જમા કરવામાં આવશે.' ગુપ્તાએ વધુમાં જણાવ્યું હતું કે આ યોજના હેઠળ નોંધણી માટે કોઈ મર્યાદા કે સમયમર્યાદા નથી અને મહિલાઓ તેમની સુવિધા મુજબ અરજી કરી શકે છે. 'આ યોજનાની કોઈ મર્યાદા નથી, કે નોંધણી માટે કોઈ સમયમર્યાદા નથી; તે એક ચાલુ પહેલ છે. બહેનો તેમની સુવિધા મુજબ નોંધણી કરાવી શકે છે.

દુર્ગા પૂજા ઉત્સવ દરમિયાન DHR છ ખાસ જોયરાઇડ સેવાઓ શરૂ કરશે

માલીગાંવ | દાર્જિલિંગ હિમાલયન રેલ્વે (DHR) - જે ઉત્તરપૂર્વ સરહદી રેલ્વે (NFR) હેઠળ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઇટ છે - આગામી દુર્ગા પૂજા ઉત્સવ દરમિયાન 1 ઓક્ટોબર, 2026 થી પ્રવાસીઓ માટે છ ખાસ વધારાની જોયરાઇડ સેવાઓ શરૂ કરશે. આ પહેલનો ઉદ્દેશ્ય પ્રવાસીઓને ઐતિહાસિક રેલ યાત્રા, અદભુત કુદરતી દ્રશ્યો અને દાર્જિલિંગની મનોહર ટેકરીઓના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાનો આનંદ માણવાની યાદગાર તક પૂરી પાડવાનો છે.તહેવારોની મોસમને ધ્યાનમાં રાખીને, DHR દાર્જિલિંગ અને ઘુમ વચ્ચે ચાર એક-માર્ગી જોયરાઇડ સેવાઓ ચલાવશે. દાર્જિલિંગથી ઘુમ સુધીની સેવાઓ સવારે 09:20 કલાક અને 11:25 કલાકે ઉપડશે, જ્યારે ઘુમથી દાર્જિલિંગ સુધીની સેવાઓ સવારે 10:25 કલાક અને 12:30 કલાકે ઉપડશે. આ સેવાઓ ડીઝલથી ચાલતી ટ્રેનો દ્વારા સંચાલિત કરવામાં આવશે, અને પ્રસ્તાવિત ભાડું પ્રતિ એક-માર્ગી યાત્રા 800 છે.વધુમાં, DHR કુર્સિયાંગ અને મહાનદી વચ્ચે બે ખાસ રાઉન્ડ-ટ્રીપ જોયરાઇડ સેવાઓ શરૂ કરશે, જે મુસાફરોને દાર્જિલિંગ હિમાલયન રેલ્વેના સૌથી મનોહર અને વારસાથી સમૃદ્ધ વિભાગોમાંના એકનો અનુભવ કરવાની તક આપશે. પ્રથમ સેવા 'રેડ પાંડા' સ્ટીમ એન્જિન દ્વારા ખેંચવામાં

આવશે, જે કુર્સિયાંગથી 09:00 વાગ્યે ઉપડશે, અને મહાનદીથી 10:00 વાગ્યે પરત ફરશે. આ રાઉન્ડ ટ્રીપ માટે પ્રસ્તાવિત ભાડું 1,530 છે.'મુક્તધારા' નામની બીજી રાઉન્ડ-ટ્રીપ જોયરાઇડ સેવા ડીઝલ એન્જિન દ્વારા ખેંચવામાં આવશે. આ સેવા કુર્સિયાંગથી 15:15 વાગ્યે ઉપડશે, અને મહાનદીથી 16:00 વાગ્યે પરત ફરશે. આ રાઉન્ડ ટ્રીપ માટે પ્રસ્તાવિત ભાડું 1,030 છે. ભારતના પ્રખ્યાત કવિ અને સાહિત્યકાર, રવિન્દ્રનાથ ટાગોરને શ્રદ્ધાંજલિ રૂપે આ સેવાને 'મુક્તધારા' નામ આપવામાં આવ્યું છે. ટાગોરની પ્રખ્યાત કવિતા 'મુક્તધારા' પાગલાઝોરાના કુદરતી સૌંદર્ય સાથે જોડાયેલી છે, જે આ નવી સેવામાં એક વિશિષ્ટ સાહિત્યિક અને સાંસ્કૃતિક પરિમાણ ઉમેરે છે.આ ખાસ જોયરાઇડ સેવાઓનો પ્રારંભ ફક્ત મુસાફરીનો અનુભવ વધારવાનો જ નહીં પરંતુ DHR ના સમૃદ્ધ વારસાને જાળવવા અને પ્રોત્સાહન આપવાના ઉત્તરપૂર્વ સરહદી રેલ્વેના પ્રયાસોને પણ મજબૂત બનાવશે. આ સેવાઓ પ્રવાસીઓને હેરિટેજ રેલ મુસાફરી, સ્ટીમ એન્જિન ટેકનોલોજી, આકર્ષક પર્વતીય લેન્ડસ્કેપ્સ અને દાર્જિલિંગના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાના અનોખા મિશ્રણનો આનંદ માણવાની તક આપશે. નિયમિત કામગીરી શરૂ થાય તે પહેલાં, સપ્ટેમ્બરના અંતમાં સ્ટેશન ફેસ્ટિવલની પૂર્વસંધ્યાએ મહાનદી રેલ્વે સ્ટેશન પર 'મુક્તધારા'નો એક ખાસ કાર્યક્રમ યોજવામાં આવશે.ઉત્સવની મોસમ દરમિયાન શરૂ કરાયેલ, આ પહેલ દાર્જિલિંગ પહાડી ક્ષેત્રમાં પ્રવાસનને વધુ વેગ આપશે. આ ખાસ સેવાઓ મુસાફરોને ઐતિહાસિક રેલ યાત્રા, કુદરતી સૌંદર્ય અને વિસ્તારના સમૃદ્ધ સાંસ્કૃતિક વારસાને નજીકથી જોવા અને અનુભવવાની મંજૂરી આપશે. આ સેવાઓ દ્વારા, DHR એક સમૃદ્ધ અને યાદગાર મુસાફરી અનુભવ પ્રદાન કરવાનો હેતુ ધરાવે છે જે મુસાફરોને ઈતિહાસ, પ્રકૃતિ અને પર્વતીય પ્રદેશના કાલાતીત આકર્ષણ સાથે જોડે છે.

"રાહુલે અસરકારક રીતે સરકારને ઘેરી લીધી, નેતૃત્વ ઘણું આગળ વધ્યું": સંજય રાઉત

મુંબઈ (મહારાષ્ટ્ર) [ભારત], 26 ઓગસ્ટ (ANI): લોકસભામાં વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી સાથેની મુલાકાત બાદ, શિવસેના (UBT) ના સાંસદ સંજય રાઉતે કેન્દ્રમાં મંત્રીમંડળમાં ફેરબદલની અટકળોને હવા આપી, INDIA બ્લોકમાં કોંગ્રેસના સાંસદના નેતૃત્વની પ્રશંસા કરી. મુંબઈમાં એક પત્રકાર પરિષદને સંબોધતા, સંજય રાઉતે રાષ્ટ્રીય રાજધાનીમાં તાજેતરના NEET-UG વિરોધ પ્રદર્શનો બાદ સરકાર પર દબાણ લાવવા બદલ રાહુલ ગાંધીની પ્રશંસા કરી. શિવસેના (UBT) ના નેતાએ કહ્યું, 'વિરોધ પક્ષના નેતા તરીકે, રાહુલ ગાંધીએ સરકાર પર દબાણ લાવ્યું છે અને તેને અસરકારક રીતે ઘેરી લીધી છે. રાહુલ ગાંધીના કારણે જ વડા પ્રધાન મોદીને મંત્રીમંડળનો ચહેરો બદલવો પડી રહ્યો છે. જો કે, જો વડા એ જ રહે છે જ્યારે બાકીના શસ્ત્રક્રિયામાંથી પસાર થાય છે, તો તેને મંત્રીમંડળમાં ફેરબદલ કહી શકાય નહીં.'કેન્દ્ર પર પ્રહાર કરતા તેમણે દાવો કર્યો કે વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહ પ્રધાન અમિત શાહની છબી ખરડાઈ ગઈ છે અને ભાજપ પાસે કેબિનેટ મંત્રી તરીકે અસરકારક રીતે કામ કરી શકે તેવા નેતાઓનો અભાવ છે. તેમણે કહ્યું, 'પીએમ મોદી અને અમિત શાહની છબી ખરડાઈ ગઈ છે. એક કે બે નેતાઓ સિવાય, ભાજપ પાસે કેબિનેટમાં અસરકારક રીતે કામ કરી શકે તેવા નેતાઓનો અભાવ છે. શિવરાજ સિંહ ચૌહાણ અને નીતિન ગડકરી મોટા નામ છે, અને બાકીના બધા ભગવાનની દયા પર કામ કરી રહ્યા છે. આ દેશના વિકાસ પર અસર કરી રહ્યું છે. અમિત શાહની છબીને નુકસાન થયું છે, તેથી તેમને પહેલા બાજુ પર રાખવા જોઈએ.' કેન્દ્રમાં પરિવર્તનની અટકળોને હવા આપતા, તેમણે મહારાષ્ટ્રના મુખ્યમંત્રી દેવેન્દ્ર ફડણવીસ દિલ્હીમાં જવાબદારી સંભાળશે તેવી અફવાને પાછી લાવી. તેમણે કહ્યું, 'કોઈ પણ ક્યારેય અમિત શાહને વડા પ્રધાન તરીકે નિયુક્ત કરશે નહીં. મોદી સિવાય, ભાજપ પાસે વડા પ્રધાન પદ માટે પ્રોજેક્ટ કરવા માટે કોઈ ચહેરો નથી. આરએસએસમાં દેશના નેતૃત્વ અંગે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. મેં વારંવાર કહ્યું છે કે, દેવેન્દ્ર ફડણવીસને કેન્દ્રમાં જવાબદારી સંભાળવી પડી શકે છે.

ટૂંકા વસ્ત્રોમાં રક્ષાબંધનની એડ પર વિવાદ, ભારે ટ્રોલિંગ બાદ કંપનીએ જાહેર ખબર પાછી ખેંચી

મુંબઈ: અભિનેત્રી કૃતિ સેનનના રક્ષાબંધન એડ વીડિયો પર કપડાંને લઈ વિવાદ થયો હતો. જ્વેલરી બ્રાન્ડની આ જાહેરાતમાં કૃતિના પોશાક સામે ભાજપ-કોંગ્રેસ સહિત વિવિધ વર્ગોએ વિરોધ કર્યો. કંપનીએ માફી માંગી, લાગણી દુભાવવાનો ઈરાદો ન હોવાનું જણાવી તમામ પ્લેટફોર્મ પરથી જાહેરાત પાછી ખેંચી લીધી. બોલિવૂડ અભિનેત્રી કૃતિ સેનનનો રક્ષાબંધનને લગતા જાહેર ખબરનો એક વીડિયોને લઈને સોશિયલ મીડિયા પર વિવાદ સર્જાયો છે. એક જાણીતી જ્વેલરી બ્રાન્ડ માટે શૂટ કરવામાં આવેલી આ ફેસ્ટિવ



એડમાં કૃતિ સેનના કપડાં અંગે લોકોએ વાંધો ઉઠાવ્યો હતો. આ મુદ્દા ભાજપ અને કોંગ્રેસે રાજકારણ પણ શરૂ કરી દીધું હતું. વિવિધ વર્ગો દ્વારા ઉગ્ર વિરોધ બાદ કંપનીએ સત્તાવાર નિવેદન આપીને તમામ ડિજિટલ અને મીડિયા પ્લેટફોર્મ પરથી આ વિજ્ઞાપન સંપૂર્ણપણે પાછું ખેંચી લીધું છે.આ વિવાદ વકરતાં કંપની પ્રશાસને એક સત્તાવાર સ્પષ્ટતા આપતાં જણાવ્યું કે, અમે ભારતીય સંસ્કૃતિ, સનાતન પરંપરા અને પવિત્ર તહેવારોનું પૂર્ણ સન્માન કરીએ છીએ. એક સંસ્થા તરીકે અમે હંમેશાં સમગ્ર પરિવાર સાથે ઉત્સાહપૂર્વક તહેવારોની ઉજવણીમાં માનીએ છીએ. આ કેમ્પેઈન દ્વારા અમે પરિવારના હિસ્સા સમાન પાલતુ પ્રાણીઓ પ્રત્યેનો પ્રેમ દર્શાવવાનો પ્રયાસ કરી રહ્યા હતા. જો અમારા આ પ્રયાસથી સમાજના કોઈ પણ વર્ગની લાગણી દુભાઈ હોય તો તે અમારો ઈરાદો ક્યારેય નહોતો. સૌની ભાવનાઓનું માન રાખીને અમે તમામ મીડિયા માધ્યમો પરથી આ જાહેરાત તાત્કાલિક અસરથી પાછી ખેંચી રહ્યા છીએ.આ જાહેરાતમાં કૃતિ સેનન ઓફ-વ્હાઈટ કલરના બ્રાલેટ-સ્ટાઈલ બ્લાઉઝ, ડ્રેપ્ડ સ્કર્ટમાં જોવા મળી હતી. વીડિયો સામે આવતાં જ યુઝર્સે સોશિયલ મીડિયા પર ટિપ્પણીઓ કરવાનું શરૂ કર્યું કે ભાઈ-બહેનના પવિત્ર તહેવાર માટે આવો પોશાક ભારતીય સંસ્કૃતિ અને મર્યાદાને અનુરૂપ નથી. અભિનેત્રી કંગના રણૌતે પણ સોશિયલ મીડિયા પર નામ લીધા વગર પ્રતિક્રિયા આપતાં જણાવ્યું હતું કે, મહિલાઓને પોતાની પસંદગીના કપડાં પહેરવાની સંપૂર્ણ સ્વતંત્રતા છે.

પટણામાં યુવાનો વિફર્યા : મુખ્યમંત્રી આવાસ ઘેરવા પ્રયાસ, ભારે લાઠીચાર્જ

પટણા : દિલ્હીના જંતરમંતરની જેમ બિહારમાં યુવાનો વિફર્યા છે અને મોટું આંદોલન શરૂ કરી દીધુ છે. રાજધાની પટણામાં ફરી હજારો વિદ્યાર્થીઓ રસ્તા પર ઉતર્યા હતા. જેને રોકવા માટે પોલીસ દ્વારા લાઠીચાર્જ કરાયો તેમજ વોટર કેનનનો મારો ચલાવાયો હતો. યુવાનો બિહારના મુખ્યમંત્રીના આવાસનો ઘેરાવો કરવા જઈ રહ્યા હતા તેથી વચ્ચે જ તેમને રોકી લેવા બળપ્રયોગ કરવામાં આવ્યો હતો.બિહાર પબ્લિક સર્વિસ કમિશન બીપીએસસીને લઈને તૈયારી કરી રહેલા હજારો યુવાનો ભરતી પ્રક્રિયામાં સુધારાની માગણી સાથે આંદોલન પર ઉતર્યા હતા. રાજધાની પટણામાં એકઠા થયેલા આ યુવાનોએ

મુખ્યમંત્રી આવાસ ઘેરાવનું એલાન કર્યુ હતું. પરીક્ષા એક જ તબક્કામાં યોજવાની માગણી સાથે યુવાનો આંદોલન કરી રહ્યા છે, જેમાં મુખ્યત્વે ડાબેરી પક્ષોના યુવા, વિદ્યાર્થી સંગઠનો વધુ પ્રમાણમાં સામેલ છે. આ સંગઠનોમાં એસએફઆઈ, ડીવાયએફઆઈ વગેરેનો સમાવેશ થાય છે. યુવાનો દ્વારા પથ્થરમારો પણ કરાયો હતો.ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ટેક્નોલોજી આઈઆઈટી દિલ્હી હવે કોકરોચ જનતા પાર્ટીની રડારમાં છે. તાજેતરમાં ૩૧ વર્ષના એક આઈઆઈટીના વિદ્યાર્થીએ સંસ્થાના છઠ્ઠા માળેથી કૂદીને આત્મહત્યા કરી લીધી હતી. દેશભરની આઈઆઈટીમાં પાંચ વર્ષમાં ૬૫ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે જ્યારે ત્રણ વર્ષમાં આઈઆઈટી દિલ્હીમાં જ ૮ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે. આ આંકડા કોકરોચ જનતા પાર્ટીના પ્રવક્તા આશુતોષ રાંકા દ્વારા જાહેર કરવામાં આવ્યા હતા. તેમણે આ સાથે જ વિદ્યાર્થીઓમાં રહેલા સ્ટ્રેસને રોકવા માટે યોગ્ય માળખાનો અભાવ હોવાના દાવા સાથે વિરોધ પ્રદર્શનો કરવાની ચિમકી પણ ઉચ્ચારી હતી.

યોગીએ 'લોકમાતા અહિલ્યાબાઈ માતૃશક્તિ યાત્રા' શરૂ કરી, 60 વર્ષથી વધુ ઉંમરની મહિલાઓને મફત બસ મુસાફરી મળશે

લખનૌ : ઉત્તર પ્રદેશના મુખ્યમંત્રી યોગી આદિત્યનાથે બુધવારે 'લોકમાતા અહિલ્યાબાઈ માતૃશક્તિ યાત્રા' યોજના શરૂ કરી અને રાજ્યમાં 60 વર્ષ અને તેથી વધુ ઉંમરની મહિલાઓને મફત મુસાફરીની સુવિધા પૂરી પાડવા માટે ખાસ બસોને લીલી ઝંડી આપી. લખનૌમાં લોન્ચ કાર્યક્રમમાં બોલતા, મુખ્યમંત્રી યોગીએ કહ્યું કે આ યોજનાનો ઉદ્દેશ્ય મહિલાઓની મુસાફરીને વધુ અનુકૂળ અને ગૌરવપૂર્ણ બનાવવા અને તેમની આત્મનિર્ભરતાને મજબૂત બનાવવાનો છે. 'જે માતૃશક્તિએ તેમના જીવન દરમ્યાન પરિવાર અને સમાજનો માર્ગ સરળ બનાવ્યો છે - તેમની મુસાફરીને સરળ અને ગૌરવપૂર્ણ બનાવવાનો અમારો સંકલ્પ ડબલ-એન્જિન સરકારમાં સાકાર થઈ રહ્યો છે,' મુખ્યમંત્રીએ કહ્યું. આ યોજના હેઠળ, 60 વર્ષ અને તેથી વધુ ઉંમરની મહિલાઓને મફત બસ મુસાફરીની સુવિધા પૂરી પાડવામાં આવશે. મુખ્યમંત્રીએ એમ પણ કહ્યું કે રક્ષાબંધન પર માતાઓ, બહેનો અને પુત્રીઓને એક સાથે આવનાર વ્યક્તિ સાથે મફત બસ મુસાફરીની સુવિધા આપવામાં આવશે. 'માતૃશક્તિનું સન્માન અને તેમની સુવિધા અમારી પ્રાથમિકતા છે,' સીએમ યોગીએ કહ્યું. મુખ્યમંત્રીએ કહ્યું કે આ યોજનાનું નામ લોકમાતા અહિલ્યાબાઈ હોલકરના નામ પરથી રાખવામાં આવ્યું છે, જેમને તેમણે મહિલા આત્મનિર્ભરતા અને સુશાસનના અનુકરણીય વ્યક્તિ તરીકે વર્ણવ્યા. 'જ્યારે દેશ મુઘલ આક્રમણકારો દ્વારા સર્જાયેલી અરાજકતાની ઝપેટમાં હતો, ત્યારે લોકમાતા અહિલ્યાબાઈએ માત્ર સુશાસનના લક્ષ્યો પ્રાપ્ત કર્યા નહીં અને ભારતના આધ્યાત્મિક અને સાંસ્કૃતિક વારસાનું જતન કર્યું નહીં, પરંતુ મહિલાઓના આત્મનિર્ભરતા માટે એક અનુકરણીય ધોરણ પણ સ્થાપિત કર્યું.

અમૃતસર: મોહલ્લા ક્લિનિકના કાર્યકરોએ ક્લિનિક બંધ કરાવ્યા; સિવિલ સર્જન ઓફિસ બહાર NHM સ્ટાફનો વિરોધ

અમૃતસર : અમૃતસરમાં મોહલ્લા ક્લિનિકના કામદારોએ બુધવારે શહેરભરના ક્લિનિક બંધ રાખ્યા, તેમની નોકરીઓને નિયમિત કરવા, તબીબી રજાઓની જોગવાઈ અને રાજ્યના આરોગ્ય વિભાગમાં સમાવેશ કરવાની માંગણીઓને લઈને નિયમિત આરોગ્યસંભાળ સેવાઓ ઠપ્પ કરી દીધી. બંધ અંગે ANI સાથે વાત કરતા, ક્લિનિકના હેલ્પર તેજબીરે જણાવ્યું હતું કે જ્યાં સુધી અધિકારીઓ દ્વારા તેમની ચિંતાઓનો ઉકેલ ન આવે ત્યાં સુધી સુવિધાઓ બંધ રહેશે. 'તેઓએ તેમની નોકરીને કાયમી બનાવવાની, તબીબી રજા આપવાની અને વિભાગમાં તેમને સમાવવાની માંગણીઓ સાથે ક્લિનિક બંધ રાખ્યું છે... તેમની માંગણીઓ પૂર્ણ ન થાય ત્યાં સુધી તે બંધ રહેશે,' તેજબીરે કહ્યું. ક્લિનિકના અણધાર્યા બંધ થવાથી સારવાર અને દવાઓ માટે આવતા સ્થાનિક દર્દીઓને નોંધપાત્ર અસુવિધા થઈ. ક્લિનિકની મુલાકાત લેનારા દર્દી સાહિલે વિક્ષેપ અંગે ચિંતા વ્યક્ત કરતા કહ્યું, 'મને કહેવામાં આવ્યું હતું કે હડતાળને કારણે તે 3 દિવસથી બંધ છે... અહીં કામ કરતા લોકો તેમની સ્થિતિને કાયમી બનાવવાની માંગ કરી રહ્યા છે... તબીબી સુવિધાઓ બંધ ન કરવી જોઈએ કારણ કે દર્દીઓને આના કારણે ઘણી સમસ્યાઓનો સામનો કરવો પડે છે...' દરમિયાન, રાષ્ટ્રીય આરોગ્ય મિશન (NHM) કર્મચારીઓએ પણ અમૃતસર સિવિલ સર્જનની ઓફિસની બહાર વિરોધ પ્રદર્શન કર્યું, જેમાં પ્રોત્સાહનોમાં વધારો, રજા દરમિયાન પગારમાં કાપ ન મુકવો અને નોકરીની સુરક્ષા માટે દબાણ કરવામાં આવ્યું.

હાયપરટેન્શનથી ઘણીવાર દર્દી અજાણ હોય છે : પખવાડિયામાં 40,468 દર્દીઓની ચકાસણી કરવાનું એલેમ્બિકનું રેકોર્ડ-બ્રેકિંગ અભિયાન

મુંબઈ : એલેમ્બિક ફાર્માસ્યુટિકલ્સ લિમિટેડે 7 મેથી 20 મે વચ્ચે સમગ્ર ભારતમાં 40,468 દર્દીઓ અને 2,174 ડૉક્ટરો સાથે મોટા પાયે બ્લેડ પ્રેશર (BP) સ્ક્રીનિંગ અભિયાન હાથ ધર્યું હતું. આ અભિયાન અંતર્ગત "એક પખવાડિયામાં બ્લડ પ્રેશર માટે સૌથી વધુ દર્દીઓની ચકાસણી"નો રેકોર્ડ કરવા માટે કંપનીને એશિયા બુક ઓફ રેકોર્ડ્સમાં સ્થાન મળ્યું છે.વહેલાસર ચકાસણીને પ્રોત્સાહન આપવા હાયપરટેન્શન સાથે સંબંધિત જોખમો વિશે જાગૃતિ વધારવા અને નિયમિત રીતે બ્લડ પ્રેશરની ચકાસણી કરવા લોકોમાં જાગૃતિ આવે એ ઉદ્દેશ સાથે શરૂ થયેલું આ અભિયાન કાર્ડિયોવાસ્ક્યુલર, કિડની અને પાચન સાથે સંબંધિત સ્વાસ્થ્ય પર એલેમ્બિક ફાર્માસ્યુટિકલ લિમિટેડની બહોળી કામગીરીનો એક ભાગ છે. આ મુદ્દા પર કંપનીની મુંબઈમાં આયોજિત ટ્રાયડ સીમ્પોઝિયામાં વધારે વિગતવાર ચર્ચા થઈ હતી. આ પ્લેટફોર્મ પર કાર્ડિયોલોજિસ્ટ, નેફ્રોલોજિસ્ટ, એન્ડોક્રાઇનોલોજિસ્ટ અને ફિઝિશિયન એકમંચ પર આવ્યા હતા, જેમણે કાર્ડિયોવાસ્ક્યુલર, કિડની અને પાચન સાથે સંબંધિત સ્વાસ્થ્યની બદલાતી રીતો પર ચર્ચા કરી હતી.

ક્રાઈમ બ્રાન્ચનો દેશવ્યાપી પર્દાફાશ | 7 રાજ્યોમાં નેટવર્ક, 9 કરોડનું રેકેટ અને 17 દલાલોની ધરપકડ

કેન્સર સારવારના રૂ. 1 લાખના ઈંજેક્શનમાં માત્ર પાણી

(એજન્સી) નવી દિલ્હી | તા.26

દિલ્હી પોલીસે કેન્સરની નકલી દવાઓનું 9 કરોડનું મોટું રેકેટ ઝડપ્યું છે. ક્રાઈમ બ્રાન્ચે 7 રાજ્યોમાં દરોડા પાડી 17 આરોપીઓની ધરપકડ કરી છે. દર્દીઓને લાખ રૂપિયામાં અપાતા 'એવાલુમૅબ' ઈન્જેક્શનમાં પાણી હતું. રાજસ્થાન સરકારની મફત દવાઓ પણ બ્લેક માર્કેટમાં વેચાતી હતી. આ નેટવર્ક દિલ્હી, મુંબઈ, હૈદરાબાદ સહિત અનેક શહેરોમાં ફેલાયેલું હતું. પોલીસે 50 લાખ રોકડા અને મોટી માત્રામાં દવાઓ જપ્ત કરી છે. દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચની તપાસમાં કેન્સરની મોંઘી દવાઓની કાળાબજારી અને નકલી દવાઓ વેચવાના એક મોટા રેકેટનો પર્દાફાશ થયો છે. દર્દીઓ દિલ્હીના બ્લેક માર્કેટમાંથી જે 'એવાલુમૅબ' (Avelumab) ઈંજેક્શન આશરે એક-એક લાખ

રૂપિયામાં ખરીદી રહ્યા હતા, તેમાં દવાની જગ્યાએ માત્ર પાણી ભરેલું હતું. ઉત્પાદક કંપની દ્વારા જર્મનીની 'મર્ક લેબ'માં તપાસ કરાવતા સામે આવ્યું કે આ ઈંજેક્શનમાં કેન્સર સામે લડતો મૂળ ઘટક (ઈંગ્રીડિયન્ટ) બિલકુલ ગાયબ હતો. આ સિવાય રાજસ્થાન સરકારની યોજના હેઠળ કેન્સરના દર્દીઓ માટે મફત અપાતી સરકારી દવાઓ પણ ગેરકાયદેસર રીતે બ્લેક માર્કેટમાં વેચાઈ રહી હોવાનો ખુલાસો થયો છે.ક્રાઈમ બ્રાન્ચે 20 ઓગસ્ટના રોજ દેશના 7 રાજ્યોમાં ફેલાયેલા આશરે 9 કરોડ રૂપિયાના આ નેટવર્ક પર દરોડા પાડ્યા હતા. આ કૌભાંડમાં સામેલ 17 આરોપીઓની અટકાયત કરવામાં આવી છે. દરોડા દરમિયાન પોલીસને 588 ભરેલા એન્ટી-કેન્સર વાયલ (શીશીઓ), 6 ખાલી વાયલ, 7 ખાલી બોક્સ, અન્ય દવાઓના 3021 યુનિટ અને રૂ. 50 લાખની રોકડ રકમ મળી આવી છે. આ દરોડામાં ડાર્જાલેક્સ, ઈમફિંજી, એરબિટક્સ, ઓપડાઈટા, કીટ્રૂડા જેવી અત્યંત મોંઘી કેન્સરની દવાઓ જપ્ત કરવામાં આવી છે. આ ગેંગનું નેટવર્ક દિલ્હી-NCR, મુંબઈ, હૈદરાબાદ, હરિયાણા અને ઉત્તર પ્રદેશ સુધી ફેલાયેલું હતું.ત્રણ રસ્તેથી આવતી દવાઓ અને રીપેકિંગનો કાળો ખેલપોલીસ તપાસ અનુસાર, આ સિન્ડિકેટ સુધી દવાઓ પહોંચાડવાના મુખ્ય ત્રણ રસ્તા હતા:ગેરકાયદેસર સ્ત્રોતોમાંથી ખરીદાયેલી બનાવટી (નકલી) દવાઓ. હોસ્પિટલોમાંથી કેન્સરના દર્દીઓ માટે રાખવામાં આવેલી દવાઓની ચોરી અથવા હેરાફેરી.સરકારી સંસ્થાઓ અને ગોડાઉનોમાંથી સરકારી સપ્લાયની દવાઓ બહાર કાઢવી.આ દવાઓને કોઈ પણ કાયદેસરના બિલ, લાયસન્સ કે ખરીદ રેકોર્ડ વગર ઘરોમાં રાખવામાં આવતી હતી. જૂના અને અસલી બોક્સ પરથી કલર અથવા એસીટોન જેવા કેમિકલથી જૂનો બેચ નંબર અને MRP ભૂંસી નાખી નવું પેકિંગ તૈયાર કરવામાં આવતું હતું.ડૉ. મનીષ શર્માની ધરપકડ અને દેશવ્યાપી તપાસઆ રેકેટમાં નોઈડા, ગુરુગ્રામ, ગાઝિયાબાદ, ઝજ્જર, ફરીદાબાદ, મુંબઈ અને હૈદરાબાદના લોકો પણ સામેલ હતા. આરોપી ડૉ. મનીષ શર્માની ધરપકડ બાદ હવે પોલીસનું ધ્યાન એ

સિટી એકસપ્રેસ

THURSDAY 27 AUGUST-2026

AHMEDABAD

બુટલેગર સાથે લાખોની 'ડીલ' કરતો કોન્સ્ટેબલ સસ્પેન્ડ

અમદાવાદ | અમદાવાદ શહેરના નરોડા પોલીસ સ્ટેશનમાં વિદેશી દારૂના કેસમાં લિસ્ટેડ બુટલેગર પાસેથી લાખો રૂપિયાની તોડબાજી અને સેટલમેન્ટનો ઓડિયો વાયરલ થયાના ગુજરાત સમાચાર ડિજિટલના અહેવાલ બાદ ઉચ્ચ પોલીસ તંત્ર તાત્કાલિક એક્શન મોડમાં આવી ગયું છે. બુટલેગર સાથે ખુલ્લેઆમ વહીવટ કરી ઉપરી અધિકારીઓના નામે પૈસા માંગનાર નરોડા પોલીસ સ્ટેશનના ડી-સ્ટાફના અનાર્મ્ડ પોલીસ કોન્સ્ટેબલ જનકભાઈ પુંજાભાઈ (બકલ નંબર 4606)ને પોલીસ કમિશનરના આદેશથી તાત્કાલિક અસરથી સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.

સસ્પેન્ડેડ CFO અમિત ડોંગરે અને વહીવટદારને મોટો ઝટકો

અમદાવાદ | અમદાવાદ મહાનગરપાલિકાના ફાયર વિભાગમાં લાંચ લેવાના ચકચારી પ્રકરણમાં સંડોવાયેલા ચીફ ફાયર ઓફિસર (CFO) અમિતકુમાર આનંદરાવ ડોંગરે અને તેમના વહીવટદાર ભાવસિંહ ઝાલાની મુશ્કેલીઓમાં મોટો વધારો થયો છે. સ્પેશિયલ ACB કોર્ટ દ્વારા આ બંને આરોપીઓની રેગ્યુલર જામીન અરજી પર સુનાવણી હાથ ધરીને તેને સત્તાવાર રીતે ફગાવી દેવામાં આવી છે. ઓગસ્ટ 2026 દરમિયાન શહેરમાં આવેલી 6 જેટલી અલગ-અલગ બિલ્ડિંગો માટે ફાયર NOC મંજૂર કરવાના બદલામાં ચીફ ફાયર ઓફિસર દ્વારા રૂ. 36,000 ની ગેરકાયદેસર લાંચ માંગવામાં આવી હતી.

તો ગુજરાતની હાલત બગડશે, બે જિલ્લાના લોકો ફફડ્યા

17 જિલ્લામાં વરસાદની ડરામણી સ્થિતિ,આપવીતી જણાવતા મહિલા ખેડૂત રડી પડ્યા

અમદાવાદ | ગુજરાતમાં ચોમસાનું આગમન થયાને 63 દિવસ વિતી ચૂક્યા છે. તેમ છતા 17 જિલ્લામાં હજી પણ 3 થી લઈ 87 ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે. સૌથી ખરાબ હાલત દેવભૂમિ દ્વારકા, જામનગર, પોરબંદર અને કચ્છની છે.

જ્યારે ખેડૂતોની સ્થિતિ જાણવા પહોંચ્યુ તો ખેતરોમાં ઉભા પાક મૂરઝાતા અને કૂવા તળિયાઝાટક જોવા મળ્યા. ખેડૂતો આપવીતી જણાવતા રડી પડ્યા અને કહ્યું- ખેડૂતોને કંઈ ઉપજ થાય તેમ ન હોવાના કારણે હવે તો કોઈ ઉધારમાં માલ પણ નથી આપતું. ખેડૂતોને પોતાની સાથે સાથે પશુઓના ઘાસચારાની પણ ચિંતા સતાવા લાગી છે. ચોમાસાના બાકી રહેલા દિવસોમાં પણ જો વરસાદ ન વરસે તો ખેડૂતોની આવક પર આધારિત ગ્રામીણ અર્થતંત્રને પણ માઠી અસર પડી શકે. મગફળી સહિતના ઉત્પાદનમાં ઘટાડો થાય તો તેલ સહિતના ભાવમાં વધારો પણ થઈ શકે.

સૌરાષ્ટ્ર-કચ્છ અને ઉત્તર ગુજરાતના ડેમમાં હજી પણ 50 ટકા કરતા ઓછો જળસંગ્રહ થયો હોય જો વરસાદ ન આવે તો આગામી દિવસોમાં આ જિલ્લાઓમાં પીવાના પાણીનો પ્રશ્ન પણ ઉભો થવાની ભીતિ છે.

રાજ્યમાં સિઝનનો 75 ટકા વરસાદ વરસી ગયો. દક્ષિણ ગુજરાતના જિલ્લાઓ જળબંબોળ થયા પણ સૌરાષ્ટ્રના કેટલાક જિલ્લાઓમાં હજી પણ નોંધપાત્ર વરસાદની રાહ છે. દેવભૂમિ દ્વારકા જિલ્લામાં તો આખી સિઝનમાં માત્ર 2 ઈંચ જ વરસાદ વરસ્યો છે. અહીં સરેરાશની સામે 87 ટકા વરસાદની ઘટ વર્તાઈ રહી છે.

ચોમાસાની શરૂઆતમાં સારો વરસાદ થતા ખેડૂતોએ હોંશેહોંશે વાવણી કરી દીધી. પરંતુ, હવે જ્યારે મૂરઝાતા પાકને પાણીની તાતી જરૂરિયાત છે ત્યારે વરસાદ છે નહીં અને કૂવાના તળિયા આવી ગયા છે. દેવભૂમિ દ્વારકા જિલ્લાના ખેડૂતોએ કહ્યું- વિઘા દીઠ કરેલો રૂપિયા 10 થી 20 હજારનો ખર્ચ માથે પડ્યો છે. ખેડૂતોને કંઈ ઉપજ થાય તેમ ન હોય હવે કોઈ ઉધાર માલ પણ આપતું નથી. જૂનાગઢ અને જસદણના ખેડૂતોએ પણ સરકાર પાસે મદદની માગ કરી છે. દક્ષિણ ગુજરાત અને મધ્ય ગુજરાત સહિતના 16 જિલ્લાઓમાં અત્યાર સુધીમાં નોંધપાત્ર વરસાદ વરસી જતા અહીં ચિંતાની સ્થિતિ નથી. સૌરાષ્ટ્રમાં જ્યાં 50 ટકાથી વધુ ઘટ વર્તાઈ રહી છે. તેની સામે દક્ષિણ ગુજરાતમાં જરુર કરતા 30 થી 60 ટકા વધુ વરસાદ વરસી ચૂક્યો છે. ગુજરાતમાં આ સિઝનમાં સૌથી હાઈએસ્ટ વલસાડમાં 108 ઈંચ વરસાદ વરસ્યો. તેની સામે દેવભૂમિ દ્વારકામાં 108 મિમી પણ નથી વરસ્યો.

દક્ષિણ અને મધ્ય ગુજરાતમાં નોંધપાત્ર વરસાદના કારણે રાજ્યના મહત્વના ડેમમાં અત્યાર સુધીમાં 73 ટકા જળસંગ્રહ થઈ ચૂક્યો છે. નર્મદા પણ 85 ટકા ભરાઈ ગયો છે. હજી પણ ચોમાસું બાકી હોય જળસંગ્રહમાં વધારો થવાની આશા છે.

દેવભૂમિ દ્વારકામાં ઓછા વરસાદના કારણે ડેમ પણ તળિયાઝાટક થઈ ગયા છે. જામનગર જિલ્લાના ડેમમાં પણ માત્ર 6.85 ટકા જ જળસંગ્રહ છે. જ્યાં સુધી વરસાદ ન વરસે ત્યાં સુધી આ બંને જિલ્લાની 20 લાખથી વધુની વસતીનો આધાર ભૂગર્ભ જળ અને નર્મદા પર જ રહે તેવી સ્થિતિ છે.

ગુજરાતના મુખ્ય ડેમની સ્થિતિ

જિલ્લો	ડેમ	સ્ટોરેજ કેપેસિટી	વર્તમાન સંગ્રહ	ટકાવારી
નર્મદા	સરદાર સરોવર	9460	8069.2	85.30%
અરવલ્લી	હાથમતી	152.83	98.04	64.15%
અરવલ્લી	વાત્રક	158.2	83.84	53%
બનાસકાંઠા	સિપુ	161.43	7.62	4.72%
બનાસકાંઠા	દાંતીવાડા	397.12	102.46	25.80%
ભાવનગર	શેત્રુંજી	346.48	346.48	100%
છોટાઉદેપુર	સુખી	173.01	149.24	86.26%
જામનગર	ઉંડ-1	69.05	5.66	8.20%
મહેસાણા	ધરોઈ	813.14	424.6	52.22%
મહીસાગર	કડાણા	1249.3	797.89	63.87%
મહીસાગર	પાનમ	578.19	371.03	64.17%
મોરબી	બ્રાહ્મણી	58.33	56.69	97.19%
મોરબી	મચ્છુ-1	68.95	42.48	61.61%
મોરબી	મચ્છુ-2	87.9	67.83	77.17%
નર્મદા	કરજણ	538.75	392.01	72.76%
રાજકોટ	ભાદર	188.14	44.65	23.73%
તાપી	ઉકાઈ	7414.29	5773.12	77.86%
વલસાડ	દમણગંગા	524.86	363.56	69.27%

(આંકડા મિલિયન ક્યુબિક મીટરમાં, 25 ઓગસ્ટ સુધીના)

પાક બચાવવા 7 જિલ્લામાં 8ના બદલે 10 કલાક વીજળી

કૃષિ મંત્રી જીતુ વાઘાણીએ જણાવ્યું કે, ખેડૂતોને પાક બચાવવા પૂરતી વીજળી મળી રહે તે માટે અમરેલી, પોરબંદર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, ગીર સોમનાથ, જામનગર અને કચ્છ જિલ્લામાં 10 કલાક વીજળી આપવાની શરૂઆત કરવામાં આવી છે. જરૂરિયાત મુજબ અન્ય જિલ્લાઓને પણ આ લાભ આપવામાં આવશે.

વરસાદની અછતના કારણે ઊભા પાક સુકાઈ ન જાય તે માટે સૌની યોજના અને સુજલામ-સુફલામ યોજના હેઠળ પાણી આપવાનું ચાલુ રાખ્યું છે. મહી કમાન્ડ વિસ્તારમાં પીવાના પાણીની જરૂરિયાત પણ પૂરી કરવામાં આવી રહી છે. આ ઉપરાંત કડાણા ડેમમાંથી પાણી છોડવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજ્યમાં ઘાસચારાની અછત હોવાની વાતને સરકાર દ્વારા નકારી કાઢવામાં આવી છે.

પાયલટે પ્લેનની જેમ જ પોર્શે ઉડાવી...

અમદાવાદમાં આંખના પલકારામાં લક્ઝુરિયસ કાર નીકળતા લોકો ફફડ્યા; 110 અને 300ની સ્પીડે ગાડી ચલાવતા ગાડી જપ્ત, ચાલકની ધરપકડ

અમદાવાદ | અમદાવાદના રસ્તા જાણે કે રન વે હોય તેમ એક પાયલટ યુવકે લો ગાર્ડન પાસે પૂરઝડપે મોંઘીદાટ પોર્શે કાર 100થી વધુની સ્પીડે દોડાવી હતી. આ કારની રફતારના કારણે બે યુવકોના જીવ બચી ગયા હતા.

અરકાન તિરમિઝી નામનો યુવક જ્યારે પ્લેનની જેમ પોર્શે 'ઉડાવી' નીકળ્યો ત્યારે લોકો ફફડી ઉઠ્યા હતા. આંખના પલકારામાં જ લક્ઝુરિયસ કાર નીકળી જતા અનેક વાહન ચાલકોના જીવ જોખમમાં મૂકાયા હતા.

યુવકોની અરજીના પગલે નવરંગપુરા પોલીસે ફરિયાદ નોંધી કાર જપ્ત કરી ગાંધીનગરના લીંબડીયા ગામના 24 વર્ષીય પાયલટ અરકાન તિરમિઝીની ધરપકડ કરી હતી. સાથે જ 300ની સ્પીડે કાર ચલાવતા વાઇરલ વીડિયો અંગે પણ તપાસ હાથ ધરાઈ છે.

HCG હોસ્પિટલથી લો ગાર્ડન પાસેના રસ્તા પર શ્રેયાંશ નામનો યુવક કામ પતાવી ગાડીમાં જઈ રહ્યો હતો ત્યારે પૂરઝડપે વાયુવેગે એક પોર્શે કાર આવી હતી. આ કારની સ્પીડ એટલી હતી કે તેનાથી શ્રેયાંશનો જીવ માંડ બચી શક્યો હતો. શ્રેયાંશની ગાડીના ડેશ કેમમાં પૂરઝડપે જઈ રહેલી પોર્શે ગાડીનો વીડિયો કેદ થયો હતો જેના આધારે શ્રેયાંશે પોલીસને અરજી આપી હતી.

અરજી આપ્યાના બે દિવસ બાદ વીડિયો વાઇરલ થતા નવરંગપુરા પોલીસે તપાસ શરૂ કરી પોર્શે કારનો નંબર મેળવ્યો હતો. નંબરના આધારે કાર માલિકને પોલીસ સ્ટેશન બોલાવ્યો હતો. કાર માલિક આવતા પોલીસે કાર જપ્ત કરીને કાર ચાલક સામે બેદરકારી પૂર્વક લોકોના જીવ જોખમમાં મુકાય તે અંગેનો ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

આ બનાવ બન્યા બાદ અરજી કરનાર યુવક શ્રેયાંશને કાર ચાલકે સંપર્ક કર્યો હતો. કાર ચાલકે પોતાની ઓળખ પાયલટ તરીકે આપી હતી અને કારની સ્પીડ બનાવ સમયે 110 હોવાની પણ કબૂલાત કરી હતી. કાર ચાલકે અરજી પરત લેવા ખૂબ જ ધમપછાડા કર્યા હતા.

વિશ્વ ઉમિયાધામ મંદિર નિર્માણના કામ માટે ઝારખંડથી આવેલા યુવકો પાસેથી 28 હજાર રોકડા પડાવ્યા

અમદાવાદ | અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન અને એસટી બસ સ્ટેન્ડ પર બહારગામથી આવનારા લોકોને રીક્ષા ચાલકો દ્વારા લૂંટવામાં આવતા હોવાના બનાવો બનતા હોય છે. ત્યારે મૂળ ઝારખંડના રહેવાસી ચાર યુવક અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશનથી જાસપુર વિશ્વ ઉમિયા ધામ જવા નીકળ્યા હતા. આ સમયે રીક્ષા ચાલકે ગીતામંદિર આરોગ્ય ભવન ખાતે લઈ જઈ છરી બતાવી રોકડા રૂપિયા 28 હજાર અને ઓનલાઈન 10 હજાર રૂપિયા પડાવી લીધા હતા. ત્યારબાદ બીજી રિક્ષામાં બેસાડી સાબરમતી રેલવે સ્ટેશન મોકલી દીધા હતા. આ સમગ્ર મામલે ગાયકવાડ હવેલી પોલીસે રિક્ષાચાલક અને તેના સાથી વિરુદ્ધ ગુનો નોંધ્યો છે. તો ક્રાઈમ બ્રાન્ચે બે આરોપીની અટકાયત કરી હોવાનું પણ જાણવા મળ્યું છે.

મૂળ ઝારખંડના બોકારો જિલ્લાના ચંદ્રપુરા ગામનો રહેવાસી વિવેક મહંતો 24 ઓગસ્ટના રોજ અમદાવાદમાં કાલુપુર રેલવે સ્ટેશન ખાતે આવ્યો હતો. વિવેકની સાથે તેના અન્ય ત્રણ મિત્રો પણ આવ્યા હતા. જે તમામે જાસપુરમાં વિશ્વ ઉમિયા ધામ મંદિરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે તેમાં કાર્પેન્ટરનું કામ કરવા જવાનું હતું. સવારના સમયે કાલુપુર

રેલવે સ્ટેશનથી એક રિક્ષામાં વિશ્વ ઉમિયાધામ જવા માટે નીકળ્યા હતા.

રીક્ષા ચાલક તેને બેસાડીને જમાલપુર ગીતામંદિરથી સફળ ટ્રાવેલ્સ નજીક આરોગ્ય ભવનના કમ્પાઉન્ડમાં લઈ ગયો હતો અને ત્યારબાદ તમારા ચારમાંથી ભાડું કોણ આપશે તેમ કહ્યું હતું જેથી વિવેકે કહ્યું હતું કે અમારું ભાડું શેઠ આપશે. આ વાતચીત બાદ રીક્ષા ચાલક ધમકાવી ડરાવીને ત્યાં રિક્ષા મૂકીને જતો રહ્યો હતો. બાદમાં તેના બીજા મિત્રને લઈ આવ્યો હતો. આ સમયે બંનેએ જણાવ્યું હતું કે, તમારી પાસે જે પૈસા હોય આપી દો. પરંતુ મુસાફરોએ કહ્યું કે અમારી પાસે પૈસા નથી.

ઓરડી ભાડે રાખી બુટલેગર નેટવર્ક ચલાવતો હતો

કલોલના નાસ્મેદ ગામમાં પતરાની ઓરડીમાંથી 75 હજારનો વિદેશી દારૂ જપ્ત, સાંતેજ પોલીસની કાર્યવાહી

ગાંધીનગર | કલોલ તાલુકાના નાસ્મેદ ગામમાં સાંતેજ પોલીસ ટીમે ટેકરાવાસ વિસ્તારમાં આવેલા એક મકાનની બાજુમાં પતરાની ઓરડીમાંથી 75 હજારની કિંમતની 276 નંગ વિદેશી દારૂની બોટલો જપ્ત કરી છે. જોકે રેડ દરમિયાન બુટલેગર સ્થળ પર ના મળતા પોલીસે ગુનો નોંધી કાર્યવાહી હાથ ધરી છે.

દિલિપજી ઉર્ફે દિપકજી વરસંગજી ઠાકોરની ઓરડીમાં ખાખી રંગના પૂંઠાના બોક્સ તથા પ્લાસ્ટિકની કોથળીઓમાં વિદેશી દારૂનો જથ્થો છુપાવેલો હતો. આ મામલે સાંતેજ પોલીસ મથકે આરોપી વિરૂદ્ધ પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરાઈ છે.

ભાજપના ધારાસભ્યોના ટ્રાફિક મુદ્દે કમિશનરને ઉપરાઉપરી પ્રશ્નો : રોડ પરની ગેરકાયદે નોનવેજ-ઈંડાની લારીઓ દૂર કરો

અમદાવાદ | અમદાવાદના ધારાસભ્યો-સાંસદ સભ્યોની શહેર પોલીસ કમિશનર અને ઉચ્ચ પોલીસ અધિકારીઓ સાથે ગઈકાલે(25 ઓગસ્ટ) સંકલન સમિતિની બેઠક મળી હતી. ગેરકાદેસર દબાણ અને પાર્કિંગથી ટ્રાફિકની સમસ્યા, કાલુપુર વિસ્તારમાં રેવડી બજાર પાસે ચાલતી કેટલીક શંકાસ્પદ પ્રવૃત્તિઓ અને માધુપુરા તેમજ દરીયાપુર વિસ્તારમાં રોડ પર ટ્રાફિક સમસ્યા સર્જાતી ગેરકાયદેસર નોનવેજ અને ઈંડાની લારીઓને દૂર કરવા માટેની રજૂઆત કરવામાં આવી હતી.

પોલીસ કમિશનર ઓફિસ ખાતે કમિશનર અનુપમસિંહ ગહેલોતની આગેવાનીમાં તમામ જેસીપી, ડીસીપી અને ટ્રાફિકના ઉચ્ચ પોલીસ પોલીસ અધિકારીઓ સાથે ધારાસભ્યોને સાંસદ સભ્યોની બેઠકમાં મુદ્દાઓ ચર્ચાયા હતા. ખાસ કરીને ટ્રાફિકની સમસ્યા મુદ્દે ધારાસભ્યોએ વધુ રજૂઆત કરી હતી. કેટલીક જગ્યાએ ગેરકાયદેસર પ્રવૃત્તિઓ ચાલે છે તેને પણ દૂર કરવા માટે તેમજ પોલીસ દ્વારા કેટલીક જગ્યાએ કરવામાં આવેલી કામગીરીની સરાહના પણ કરી હતી.

દરીયાપુર વિધાનસભાના ભાજપના ધારાસભ્ય

કૌશિક જૈને રજૂઆત કરી હતી કે, માધુપુરા વિસ્તારમાં દરિયાખાન ઘુમ્મટ પાસે ગેરકાયદેસર નોનવેજ અને ઈંડાની લારીઓ ઉભી રહેતી હોય છે. ત્યારે સંલગ્ન વિભાગ સાથે સંકલન કરી અને તેને દૂર કરવા માટેની રજૂઆત કરવામાં આવી હતી. કાલુપુર દરવાજાથી લઈને પ્રેમ દરવાજા સુધી ફ્રુટ માર્કેટ આવેલું છે ત્યાં પણ રોડ ઉપર બંને તરફ ગેરકાયદેસર લારીઓના દબાણો થયેલા છે અને રોડ પર પાર્કિંગ કરવામાં આવે છે. જેના કારણે ટ્રાફિકની સમસ્યા થતી હોવાથી ત્યાં દબાણો દૂર કરવા માટેની રજૂઆત કરવામાં આવી છે. મિર્ઝાપુર ત્રણ ખૂણિયા બગીચા નજીક આવેલા પાતાળિયા હનુમાન મંદિરની આસપાસ વાહનોના સર્વિસ સ્ટેશનો હોય છે, જેના કારણે ત્યાં વાહનો ઉભા રહેવાથી ટ્રાફિક થતી હોવાની રજૂઆત કરી હતી. શાહપુર વિસ્તારમાં સરકારી એ કોલોનીથી લઈને રિવરફ્રન્ટ સુધીના રોડ ઉપર બિન ઉપયોગી બંધ વાહનો પડી રહે છે, જેથી રોડ પર અવરોધ ઊભો થાય છે અને અસામાજિક પ્રવૃત્તિઓ પણ થતી હોય ત્યારે તેને દૂર કરવા જણાવ્યું હતું.

અમિત ઠાકરે રજૂઆત કરી હતી કે, વેજલપુર બુટ ભવાની મંદિર પાસે બ્રિજની કામગીરી ચાલી રહી છે અને ફાટક બંધ કરવામાં આવનાર છે ત્યારે તેનો વૈકલ્પિક માર્ગ શોધવા માટે યોગ્ય ડાયવર્ઝન અને પોલીસ અથવા ટ્રાફિક બ્રિગેડની ટીમ ઉપસ્થિત રાખી ટ્રાફિકનું સંકલન કરવા કરવામાં. સ્થાનિક પોલીસ મથકમાં શાંતિ સમિતિની ટીમ બદલવા માટે પણ રજૂઆત કરવામાં આવી હતી. જુહાપુરામાં અલબુર્ઝ ચાર રસ્તા પાસે સરખેજ પોલીસ સ્ટેશન બનાવવામાં આવનાર છે. જેની પણ કામગીરી ઝડપી કરવા માટે તેમણે રજૂઆત કરી હતી. જ્યાં વધારે ટ્રાફિક થાય છે.

અમદાવાદ મંડળના DRM વેદ પ્રકાશની 'ઝીરો ટૉલરન્સ' નીતિ હેઠળ રેલવે ફૂડ વિજિલન્સ ફોર્સ (RFVF) નું ઓચિંતુ નિરીક્ષણ

પશ્ચિમ રેલવે | અમદાવાદ

પશ્ચિમ રેલવેના અમદાવાદ મંડળમાં યાત્રીઓને શુદ્ધ, સ્વચ્છ અને ઉચ્ચ ગુણવત્તાયુક્ત ભોજન ઉપલબ્ધ કરાવવાના હેતુથી 'ઝીરો ટોલરન્સ' નીતિ પર કડક અમલ કરવામાં આવી રહ્યો છે. મંડળ રેલ પ્રબંધક (DRM) શ્રી વેદ પ્રકાશ દ્વારા રચિત વિશેષ ટીમ રેલવે ફૂડ વિજિલન્સ ટીમના રેલવે અધિકારીઓની ટીમ દ્વારા ખોરાકનો પુરવઠો પૂરો પાડતા 15 સ્થળો પર બેઝ કિચન અને કેટરિંગ સંસ્થાઓની એકસાથે ઊંડાણપૂર્વક ઓચિંતી તપાસ કરવામાં આવી. નિરીક્ષણ દરમિયાન ખાદ્ય સુરક્ષા, સાફ-સફાઈ, સ્વચ્છતા અને ધોરણોમાં બેકાળજી દાખવવા બદલ કડક કાર્યવાહી કરવામાં આવી. રેલવે વહીવટીતંત્રે આ અંગે કડક પગલાં લેતા દોષિત સેવા પ્રદાતાઓને ભારે દંડ કર્યો છે અને એક યુનિટને તો બંધ પણ કરાવવામાં આવ્યું. નિરીક્ષણ દરમિયાન મળી આવેલી અનિયમિતતાઓ અને કરવામાં આવેલી કાર્યવાહીની વિગતો નીચે મુજબ છે:ડબ્બા બજાર સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં ખુલ્લા અને સીલ વગરના મસાલા, ખરાબ શાકભાજી, ખરાબ ફ્રીઝરનો ઉપયોગ, FIFO સિસ્ટમનું પાલન ન કરવું, અત્યંત અસ્વચ્છ કિચન, યોગ્ય યુનિફોર્મ અને સુરક્ષા ઉપકરણોનો અભાવ, ખાદ્ય સામગ્રી ખુલ્લામાં રાખવી તેમજ જરૂરી રેકોર્ડની જાળવણી ન કરવી જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.5 લાખનો દંડ કરવામાં આવ્યો અને યુનિટને સ્થળ પર જ બંધ કરી દેવામાં આવ્યું. ધર્મ નગર, સાબરમતી, અમદાવાદ બેઝ કિચનમાં ખરાબ ફ્લાયકેચર, સડેલા બટાકા, વોશિંગ લિક્વિડનો અભાવ અને ક્ષતિગ્રસ્ત ગટરની જાળી જેવી ખામીઓ મળી આવી અને રૂ.5 લાખનો દંડ કરવામાં આવ્યો. સરસપુર, અમદાવાદ બેઝ કિચનના મામલામાં બેઝ કિચનનો ઉપયોગ ન કરવા અને અન્ય સ્થળેથી ખોરાકની આપૂર્તિ કરવાની સ્થિતિ મળી આવી, જેના પર રૂ.5 લાખનો દંડ કરવામાં આવ્યો. વિષ્ણુ એસ્ટેટ, ગુજરાત યુનિવર્સિટી પાસે, અમદાવાદ બેઝ કિચનમાં સડેલા બટાકા, FIFO સિસ્ટમનું પાલન ન કરવું, બેઝ કિચનમાં માખીઓની હાજરી, અસંતોષકારક સ્વચ્છતા, યોગ્ય એક્ઝોસ્ટ ડક્ટનો અભાવ, કાચીપાકી રોટલીઓ, ખુલ્લા અને સીલ વગરના મસાલા તેમજ રસોઈના તાપમાનનો રેકોર્ડ ન રાખવા જેવી ખામીઓ મળી આવી. આના પર રૂ.5 લાખનો દંડ કરવામાં આવ્યો. વોરા ના રોઝા, સરસપુર, અમદાવાદના બેઝ કિચનમાં મંજૂર થયેલ વેન્ડર લિસ્ટ અને FIFO સિસ્ટમનો અભાવ, યોગ્ય વેન્ટિલેશનનો અભાવ, અસંતોષકારક સ્વચ્છતા અને એક્સપાયરી ડેટ વિતી ગયેલી ઘણી ખાદ્ય સામગ્રી સ્ટોકમાં લેવાયેલી જોવા મળી. આ ખામીઓને ધ્યાનમાં રાખીને રૂ.10 લાખનો દંડ કરવામાં આવ્યો.આ ઉપરાંત સપના નગર કોલોની, ગાંધીધામ અને રામબાગ રોડ, આદિપુર, ગાંધીધામ પર બેઝ કિચન બંધ જોવા મળવાને કારણે અનુક્રમે રૂ.1 લાખનો દંડ કરવામાં આવ્યો.

હાઈકોર્ટમાં કચ્છથી બે હેબિયસ કૉર્પસ:લિવ ઈન પાર્ટનરને પોલીસ ઉપાડી ગઈ તો યુવકે અરજી કરી

અમદાવાદ | ગુજરાત હાઈકોર્ટમાં કચ્છથી બે હેબિયસ કૉર્પસ અરજી દાખલ કરવામાં આવી છે. જેમાં પ્રથમ અરજી એક 38 વર્ષીય મહિલાએ દાખલ કરી છે. તેણે જણાવ્યું છે કે, તેના બીજા લગ્નથી તેને 6 બાળક થયા હતા. જેઓ તેની સાવકી દીકરી એટલે કે પતિના પહેલા લગ્નથી થયેલી દીકરીના કબજામાં છે. તેના પતિનું અવસાન થઈ ચૂક્યું છે અને તેની 24 વર્ષીય સાવકી દીકરીએ તેની મરજી વિરુદ્ધ અન્ય ધર્મના યુવક સાથે પ્રેમ લગ્ન કરી લીધા છે. તેની સામે તેને વાંધો નથી, પરંતુ અરજદારને સાથે રાખવાનું વચન આપી સાવકી દીકરીએ પોતાના પિતાની પ્રોપર્ટી વેચી કાઢી હતી અને હવે અરજદાર સાવકી માતાને સાથે રાખવા તૈયાર

નથી. વળી અરજદાર મહિલાના બાળકો પણ સાવકી દીકરી સોંપવા તૈયાર નથી. હાઈકોર્ટે આ મુદ્દે પક્ષકારોને નોટિસ પાઠવીને 08 સપ્ટેમ્બરે વધુ સુનાવણી રાખી છે.

બીજી એક અરજી એક યુવક દ્વારા દાખલ કરવામાં આવી હતી. જેમાં જણાવવામાં આવ્યું હતું કે, તેની અન્ય ધર્મની લિવ ઈન સ્ત્રી પાર્ટનરને પોલીસ જબરજસ્તી ઉપાડીને લઈ ગઈ છે અને તે 8 મહિનાની ગર્ભવતી છે. મહિલાને નારી ગૃહમાં રાખવામાં આવી હતી. ડોક્ટરની સલાહ મુજબ તેની લાંબી મુસાફરી કરવી હિતાવહ ન હોવાથી, તેને વર્ચ્યુઅલી કોર્ટ સમક્ષ રજૂ કરવામાં આવી હતી. જેમાં તેણે અરજદાર સાથે રહેવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. કોર્ટે યુવતીને સુરક્ષિત રીતે તેના લિવ ઈન પાર્ટનર સાથે મોકલી આપવા પોલીસને હુકમ કર્યો છે.